# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

## મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At. : Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-ઓગષ્ટ-૨૦૦૫**

જમાદીઉલ આખર-રજ્જબુલ મુરજ્જબ

હિજરી સન : ૧૪૨૬

વર્ષ : ૦૨ અંક : ૦૮, સળંગ અંક : ૨૦



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

Email User ID : islamic@sancharnet.in


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## મનકબત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

**અઝ : "ગનીમત" જ્યુબેલીવાલા બાલાસિનોરી**

ખ્વાજએ અજમેર કા, સારા ઘરના નૂર હય
અઝ તુફૈલે ચિશ્તિયા, સારા ઝમાના નૂર હય

ઉર્સ ખ્વાજા સંજરી કા, મો'મિનો આયા બાલો
આજ ઈદે ચિશ્તિયા હય, ક્યા સુહાના નૂર હય

દેખ લો તારીખ વલિયોં કી, નિગાહે શોક઼ સે
ખ્વાજએ અજમેર કા પળહ લો, ફસાના નૂર હય

સીમો ઝર, યાકૂતો, ગૌહર, કી કોઈ કીમત નહીં
ખ્વાજએ અજમેર કા, દેખો ખઝાના નૂર હય

ઝાએરીં દરબારે અક઼દસમેં ચલો તુમ સર કે બલ
સંજરી ખ્વાજા પિયા કા, આસ્તાના નૂર હય

હોતે હંય દીદાર સે ઉશ્શાક, ઉનકે ફયઝયાબ
દેખ લો ખ્વાજા કા જલ્વા, ગાએબાના નૂર હય

હર વલી હય પરતવે, હુસ્ને જમાલે મુસ્તફા
ખ્વાજા કા લેકીન અનોખા, ઔર સુહાના નૂર હય

દેગ મેં પક કર જો બટતી હય, નિયાઝે ચિશ્તિયા
ઝાએરીં કે વાસ્તે હર, આબો દાના નૂર હય

અય **'ગનીમત'** હર હક઼ીક઼ત, હય યેહ નિસ્બત અસર
શાને ખ્વાજા મેં રકમ કરદા, તરાના નૂર હય


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


**નોંધ :** ગ્રાહક નંબર.................... આપનું લવાજમ તા. ..............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૮૨૪૪૮૬૪૪૩

# બરકાતે ખ્વાજા *(માસિક)* ઓગષ્ટ-૨૦૦૫

**★ વર્ષ : ૦૨ ★ અંક : ૦૮ ★ સળંગ અંક : ૨૦**


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ : વર્તમાન મીડિયાની અવિ□સનીયતા તથા નાઈન્સાફી!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૧ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૩ |
| ૦૫. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૧૫ |
| ૦૬. | ઈસ્લામમાં ઈખ્લાસનું મહત્વ અને આપણા બુઝુર્ગો | **અઝ** : જનાબ મુહમ્મદ મુનવ્વર રઝા<br>*(મુતઅલ્લિમ દારુલ ઉલૂમ મિસ્કિનિયા-ધોરાજી)* | ૧૮ |
| ૦૭. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૧ |
| ૦૮. | સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ | **અઝ** : ઈમ્તિયાઝ દાઊદ બાલા-કિલ્લાપારડી | ૨૨ |
| ૦૯. | દાઢી મૂંડાઓ માટે બોધદાયક પ્રસંગો | **કાર્યાલય** | ૨૫ |
| ૧૦. | ઈમરાના પતિ તથા સસરા બંનેવ માટે હરામ !! | **અઝ** : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી<br>**અનુવાદક** : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી | ૨૮ |
| ૧૧. | મુનાઝરાનો આંખે દેખ્યો હાલ | **અઝ** : મૌલાના મુહમ્મદ સાબિર રઝા મિસ્બાહી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી | ૩૩ |
| ૧૨. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૩૯ |
| ૧૩. | અઝવાજે મુતહ્હરાત | **અઝ** : હઝરત મુફતી હારૂન રશીદ અમજદી કંબોલ્વી | ૪૦ |
| ૧૪. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૩ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૫ |
| ૧૬. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |


**નોંધ : સ્થળ સંકોચને કારણે લેખમાળા "ઈસ્લામ અને આધુનિક શોધો" તથા "ફતવા વિભાગ"નો આ અંકમાં સમાવેશ કર્યો નથી, આવતા અંકથી રાબેતા મુજબ ચાલશે. (ઈન્શાઅલ્લાહ !)**

# વર્તમાન મીડિયાની અવિ□સનીયતા તથા નાઈન્સાફી !



તંત્રી લેખ

ઈસ્લામ કી ફિતરતમેં કુદરતને લચક દી હૈ
જિત્ના હી દબાઓગે ઉત્ના હી યે ઉભરેગા

છેલ્લા થોડાક સમયથી વર્તમાનપત્રો તેમજ ટી.વી. ચેનલોવાળા વગેરે સર્વ મીડિયાવાળા જાણે હરિફાઈમાં ઉતર્યા હોય તેમ મુસલમાનને તેમજ ઈસ્લામને નીચો પાડવાના હેતુસર એવા એવા સમાચારો ચગવી રહ્યા છે કે જાણે તેમનો હેતુ છે કે લોકો સ્વીકારી લે કે બસ ! કોઈ મુસલમાન સારો જ નથી ! અને ઈસ્લામ કોઈ સારી તા'લીમ ન આપતો હોય તેમ લોકોને ભડકાવી જાણે એવું ચાહે છે કે ઈસ્લામની નજીક પણ કોઈ ન ફરકે અને જેઓ મુસ્લિમ છે તેઓ પણ ઈસ્લામમાંથી નીકળી જાય ! મુસલમાન નામધારી વ્યક્તિ જો કાંઈ અજૂગતુ કરે તો મોટા મોટા હેડીંગો સાથે વર્તમાનપત્રો કાળાં થઈ જાય છે અને ટી.વી.વાળા ટીંગાટોળી તથા હોબાળો કરવા મંડી પડે છે.

ફક્ત ગુજરાતના જ અખ્બારોની વાત કરીએ તો સરેરાશ દર રોજ ત્રણથી ચાર સમાચાર તાજા બનતા બળાત્કારના, ભગાડી જવાના કે ભાગી જવાના બનાવોના હોય છે, દહેજના વાંકે સળગાવી દેવાના કે સળગી મરવાના કે ઝેર પીને કે ગમે તે રીતે આત્મહત્યાના બનતા હોય છે. સસરા થકી વહુના પર બળાત્કાર, દિયર થકી ભાભી પર બળાત્કાર, પિતા પુત્રી સાથે કુકર્મ કરે, તો ક્યાંક સાધુ સંત થકી વ્યભિચાર કે બાળકો સાથે સૃષ્ટિ વિરૂધ્ધનાં કૃત્યો થાય છે. પણ તેનો કોઈ ખાસ હોબાળો જોવા મળતો નથી, ન કહેવાતા બુદ્ધિજીવીઓ એના માટે કાંઈ નિવેદનો બહાર પાડે છે. પણ જો એમાં કોઈ મુસ્લિમ નામ હશે તો વાતને મીઠુ મરચુ ભભરાવીને કાગનો વાઘ બનાવીને, રાઈનો પર્વત બનાવીને પબ્લિક સમક્ષ લાવવામાં જ નહીં આવે, બલ્કે આખા જગતને જાણે સ્તબ્ધ કરી દેવા સતત કાગારોળ મચાવવામાં આવશે !

**ઈસ્લામ** એ **"વિ□શાંતિનો જામિન"** મઝહબ છે, કોઈપણ જુલ્મ કે નાહક ખૂનને, માનવ જાતને નાહક સતાવવા કે તકલીફ આપવાને તથા વ્યભિચાર કે બળાત્કારને સખતથી સખત ગુનાહનું કામ તથા મહાન જુર્મ ઠરાવે છે અને એના માટે જે સજાઓ ઈસ્લામમાં છે તે ક્યાંય નથી. ઈસ્લામ અમ્નો શાંતિની તા'લીમ આપે છે. ત્રાસવાદ કે નાહક લડાઈ ઝઘડાને અહીં કોઈ સ્થાન જ નથી. છતાંય મુટ્ઠીભર મુસ્લિમ કહેવાતા તત્વો જો એવું કોઈ ગલત પગલુ ભરશે તો સમસ્ત મુસ્લિમ સમાજ

તેમજ ઈસ્લામની વિરૂધ્ધ કુપ્રચાર તથા પ્રોપેગન્ડો વહેતો થઈ જાય છે ! અમો એક સાચા મુસ્લિમની હેસિયતથી એવા દરેક માનવ જાતને નાહકની ઈજા પહોંચાડતા કૃત્યને વખોડીએ છીએ તથા દરેક આંતકી કૃત્યની આલોચના કરીએ છીએ. ઈસ્લામ હરગિઝ એવાં કામોની ઈજાઝત નથી આપતો. અયોધ્યામાં બાબરી મસ્જિદ શહીદ કરનારાં તત્વોને પણ અમે વખોડીએ છીએ અને અત્યારે જે ત્રાસવાદના બનાવો બન્યા તેને પણ અમે ધૃણાની નજરથી જોઈએ છીએ અને વખોડી કાઢીએ છીએ. જુલ્મ કોઈ પણ કરે ચાહે તે લંડનમાં હોય કે અમેરિકામાં, નેપાળમાં કે શ્રીલંકામાં હોય, ઈરાકમાં હોય કે પેલેસ્ટાઈનમાં, અરબમાં હોય કે ઈઝરાઈલમાં, અફઘાનમાં કે ઈન્ડિયાના વિવિધ રાજ્યો આસામમાં હોય કે ગુજરાતમાં હોય તેને અમો વખોડીએ છીએ, કેમ કે ઈસ્લામે આ કાનૂનો અતા કર્યા છે :–

"તમામ મખ્લૂક અલ્લાહની અયાલ છે અને તમામ મખ્લૂકમાં ખુદાનો સૌથી અધિક પ્યારો તે છે જે તેના કુટુંબને વધુ લાભ પહોંચાડે." *(તિબ્રાની બહવાલા ફયૂઝુલ કદીર)*

સહીહ મુસ્લિમ કિતાબુલ અતક, (પેજ : ૧૬)માં છે :– "સર્વ લોકો એક કુટુંબી છે."

એટલા માટે ઈસ્લામે આ કાનૂનો અતા ફર્માવ્યા છે :–

**૧.** વિના વાંકે કોઈ માણસને તકલીફ આપવામાં ન આવે અને કોઈના જાન માલને નુકસાન પહોંચાડવામાં ન આવે.

**૨.** કોઈ શરઈ જાઈઝ હુકમ વિના કોઈની સાથે કડકાઈપૂર્ણ વાતચીત તથા કટુવાણીથી ન બોલવામાં આવે, ન કોઈની બેઈજ્જતી કરવામાં આવે.

**૩.** દરેક માનવને મુસીબત, પરેશાની, બીમારી, ભૂખ, તરસ તથા આકસ્મિત આફતમાં મદદ કરવામાં આવશે.

**૪.** શરઈ સજાઓ તથા જંગોના જાઈઝ હોવા સિવાય કોઈ પણ સંજોગોમાં કોઈને કોઈ જાતની સજા આપવામાં ન આવે.

માનવો પર રહમ તથા કૃપાનો વર્તાવ કરવાની તાલીમ ઈસ્લામ આ મુજબ આપે છે :–

"રહમ કરવાવાળાઓ પર રહમાન (અલ્લાહ તઆલા) રહમ ફર્માવે છે. તમે લોકો જમીનવાળાઓ પર રહમ કરો તો આસ્માનવાળો તમારા ઉપર રહમ ફર્માવશે." *(સુનને અબૂ દાઊદ, મિશ્કાતુલ મસાબીહ, જિલ્દ–૨, પેજ–૪૨૩)*

જે મઝહબ આવી તા'લીમ આપતો હોય તેને અને ત્રાસવાદને શો સંબંધ ?! આ વિષય સંબંધે "ઈસ્લામ અને વિ□શાંતિ" કિતાબનો અભ્યાસ જરૂરી છે. તેમજ અમુક આયતોનાં ખોટા અર્થઘટનો કરીને અમુક કટ્ટરવાદીઓ થકી ઈસ્લામને વગોવવા પ્રયત્નો થાય છે તેના સંબંધે "**૨૪** આયતોનો કુર્આની ભાવાર્થ" કિતાબનો અભ્યાસ જરૂરી છે. (આં બંને કિતાબો દયાદરાથી મળી રહેશે.)

કહેવાતા મુસ્લિમ બુદ્ધિજીવી વર્ગ તરફથી અવાર નવાર ઈસ્લામના કાનૂનો બાબતે ડાહ્યાં ડાહ્યાં નિવેદનો ટી.વી. કે વર્તમાનપત્રોમાં બહાર પડતાં રહે છે, જે સરાસર ઈસ્લામની રૂહની વિરૂધ્ધ હોય છે તે પણ મીડિયામાં ખૂબ ચમકે છે. લોકોને એટલી બુદ્ધિ છે જ કે માણસ બીમાર પડે તો ડોકટર પાસે

જવું, કોર્ટ કચેરીનું કામ હોય તો વકીલ પાસે જવું, ફર્નિચર માટે સુથારનો સંપર્ક કરવો વગેરે.... જે તે કામ માટે જે તે વિષયના નિષ્ણાતને મળવું પડે અને તેનાથી પ્રશ્ન હલ કરવો પડે. જો કોઈ બીમાર થાય, સિરિયસ હોય અને મોટા વકીલ પાસે જઈને કહે કે એનો ઈલાજ કરો ! તો એને મૂર્ખ ગણવામાં આવશે કે નહીં ?! એ જ પ્રમાણે કોર્ટની મેટર લઈને ડોકટરના ત્યાં જઈશું તો ?!

સારાંશ કે દરેક પાસે તેની જે લાઈન હોય તેના વિશેની સમસ્યા હલ કરવા જવામાં આવે. એ જ પ્રમાણે ઈસ્લામ ધર્મ વિશેની કે શરીઅતના હુકમ વિશેની સમસ્યા બાબતે કોઈ હિરોઈન કે મહિલા સંઘની પ્રમુખ કે કોઈ એવો પુરૂષ નિવેદનો ઠોકવા માંડે તો એને શું કહેવાશે ?! તમે સમજી શકો છો ! ઈસ્લામી કાનૂનની વાત મુફતી તથા આલિમો જ બતાવી શકે. અને સાંભળો ! ઈસ્લામ કોઈનો લાચાર મઝહબ નથી, બલ્કે ૧૪૦૦ વરસથી નબી કરીમ ﷺ, સહાબાએ કિરામ, તાબઈન, તબેઅ તાબઈન તેમજ ઔલિયા, ઉલમાની વણથંભી વણઝારે એટલો ખજાનો ઈસ્લામી બારીક બારીક જ્ઞાન વિશેનો છોડેલો છે કે કયામત સુધી ઉપસ્થિત થનાર કોઈ પણ સમસ્યાનો હલ તેમાંથી મળી જ જશે. ઈન્શાઅલ્લાહ ! અને એના થકી જે પરિણામ કે નિર્ણય કે હુકમ દર્શાવવામાં આવે તેને દરેક મુસ્લિમે તો માનવો જ રહ્યો. મુસ્લિમ થઈને એમાં પોતાના દિમાગની વાતો નાખવા પ્રયત્નો કરશે તો એ ઈસ્લામનો વિદ્રોહી–બાગી નહીં તો બીજુ શું છે ?! કેમ કે કુર્આનમાં છે :–

**તર્જુમો** : "કોઈ મુસલમાન પુરૂષ તથા સ્ત્રીની એ શાન નથી કે જ્યારે **"અલ્લાહ અને તેના રસૂલ"** કોઈ મામલામાં ફેંસલો ફર્માવી દે, ત્યાર પછી પણ તેને (તે સ્ત્રી કે પુરૂષને) પોતાના મામલામાં અધિકાર બાકી રહે. અને જેણે **"અલ્લાહ અને તેના રસૂલની"** નાફર્માની કરી તે **ઉઘાડો ગુમરાહ** થઈ ગયો." *–(સૂરએ અહ્ઝાબ, પા.૨૨, રૂકૂઅ–૨)*

બીજી એક હવા મુસ્લિમોમાં ચાલે છે કે કોઈ ગેર શરઈ રમતમાં કે ફિલ્મો જેવા હરામ કાર્યમાં કોઈ મુસ્લિમ નામધારી વ્યક્તિ ચમકી જાય તો અમુક વર્તમાનપત્રોવાળા તથા અમુક નાસમજ લોકો તેને મુસ્લિમો માટે ફખ્રની વાત સમજે છે ! કોઈ ખાનબંધુ કે કોઈ મિર્ઝા બાઈ ફિલ્મીક્ષેત્રે કે નાજાઈઝ રમતના ક્ષેત્રે ચમકે તો એને મુસ્લિમોની મહાન સિદ્ધિ સમજનારા લોકો પણ છે. એ કાર્યો હરામ છે તો પછી એ **ગર્વની નહીં પણ મુસ્લિમો માટે શરમની વાત** છે કે ઈસ્લામના કાનૂનોની વિરૂધ્ધ જઈને એઓ કામ કરી રહ્યાં છે. વળી એવા ખેલાડી કે હિરો–હિરોઈન લોકોમાં ઘણાના વિચારો પણ કેટલા વિદ્રોહી હોય છે તેને પણ આપણે વર્તમાન પત્રોમાં વાંચતા રહીએ છીએ.

જેમ કે સાનિયા મિર્ઝા નામની ટેનિસ ખેલાડી જ્યારે ટેનિસ રમે છે તો તેનો પોશાક ગેરશરઈ હોય છે અને કુર્આન–હદીષના હુકમાનુસાર જે અંગો છુપાવવાનો હુકમ છે તેને ટી.વી. તથા વર્તમાનપત્રો થકી જગતભરની નિગાહો સ્પર્શી લે છે. એ સંબંધે ક્યાંક કોઈકે ટીકા કરી હશે તો તેના જવાબમાં તેણીએ કહ્યું કે, "દાઢીવાળાઓ જે કરવાનું હોય છે તે કરતા નથી અને મારી ટીકાઓ કરે છે કે હું જાંગો ખોલીને તથા અંગ પ્રદર્શન કરીને ટેનિસ રમુ છું."

તેણીએ જાણવું જોઈએ કે આ દાઢીવાળાઓનો હુકમ નથી આ તો આપણા પેદા કરનાર તથા આપણા માલિક, આપણને ધન, દૌલત, બુદ્ધિ, સુંદરતા તેમજ સર્વ નેઅમતો આપનારનો હુકમ છે કે

મુસ્લિમ ખાતૂન ઈજ્જતની ચીજ છે તે અંગપ્રદર્શન કરતી ન ફરે, ચાહે તે ગમે તે સંજોગોમાં હોય.

વધુમાં તેણીએ કહ્યું કે, ''હું જે કરું છું તે મારા અને મારા ખુદા વચ્ચે તથા મારાં મા બાપો વચ્ચેની વાત છે !'' શું આવી ખોટી દલીલ પોતાનો વીક પોઈંટ સ્વીકારવાને બદલે દરેક ગુનાહ કરનાર પણ કરવા લાગે તો તે સ્વીકાર્ય ગણાશે ?! ખુદાનું જ ફર્માન છે કે પરપુરૂષો સમક્ષ પોતાનાં અંગો જાહેર કરવાં હરામ છે. પણ સહેજ તરક્કી તથા ખ્યાતિ માણસને ગુમરાહીની ખાઈમાં ફેંકી દેતી હોય છે અને આવી વ્યક્તિનાં નિવેદનો કેમ કે ઈસ્લામની વિરૂધ્ધ હોય છે જેથી પ્રથમ પાને ચમકતાં હોય છે. જો તેઓ ખરેખર મુસલમાન છે તો પ્રથમ તો તેમણે ગુનાહોથી બચવું જોઈએ અને એવાં બિનજવાબદાર નિવેદનો કરી ઈસ્લામના કાનૂનોને ન વગોવવા જોઈએ, નહીં તો એનો અંજામ આખેરતમાં ભયાનક હશે એ ન ભૂલવું જોઈએ.

બીજું એક ગૃપ કહેવાતા એજ્યુકેટેડ લોકોનું છે જેમાં સર્વ નહીં પણ અમુક ''પંતુજી'' ટાઈપ લોકો એવા હોય છે કે જેઓ ગમે તેને માટે ''પરમ પૂજ્ય'' તથા ''મહાત્મા'' શબ્દો અવારનવાર બોલતા લખતા હોય છે એ અમારો અનુભવ છે. ઈસ્લામમાં ''પૂજ્ય'' અલ્લાહ સિવાય કોઈ જ નથી જેથી એવું કહેનાર કુફ્ર કરી રહ્યો છે, ''મહાત્મા'' શબ્દ કાફિરના માટે વાપરવો કુફ્ર છે. છતાં લેક્ચરબાજીના શોખમાં કુફ્ર બોલતા જ રહે છે અને કૌમને ગુમરાહ કરે છે અને જણાવવા છતાં તૌબા ન કરી જહન્નમ વહોરે છે.

વળી ઈસ્લામી કાનૂનમાં ચંચૂપાત કરનાર પોતાને બુદ્ધિજીવી તથા તત્વચિંતક સમજનારા પણ અમુક તત્વો છે તેમાંના એક ભાઈ અબ્દુલભાઈ એચ. વકાની (અંકલે□ર) કે જેમણે કોઈ બહુ મહાન શોધ કરી હોય અને ઈસ્લામમાં પર્દો ''હરામ'' હોય એવી ખોજ કરી નાખી હોય ! તેટલા ઉત્સાહભેર દૈનિકપત્ર ગુજરાત મિત્ર તા. ૪–૬–૦૫ના ચર્ચાપત્રમાં પોતાની શોધનું એલાન કર્યું છે ! અને એમની વાત ખોટી ઠરાવે તેને બે લાખના ઈનામની પણ જાહેરાત કરી દીધી છે !

વકાની સાહબ ! સાંભળો ! ૧૪૦૦ વરસથી રસૂલે પાક ﷺ સહાબા, તાબઈ, બુઝુર્ગો તથા ઉલમા પોતાની ઔરતોને પર્દાનો હુકમ કરતા આવ્યા તે બધા શું ગલત હતા ? તેમની અંદર તમારા જેવી સમજ ન હતી કે તેમણે પોતાની ઔરતોના ચહેરાને પણ ગેરમર્દો સામે ઢાંકવાની તાકીદ કરી હતી ?

વકાની લખે છે કે, ''કુર્આનમાં બુરખો પહેરવાનો ઉલ્લેખ નથી !'' આવી જ વાત થોડાક સમય પહેલાં વડોદરાના કોઈ બંદૂકવાળાએ વર્તમાનપત્ર થકી વહેતી કરી હતી તેનો જવાબ અમે ''અલમુઈન'' માસિક થામ (તા. જિ. ભરૂચ)માં આપ્યો હતો તેમજ ''આમીન'' માસિક અમદાવાદમાં પણ તે જવાબ છપાયો હતો.

વકાની સાહબ ! શું આ કુર્આનની આયત નથી ?

يَآيُّهَا النَّبِيُّ قُلْ لِأَزْوَاجِكَ وَبَنَاتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ
اَدْنٰى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا۔

''અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ

નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *–(સૂ. અહઝાબ, રૂકૂઅ–૫)*

તમે ક્યા મોઢે કહો છો કે કુર્આનમાં પર્દાનો હુકમ નથી ?!

ખુલાસો એ છે કે સ્ત્રીનો ચહેરો સતરે ઔરતમાં દાખલ નથી પણ જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો ચેહરા પર પર્દો નાખી લેવો જરૂરી છે.

બીજી એક આયત પણ જોઈ લો ! :–

وَاِذَا سَئَالْتُمُوْهُنَّ مَتَاعًا فَاسْئَلُوْ هُنَّ مِنْ وَّرَآءِ الْحِجَابِ ذَالِكُمْ اَطْهَرُ وَاَزْكٰى بِقُلُوْبِكُمْ وَ قُلُوْبِهِنَّ.

"અને જો તમે એમનાથી કોઈ ચીજ માંગો તો પર્દાના બહારથી માંગો, એમાં તમારી અને એમના દિલોની વધારે પવિત્રતા તથા પાકીઝગી છે. *–(સૂ. અહઝાબ, પા. ૨૨, રુ. ૪)*

અને હદીષે પાકમાં છે :–

ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત છે : કહે છે કે હું અને મૈમૂના હુઝૂરની ખિદમતમાં હાજર હતાં એવામાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ દાખલ થયા (તેઓ અંધ હતા). રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : બંને પર્દો કરી લો ! અમે કહ્યું : યા રસૂલલ્લાહ ! એ તો અંધ છે. એમનાથી કેવો પર્દો ! એ તો અમને જોઈ નથી શકતા ! આપે ફર્માવ્યું :–

اَفَعَيْمِيَاوَانِ اَنْتُمَا اَلَسْتُمَا تُبْصِرَانِهِ

શું તમે બંને પણ અંધ છો ? શું તમે નથી જોઈ રહી ? *(સુનને અબૂ દાઊદ, ૨૧૪/૬)*

સારાંશ કે ઈસ્લામ દરેક ફિત્નાના ખતરાને દૂર કરવાનું ઈચ્છે છે કે ન સ્ત્રીઓ પુરૂષો પર નજર દોડાવે, ન પુરૂષોની નજરો સ્ત્રીઓની પાછળ પડે જેથી એક સાફ સુથરા સમાજની સ્થાપ્ના થઈ શકે.

ભાઈઓ ! ઉપરોક્ત હુકમો ફરી ફરી વાંચો અને વિચારો કે **આ હુકમ અલ્લાહ તરફથી તથા ડાયરેક્ટ રસૂલ તરફથી તે પવિત્ર ઔરતોને કરવામાં આવ્યા કે જેમની પવિત્રતાની સાક્ષી કુર્આન આપે છે ! જેઓ ઉમ્મતની માઓ છે ! તથા તે પવિત્ર પુરૂષોથી પર્દો કરવા કહે છે જેઓ નબી કરીમ ﷺ ના જાંનિસાર સાથીઓ હતા ! તો હે મારાં ભાઈ બહેનો ! આજના બદ્‌થી બદ્‌તર થઈ ગયેલા માહોલમાં જ્યાં ગુનાહની તલાશમાં ચોતરફ નજરો ભટકાવનારા નરો તથા નજરો ભટકાવનારી નારીઓ ભટક્તી હોય તેવા માહોલમાં શું મોઢું ઢાંકવું ગુનાહ થઈ જશે ! અને શું મોઢું ઢાંકવું જરૂરી નથી ?!**

તેમજ તેમણે ઔલિયાની કબરો દરગાહો પાકી બનાવવા સંબંધે તથા ફૂલોની ચાદર વગેરે બાબતે જે વાંધા દર્શાવ્યા છે તે માટે એ બની બેઠેલા તત્વચિંતકને જણાવીએ કે "જાઅલ હક્ક" કિતાબ મંગાવીને વાંચી લે, તેમાં સર્વ વાતોના જવાબો કુર્આન હદીષથી છે. દોસ્તો ! આક્ષેપ કરનારે તો બે લીટીમાં કરી દેવાનો હોય છે પણ તેના જવાબ માટે સંપૂર્ણ દલીલો આપવા ઘણા પૃષ્ઠો જરૂરી હોય છે જેથી સ્થળસંકોચને કારણે આટલે જ અટકુ છું. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં મુસલમાનોને નેક સમજ આપે. (આમીન) ***–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક***

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

-કાર્યાલય

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

اَفَتَطْمَعُوْنَ اَنْ يُّؤْمِنُوْا لَكُمْ

وَقَدْ كَانَ فَرِيْقٌ مِّنْهُمْ يَسْمَعُوْنَ كَلٰمَ اللّٰهِ ثُمَّ يُحَرِّفُوْنَهٗ

مِنْۢ بَعْدِ مَا عَقَلُوْهُ وَهُمْ يَعْلَمُوْنَ ﴿٧٥﴾ وَاِذَا لَقُوا الَّذِيْنَ اٰمَنُوْا

قَالُوْٓا اٰمَنَّا ۚ وَاِذَا خَلَا بَعْضُهُمْ اِلٰى بَعْضٍ قَالُوْٓا اَتُحَدِّثُوْنَهُمْ

بِمَا فَتَحَ اللّٰهُ عَلَيْكُمْ لِيُحَآجُّوْكُمْ بِهٖ عِنْدَ رَبِّكُمْ ؕ اَفَلَا

تَعْقِلُوْنَ ﴿٧٦﴾ اَوَلَا يَعْلَمُوْنَ اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا

يُعْلِنُوْنَ ﴿٧٧﴾ وَمِنْهُمْ اُمِّيُّوْنَ لَا يَعْلَمُوْنَ الْكِتٰبَ اِلَّآ اَمَانِيَّ

وَاِنْ هُمْ اِلَّا يَظُنُّوْنَ ﴿٧٨﴾ فَوَيْلٌ لِّلَّذِيْنَ يَكْتُبُوْنَ الْكِتٰبَ

بِاَيْدِيْهِمْ ۗ ثُمَّ يَقُوْلُوْنَ هٰذَا مِنْ عِنْدِ اللّٰهِ لِيَشْتَرُوْا بِهٖ

ثَمَنًا قَلِيْلًا ؕ فَوَيْلٌ لَّهُمْ مِّمَّا كَتَبَتْ اَيْدِيْهِمْ وَوَيْلٌ لَّهُمْ

مِّمَّا يَكْسِبُوْنَ ﴿٧٩﴾ وَقَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا مَّعْدُوْدَةً ؕ

قُلْ اَتَّخَذْتُمْ عِنْدَ اللّٰهِ عَهْدًا فَلَنْ يُّخْلِفَ اللّٰهُ عَهْدَهٗٓ

اَمْ تَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿٨٠﴾

**તર્જુમો** : (હે મુસલમાનો !) શું તમે એવી આશા રાખો છો કે (આ યહૂદીઓ) ઈમાન લાવશે તમારા કહેવાથી ! જ્યારે એમનામાં એક ગિરોહ એવો હતો જેઓ સાંભળતા હતા અલ્લાહના કલામને, પછી બદલી નાખતા હતા એને સારી પેઠે સમજી લીધા પછી જાણી બુઝીને[૯૩]. અને જ્યારે મળે છે ઈમાનવાળાઓને તો કહે છે અમે પણ ઈમાન લાવ્યા છીએ[૯૪] અને જ્યારે આપસમાં એકલા મળે છે તો કહે છે (અરે !) શું વર્ણન કરો છો એમનાથી જ ખોલ્યું છે અલ્લાહે તમારા પર. આમ તો તેઓ દલીલ કાયમ કરશે તમારા પર એ વાતોથી તમારા રબની સામે. શું તમે એટલું પણ નથી સમજતા ? શું તેઓ (એ) નથી જાણતા કે અલ્લાહ જાણે છે જે તેઓ છુપાવે છે અને જે તેઓ જાહેર કરે છે. અને એઓમાં અમુક અભણ છે જેઓ નથી જાણતા કિતાબને જૂઠી ઉમ્મીદો સિવાય, અને તેઓ કેવળ વહેમ તથા ગુમાન જ કરતા રહે[૯૫] તો બર્બાદી થાય એઓના માટે જેઓ લખે છે કિતાબ પોતાના હાથોથી[૯૬] પછી કહે છે કે આ લખાણ અલ્લાહની તરફથી છે જેથી મેળવી લે એના બદલામાં થોડીક કિંમત (માલ). તો તબાહી થાય તેઓના માટે એ કારણે જે લખ્યું એમના હાથોએ, અને તબાહી થાય તેઓના માટે એ માલના સબબે જેને તેઓ (આ રીતે) કમાય છે. અને તેઓએ કહ્યું, કદાપિ અડકશે નહીં અમને (દોઝખની) આગ સિવાય ગણત્રીના થોડાક દિવસ[૯૭]. આપ ફર્માવો, શું

> તમે અલ્લાહથી કોઈ વાયદો લઈ રાખ્યો છે ! ત્યારે તો વિરૂદ્ધ વર્તન નહીં કરે અલ્લાહ તઆલા પોતાના વાયદાથી, અથવા (આમ જ) આક્ષેપ લગાડો છો અલ્લાહ પર જેને તમે જાણતા જ નથી !

## ★ તફસીર ★

**૯૩.** મુસલમાનોને બતાવવામાં આવી રહ્યું છે કે તેમનો ઈન્કાર કોઈ દલીલ પર આધારિત નથી. એઓ જાણે છે કે મુહમ્મદ મુસ્તફા ﷺ અલ્લાહ તઆલાના સાચા રસૂલ છે. તેમની સિફતો (ખૂબીઓ)ના વર્ણન તથા કમાલોના ઉલ્લેખ વડે તેમની કિતાબો ભરેલી પડી છે. તેઓ જાણીબુઝીને ઈન્કાર કરી રહ્યા છે, એવા લોકો પાસેથી ઈમાન લાવવાની ઉમ્મીદ રાખવી બેકાર છે.

આ પરથી જાણવા મળ્યું કે, સત્યને છુપાવવું તથા સૈયદે આલમ ﷺ ની ખૂબીઓને છુપાવવી અને આપના કમાલોનો ઈન્કાર કરવો એ યહૂદીઓનું કામ હતું. ઈસ્લામનો દાવો કરનારાઓને એ શોભતુ નથી કે પોતાના મહબૂબ અને કરીમ રસૂલ ﷺ ના કમાલો વર્ણન કરવાથી તેમની જીભ તરડાઈ જાય અને ફઝાઈલ સાંભળવાથી દિલમાં અકળામણ થાય ! હબીબે ખુદા ﷺ ની શાનની બુલંદી કોઈના ઘટાડવાથી ઘટશે નહીં.

**૯૪.** અહીંથી યહૂદી મુનાફિકોના એહવાલનું વર્ણન છે. એટલે કે જ્યારે મુસલમાનોને મળે છે તો ખુશામદના રૂપે એવું જાહેર કરી બેસે છે કે અમે તો સાચા દિલથી આ રસૂલ પર ઈમાન લાવ્યા છીએ, કેમ કે સાચા નબીની જે નિશાનીઓ અમારી કિતાબમાં લખેલી છે તે સર્વ હુઝૂરમાં જોવા મળે છે, તેમની આવી વાતો પર બીજા યહૂદી તેમને ભલુબુરુ કહે છે કે તમે મુસલમાનોને આવી વાતો બતાવીને આપણુ રહસ્ય ખોલી રહ્યા છો, તમારા આ જ શબ્દો વડે તેઓ તમારા ધર્મની રદ કરશે, અને તૌરાતની તે આયતો જેનો તમે તેઓમાં ઉલ્લેખ કરો છો એ જ આયતો વડે તમારી સમક્ષ દલીલો કરશે. لِيُحَاجُّوكُم بِهِ عِندَ رَبِّكُمْ ની તફસીર જેને અલ્લામા જમખુશરી અને અલ્લામા બયઝાવીએ પસંદ કરેલ છે, કે عِندَ رَبِّكُمْ નો અર્થ છે : ما فی کتاب ربکم એટલે કે તમારા રબની કિતાબોની આયતોથી તમારા સામે દલીલો કાયમ કરશે. અને عند الله નો અર્થ સામાન્યતઃ એ જ થાય છે કે فی کتاب الله જેને કહેવામાં આવે છે કે અલ્લાહની નજીક એનો એ હુકમ છે. એટલે અલ્લાહની કિતાબમાં આ મસ્અલાનો આ હુકમ છે.

**૯૫.** પ્રથમ એમના આલિમોનું વર્ણન થયું હવે તેમની અભણ પ્રજાનું વર્ણન કરવામાં આવે છે. امانی નો મુફરદ છે امنیة જેનો અસ્લ منی છે. એનો અર્થ છે ધારવું. અથવા તે ઈનામ જેનો માનવ પોતે પોતાને હક્કદાર તથા લાયક સાબિત કરીને આશા ધરાવે છે આ આશાને અરબીમાં امنیة કહે છે. એટલે કે બની ઈસ્રાઈલ પ્રજાનો સર્વ સરમાયો નજાતના સંબંધે તેમના મનઘડત ખયાલો તથા જૂઠી આરઝૂઓ છે. કૌમો પોતાની પડતી તથા અધોગતિના દૌરમાં આવા જ પાયાહિન ખયાલો વડે પોતાની નજાત (મુક્તિ)ની આશા લગાડીને બેસે છે અને નેક અમલો પ્રતિથી આંખો મીંચી લે છે. **કાશ ! આપણે પણ આપણી હાલત પર ચિંતન કરીએ અને શરીઅતના હુકમોથી ખુલ્લી બગાવત છતાં આપણી નજાતનાં જે સોનેરી સ્વપ્નાં જોઈ રહ્યા છીએ એનાથી સાવધાન જોઈએ !** જો આપણે આપણા બુઝુર્ગોની જેમ અલ્લાહના હુકમોનું પાલન કરતા તો તેમની ભૌતિક તેમજ રૂહાની બરકતોથી ખૂદ પણ માલામાલ થાત અને અન્ય માર્ગ ભૂલેલી કૌમોના માટે પણ દીવાદાંડી પુરવાર થાત. **આપણી ઈસ્લામના વારિસો અને શરીઅતના દાવેદારોની મેહરૂમીઓ અને**

**બદહાલીઓને જોઈને અન્ય કૌમો ઈસ્લામને દૂરથી જ સાત સલામ કરી આપે છે !**

**૯૬.** યહૂદી આલિમોના અધિક કરતૂતો જુઓ : બતાવવામાં આવે છે કે તે કિતાબ જેના તેઓને અમીન બનાવવામાં આવ્યા હતા, જેની રક્ષા અને તેના પર અમલ કરવાનો તેઓને હુકમ આપવામાં આવ્યો હતો, તો તેઓ કેવળ એટલેથી નથી અટક્યા કે ખૂદ અમલ ત્યજી દીધો બલ્કે તેમણે અલ્લાહની આયતોને ધડમૂળથી જ બદલી નાખી અને પોતાના તરફથી જાતજાતના વધારા કરી નાખ્યા. અને એ રીતે આ જાલિમોએ ભાવિ પેઢીઓમાંથી કોઈ સારી તબીઅતવાળા માટે એ શક્યતા ન બાકી રાખી કે તે આયતોમાં ખૂદ વિચાર ચિંતન કરીને હકીકત સુધી પહોંચી શકે. યહૂદી તથા ઈસાઈઓ અત્યાર સુધી તો તેહરીફ (ખુદાઈ કિતાબમાં ફેરફાર કર્યા)નો સ્વીકાર કરતા ન હતા, પરંતુ હવે તેમના મુહક્કિકો (સંશોધકો)એ સ્વીકાર્યું છે કે તેમની કિતાબો ફેરફાર તથા રદ્દો બદલથી મેહફૂઝ નથી.

**૯૭.** બની ઈસ્રાઈલ કહ્યા કરતા હતા કે અમે ખુદાના લાડલા અને મહબૂબ (પ્યારા ) છીએ, દોઝખની આગ અમને સળગાવી નથી શકતી. "જ્યૂશ ઈન્સાઈકલોપિડિયા"માં છે : દોઝખની આગ યહૂદના ગુનેગારોને સ્પર્શશે પણ નહીં, એટલા માટે કે તેઓ જહન્નમ પર પહોંચતાં જ પોતાના ગુનાહોનો એકરાર કરી લેશે અને ખુદાની પાસે પરત આવી જશે. *(ભાગ–૫, પેજ–૫૮૩) (માજિદી)*

અમુક યહૂદીઓનો અકીદો એ હતો કે તેમને કેવળ ચાલીસ દિવસ જ અઝાબ થશે. આ તે મુદ્દત છે જેમાં બનૂ ઈસ્રાઈલે વાછરડાની પૂજા કરી હતી. ખુદાના વિશે તેમનો ખયાલ ઘણો જ નિરાળો છે ! એક તરફ તો એના જબ્ર તથા કહેરનો એ આલમ કે તેમના બાપદાદાઓથી જે જુર્મ થયું તેની સજા કેવળ તે મુજરિમો સુધી સીમિત નથી રાખતો બલ્કે તેની પેઢીથી કિયામત સુધી જે ઔલાદ થશે તે એ ન કરેલા ગુનાહની સજા ભોગવશે. અને બીજી બાજુ માફી તથા દરગુઝરની એ સ્થિતિ કે કોઈ ગંભીરથી ગંભીર ગુનાહના બારામાં તેના અસલી મુજરિમની પણ પૂછતાછ નથી. વિરોધાભાસનો હોશ ઉડાવી દેનાર ચક્કર બુદ્ધિ તથા સમજને માટે હલ ન થાય તેવો કોયડો છે.

**એક રાતની મુખ્લિસ ઈબાદતનું ફળ :** હઝરત માલિક બિન દીનાર મોટા પાયાના બુઝુર્ગ થઈ ગયા છે, તેઓ ઘણા ધનવાન તથા ખૂબસૂરત હતા. તેમની ઈચ્છા હતી કે દમિશ્કની જામા મસ્જિદનો ચાર્જ તેમના હાથમાં આવી જાય કારણ કે તે શાહી મસ્જિદ હતી, તેની ઘણી મિલ્કિયત તથા જાયદાદ પણ હતી. તેનો મુતવલ્લી ઘણી ઈજ્જત તથા પ્રતિષ્ઠાની નજરે જોવામાં આવતો હતો, તે મસકદ તથા ધ્યેય ખાતર આપ તે મસ્જિદમાં એ'તેકાફમાં બેસી ગયા અને પૂરા વર્ષ સુધી ઈબાદત કરતા રહ્યા જેથી લોકો આપને દરેક સમયે ઈબાદતમાં મશ્ગૂલ જોઈ ખલીફા સમક્ષ આપનો ઝિક્ર કરી આપને મુતવલ્લી જેવો ઉંચો હોદ્દો આપી દેવામાં આવે. એક દિવસે આપે દિલમાં કહ્યું કે હું વર્ષભરથી મુનાફિકાના ઈબાદત કરી રહ્યો છું, એ ઘણી શરમની વાત છે, શા માટે ઈખ્લાસથી ઈબાદત ન કરું ?! બીજા જ દિવસે આપે તૌબા કરી ખુલૂસ દિલથી ઈબાદત કરી. જ્યારે કોઈ અલ્લાહનો થઈ જાય છે તો અલ્લાહ તઆલા જરૂર તેને નવાઝે છે. આથી બીજા જ દિવસે લોકોને એક મુતવલ્લીની જરૂર પડી, તેઓ આપની પાસે આવ્યા કે આપ આ મસ્જિદનો ચાર્જ કબૂલ કરી લો ! તો આપે દિલમાં ઘણીવાર કહ્યું, હે અલ્લાહ ! એક રાત મેં ખુલૂસ દિલ સાથે ઈબાદત કરી તો તેં એક સાથે વીસ માણસોને મારી પાસે મોકલી આપ્યા ! હવેથી હું પણ તારો જ થઈને રહીશ ! આથી આપ તે જ સમયે મસ્જિદથી બહાર આવી ગયા અને મુતવલ્લી જેવો ઉંચો હોદ્દો કબૂલ કરવાથી ઈન્કાર કરી દીધો. આ હતા આપણા બુઝુર્ગો કે જેઓ ઈખ્લાસથી આ પ્રકારની મહોબ્બત કરતા ઉપરાંત તેટલા જ પ્રમાણમાં રિયાકારી તથા દેખાવથી નફરત કરતા હતા.

-ઈમરાન દાઊદ ઝંઘારવીના હરીફાઈવાળા લેખમાંથી સાભાર

**દર્સે હદીષે પાક**

**મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ**

**એટલે**

# મિર્આત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**(કાર્યાલય)**

## ★ હદીષ : ૨૯ ★

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ કે જન્નતની ચાવીઓ[૧] કલ્મએ શહાદત છે કે રબના સિવાય કોઈ મઅબૂદ નથી. એને અહમદે રિવાયત કરી.

હઝરત ઉષ્માન رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે હુઝૂર صلى الله عليه وسلم એ વફાત પામી તો હુઝૂરના સહાબામાં અમુક હઝરાત એટલા પ્રમાણમાં ગમગીન થઈ ગયા કે વહેમની બીમારીમાં સપડાવાની નિકટ પહોંચી ગયા[૨]. હઝરત ઉષ્માન ફર્માવે છે કે હું પણ તેમનામાંથી હતો. એક વાર હું બેઠો હતો એવામાં હઝરત ઉમર رضي الله عنه પસાર થયા, મને સલામ કહી પણ મને તદ્દન ખબર જ ન થઈ[૩]. જનાબ ઉમરે અબૂબક્રને મારી ફરિયાદ કરી[૪]. પછી તે બંને જણ મારી પાસે તશરીફ લાવ્યા અને બંનેએ મને સલામ કરી[૫]. અબૂબક્રએ મને કહ્યું કે શું કારણ બન્યું કે તમે તમારા ભાઈ ઉમરના સલામનો જવાબ ન આપ્યો ? મેં કહ્યું કે મેં તો એવું નથી કર્યું ![૬] ઉમર બોલ્યા, ખુદાની કસમ ! તમે એવું કર્યું છે ! મેં કહ્યું, ખુદાની કસમ ! મને નથી ખબર કે તમે પસાર થયા, ન એ કે તમે મને સલામ કરી. અબૂબક્રએ ફર્માવ્યું, ઉષ્માન સાચા છે. હે ઉષ્માન ! તમને કોઈ ઉલઝને ઘેરી લીધા છે[૭] જેથી એનાથી બેખબર કરી દીધા ?! મેં કહ્યું, હા ! ફર્માવ્યું, તે કઈ ઉલઝન છે ? મેં કહ્યું કે અલ્લાહે એ પહેલાં જ આપણા નબીને વફાત આપી દીધી કે આપણે હુઝૂરને આ ચીજની નજાતના બારામાં પૂછી લઈએ[૮]. અબૂબક્ર સિદ્દીકે ફર્માવ્યું કે મેં એના વિશે હુઝૂર صلى الله عليه وسلم થી પૂછી લીધું છે[૯]. હું આપની ખિદમતમાં ઉભો થઈ ગયો[૧૦] અને કહ્યું, હે અબૂબક્ર ! તમારા પર મારાં માં બાપ ફિદા ! આ તમારો જ હક્ક છે[૧૧]. અબૂબક્રએ ફર્માવ્યું કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ ચીજની નજાત કઈ રીતે થશે ?[૧૨] હુઝૂરે ફર્માવ્યું, જે મારી એ વાત માની લે જે મેં મારા કાકા સમક્ષ રજૂ કરી હતી[૧૩] તો તેમણે રદ કરી દીધી હતી[૧૪]. તો એ વાત તેની નજાત છે. *(અહમદ)*

## ★ સમજૂતી ★

૧. એટલે કે **અકીદાના સહીહ હોવા સિવાય કોઈ શખ્સ જન્નતમાં નથી જઈ શક્તો અને અકીદાનું સહીહપણુ ખૂદ જન્નત અને ત્યાંના સર્વ સ્થાનોની ચાવી છે.** એટલા માટે "મફાતીહ" બહુવચનમાં ફર્માવવામાં આવ્યું. એટલે કે ત્યાંના સર્વ સ્થળોની ચાવી કલ્મએ તૈયેબહ છે. અમે અગાઉ જણાવી ચૂક્યા છીએ કે કલ્માથી મુરાદ સર્વ ઈસ્લામી અકીદાઓ છે. જેથી **મુનાફિકો તથા મુર્તદો ભલે જીવનભર કલ્મો પઢે પણ જન્નતી નથી.**

૨. ગમની અતિશયતાના કારણે વહેમની બીમારી થઈ ગઈ. બુદ્ધિ બહેર મારી ગઈ, અક્કલ ઠેકાણે ન રહી. અથવા એવા વસવસા દિલમાં આવવા લાગ્યો કે ઈસ્લામ કઈ રીતે બાકી રહેશે ?! તેનો વાલી તો ચાલ્યો ગયો ! કાફલાનો સરદાર તો જતો રહ્યો ! હવે આ કાફલો કઈ રીતે સંભલીને રહેશે ? આ સર્વ વિચારો અનાયાસે આવે એવા હતા (પોતાના ઈખ્તિયાર બહારના હતા.) યાદ રાખશો કે હુઝૂર صلى الله عليه وسلم ની વફાત પર રંજો ગમ સહાબાની સુન્નત છે પણ માથુ કુટવું, માતમ કરવું મના છે.

**૩.** એટલે કે ઉમર ફારૂકે મોટા અવાજે સલામ કરી પણ મારા કાનમાં તેમનો અવાજ ન પહોંચ્યો, જેમ કે ગમની અતિશયતામાં સામે રાખેલી ચીજ પણ દેખાતી નથી.

**૪.** કેમ કે આપ એવું સમજતા હતા કે કદાચ હઝરત ઉષ્માન મારાથી નારાજ છે એટલા માટે તેમણે મને સલામનો જવાબ એટલો ધીમેથી આપ્યો કે હું ન સાંભળી શક્યો. એવો ખયાલ ન કર્યો કે જવાબ જ નથી આપ્યો. કેમ કે સલામનો જવાબ ફર્ઝ છે. એના પરથી માલૂમ પડયું કે હાકિમની સમક્ષ કોઈની ફરિયાદ કરવી ખાસ કરીને સુધારણા કાજે એ ગીબત નથી બલ્કે સહાબાની સુન્નત છે.

**૫.** જનાબ ઉમર તો મનાવવાની નિય્યતથી આવ્યા અને હઝરત સિદ્દીક ઈસ્લાહના ઈરાદાથી આવ્યા. એના પરથી માલૂમ પડયું કે **કોઈની ફરિયાદ સાંભળીને દિલમાં ન રાખી લે બલ્કે તેને દૂર કરવાની કોશિશ કરવામાં આવે.** જો કે સમુહમાંથી એકનું સલામ કરવું કાફી હોય છે, પરંતુ અહીં મોકો જ એવો હતો કે બંનેવે અલગ અલગ સલામ કરી. આગળ પાછળ ઉષ્માનગનીની પાસે ગયા હશે.

**૬.** એટલે કે ન મારા પાસેથી એઓ પસાર થયા ન મને સલામ કરી અને ન મેં એમના જવાબમાં ઉણપ વર્તી. આ જૂઠ નથી પણ પોતાના ઈલ્મની બિના પર છે.

**૭.** એટલે કે તમે કાંઈક વિચારી રહ્યા હતા, જેના કારણે ન જોઈ શક્યા ન સાંભળી શક્યા, તમે બંનેવ સાચા છો.

**૮.** ચીજથી મુરાદ (મતલબ) ક્યાં તો દીન છે એટલે દીને ઈસ્લામમાં દોઝખથી નજાતનો આધાર કઈ ચીજ પર છે, જો કે ઉષ્માન ગની પોતે જ રિવાયત ફર્માવી ચૂક્યા છે કે નજાતનો આધાર કલ્મએ તૈયેબહ છે. આ રંજો ગમમાં પોતાની હાલત ખૂદ વિસરી ગયા. અથવા ચીજથી મુરાદ શૈતાની વસવસો છે. ક્યારેક આપણા દિલોમાં ઘણા ખરાબ ખયાલો આવે છે. એવો ક્યો અમલ કરવામાં આવે જેની બરકતથી ક્યાં તો વસવસાથી જ છૂટકારો મળે અથવા તેના પરિણામથી મુક્તિ એ જ જાહેર છે.

**૯.** અને મને હુઝૂરનો જવાબ પણ યાદ છે.

**૧૦.** એટલે કે ખુશીના કારણે. જાણવા મળ્યું કે ખુશીની ખબર સાંભળીને ઉભા થઈ જવું સુન્નતે ઉષ્માની છે, બલ્કે ખૂદ નબી કરીમ ﷺ ફાતિમા ઝોહરાને જોઈને ખુશીમાં ઉભા થઈ જતા હતા. જેથી **મીલાદ શરીફમાં ઝિક્રે વિલાદત પર ઉભા થઈ જવું સુન્નતથી સાબિત છે.** આ ખુશી તથા આનંદનો કિયામ છે એ એના પરથી સાબિત છે માટે એને હરામ નથી કહી શક્તા.

**૧૧.** એટલે કે તમારા જેવા બુઝુર્ગોને જ લાયક હતું કે એવી વાતો હુઝૂરને પૂછીને અમારા સુધી પહોંચાડતા, કેમ કે તમે ઈલ્મ બાબતે લાલચી છો ! અને હુઝૂરના રહસ્યોના જાણનાર છો.

**૧૨.** એટલે કે શૈતાની વસવસા અથવા એના પરિણામથી અમે કેવી રીતે બચીએ ? અથવા દીની ચીજોમાં નજાતનો આધાર કઈ ચીજ પર છે ?

**૧૩.** અબૂ તાલિબ કાકા સમક્ષ આપે હમેશાં જ કલ્મો રજૂ કર્યો અને ખાસ કરીને તેમના મૃત્યુના સમયે હુઝૂરે ફર્માવ્યું કે, કાકા ! હજી પણ પઢી લો તો નજાત પામશો. યાદ રાખશો કે અબૂ તાલિબ હુઝૂર ﷺ ની હક્કાનિયતને માનનાર હતા, એમણે હુઝૂર ﷺ ની ઘણી ખિદમતો કરી પણ જીભ વડે કલ્મો ન પઢયો એટલા માટે તેમને શરીઅતની રૂએ મુસલમાન નથી કહી શક્તા.

**૧૪.** એટલે કે જીભથી ન પઢયો હતો. જો કે દિલથી ઈકરાર હતો. અબૂ તાલિબનું કલ્મો ન પઢવું હુઝૂર ﷺ ની હિફાઝતની નિય્યતથી હતું. એ કારણે કે મક્કાના કાફિરો મારો લેહાઝ કરશે અને હુઝૂર ﷺ ને સતાવશે નહીં. એનું પરિણામ એ આવ્યું કે અબૂ તાલિબની જિંદગીમાં હુઝૂર ﷺ મક્કા છોડવા મજબૂર ન થયા, તેમની વફાત પછી જ હિજરત કરવી પડી. અબૂ તાલિબના ઈમાન વિશેની ચર્ચા મારી કિતાબ ''તફસીરે નઈમી''માં જુઓ.

# شفا شریف
# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

★ **ગુજરાતી અનુવાદક** ★

**ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી** *(પાટડીવાળા)*

મુઝની رحمۃ اللہ علیہ હઝરત જાબિર رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૭૮)ની આ રિવાયત નકલ કરે છે. તેઓ ફર્માવે છે કે એક વખતે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ મને પોતાના પાછળ સવારી પર બેસાડી લીધો. મુલ્યવાન તક સમજીને મેં નબુવ્વતની મહોરને ચુંબન કર્યું તો તેમાંથી ખુશ્બુ મહેંકી રહી હતી.

જે ઉલ્માએ કિરામે નબી કરીમ صلی اللہ علیہ وسلم થી સંબંધ રાખનાર ખબરો અને આપની પ્રકૃતિ વિશે એકત્રીકરણ કરવાનો પ્રબંધ કરેલ છે તે હિકાયત (વાત) કરે છે કે જ્યારે ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلم કઝાએ હાજત (શોચ કર્મ)ની ઈચ્છા કરતા ત્યારે જમીન ફાટી જતી અને આપના બોલો બરાઝ (પેશાબ–જાજરૂ)ને ગળી જતી હતી. જો કોઈ તે જગ્યાને જઈને જોતો ત્યારે ઉમદા ખુશ્બુની મહેક સિવાય કાંઈ પણ નજરે પડતુ. નહીં.

મુહમ્મદ બિન સઅદ કાતિબ વાકેદી رحمۃ اللہ علیہ એ બયાન કર્યું છે કે એક વખતે હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم જ્યારે આપ શૌચ કર્મથી નિવૃત્ત થાવ છો ત્યારે અમને જમીન પર કોઈ પણ વસ્તુનું નિશાન મળતુ નથી ! આપે ઈર્શાદ ફર્માવ્યો કે અય આઈશા ! (رضی اللہ عنہا) અંબિયાના શરીરમાંથી જે વસ્તુ (પેશાબ, જાજરૂ) નીકળે છે તેને કોઈ જોઈ શકતુ નથી કેમ કે જમીન તેને તુરત જ ગળી જાય છે. અથવા આ ખબર જો કે મશ્હૂર નથી પરંતુ એક જમાઅતે કહ્યું છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો પેશાબ અને પાયખાનું પવિત્ર છે. આ ઈમામ મુહમ્મદ બિન ઈદરીસ શાફઈ رحمۃ اللہ علیہ ના કેટલાક અસ્હાબનું કથન છે. અને આ કથનને ઈમામ અબૂ નસર બિન અસ્બાહે رحمۃ اللہ علیہ પોતાની કિતાબમાં હિકાયત રૂપે બયાન કરેલ છે.

એના અનુસંધાનમાં ઉલ્માએ કિરામના બંને પ્રકારનાં કથનોને અબૂબક્ર બિન સાબિક માલિકી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''અલ્મુસ્મા બહ બદીઅ''માં નકલ કરે છે જે તેઓએ ''ફુરૂએ માલિકિયહ્'' (માલિકી મઝહબ)ના મસાઈલ (મસ્અલામાં) કાઢવામાં લખી જયારે કે ''માલિકિયહ''ના પાસે આવી કોઈ કિતાબ ન હતી અને તેમાં તગૈયુરાતે શાફઈયહ (શાફી મઝહબમાં પરિવર્તન) પણ છે અને આમાં એ નિશ્ચય કરેલ છે કે :–

اَنَّہٗ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ لَمْ یَکُنْ مِنْہُ شَیْءٌ یُکْرَہُ وَلَا غَیْرُ طَیِّبٍ وَمِنْہُ حَدِیْثُ عَلِیٍّ رَضِیَ اللّٰہُ عَنْہُ غَسَّلْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ فَذَھَبْتُ اَنْظُرُ مَا یَکُوْنُ مِنَ الْمَیِّتِ فَلَمْ اَجِدْ شَیْئًا فَقُلْتُ طِبْتَ حَیًّا وَّمَیِّتًا وَّقَالَ وَسَطَعَتْ مِنْہُ رِیْحٌ طَیِّبَۃٌ لَمْ نَجِدْ مِثْلَھَا قَطُّ

**અર્થ:** બેશક ! નબી કરીમ صلی اللہ علیہ وسلم થી કોઈ નાપસંદ અને નાપાક ચીજ (નીકળતી) ન થતી હતી. આના અનુસંધાનમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી આ રિવાયત છે કે જ્યારે મેં નબીયે કરીમ صلی اللہ علیہ وسلم ને ગુસલ આપ્યું તો હું તે વસ્તુને જોવા લાગ્યો (પાખાનાને) જે મૈયતથી બહાર નીકળે છે. પછી મને આવી કોઈ વસ્તુ નજરે ન પડી. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપ (હયાત) જિંદગીની હાલતમાં પાક હતા અને પછી પણ પાક છો. તેમનો ઈર્શાદ છે કે આપના મુબારક શરીરમાંથી એવી ખુશ્બો નીકળી રહી હતી કે અમે ક્યારેય પણ જોઈ ન હતી. *(પેજ. ૫૩)*

આવું જ યારેગાર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માવ્યું છે, જ્યારે કે તેમણે આપની વફાત પછી આપને ચુંબન કર્યું હતું. અને આ કબૂલ કરનારથી આ બનાવ છે કે હઝરત માલિક બિન સનાન رضی اللہ عنہ એ નબી કરીમ ﷺ ની નસમાંથી ખૂન ચૂસી લીધું હતું. આપે તેમને તેમ કરવાથી રોક્યા ન હતા. અને આ બનાવ પણ એવો જ છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ એ આપની (પછના નસ્તરમાંથી) ખૂન પીધું, જેના પર આપે તેમનાથી ફર્માવ્યું કે અફસોસ! છે તારા માટે લોકોની તરફથી અને અફસોસ છે લોકોને માટે તારા તરફથી. અને તેમને પણ એવું કરવાથી આપે રોક્યા નહીં અને આવી રીતનો તે બનાવ પણ છે કે કોઈ સ્ત્રીએ આપનું પેશાબ પી લીધું હતું તો આપે તે સ્ત્રીને પણ આ ફર્માવ્યું હતું :–

لَنْ تَشْتَكِيْ وَجْعِ بَطْنِكِ اَبَدًا

**અર્થ** : "તારા પેટમાં ક્યારેય પણ દર્દ નહીં થાય."

આપે આ સ્ત્રીને ન તો કોગળો કરવાનો હુકમ આપ્યો, અને ન તેણીથી એવું ફર્માવ્યું કે હવે પછીથી આવું કદી ન કરવું. અને આ હદીષ પેશાબ પીવાના સંબંધના આધારે સનદ સહીહ છે. અને ઈમામ દારેકુત્ની رحمۃ اللہ علیہ એ ઈમામ મુસ્લિમ અને ઈમામ બુખારી رحمۃ اللہ علیہ ની ફરિયાદ કરી છે કે તેઓએ પોત પોતાની સહીહમાં (એટલે સહહી બુખારી અને સહીહ મુસ્લિમમાં) તેને કેમ સામેલ ન કરી!

ઉપરોક્ત સ્ત્રીનું નામ બર્કા હતું. તેના વંશ વિશે વિદ્વાનોનો મતભેદ છે. કેટલાકનું કથન છે કે તે ઉમ્મે યમન رضی اللہ عنہا હતાં, અને નબી કરીમ ﷺ ની ખિદમત કરતાં હતાં. તેમનું બયાન છે કે એક લાકડાનો પ્યાલો કેટલીય વખત માંદગીના દિવસોમાં રસૂલુલ્લાહ ﷺ ના ખાટલાની નીચે રાખવામાં આવતો હતો જેથી જો રાતે જરૂર પડે તો તેમાં પેશાબ કરી લેવામાં આવે. એક રાતે આપે પ્યાલામાં પેશાબ કર્યો હતો, પરંતુ સવારે જ્યારે જોયું ત્યારે પ્યાલો ખાલી હતો. રસૂલુલ્લાહ ﷺ એ બર્કાથી પૂછયું તો તે અર્ઝ કરવા લાગ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ આ જ રાત્રીએ હું એક વખત ઉંઘમાંથી ઉઠી ત્યારે તરસ લાગી હતી, હું એ સમજી કે પ્યાલામાં પાણી છે અને તેને પી લીધું. મને પેશાબ વિશે જાણકારી ન હતી. આ હદીષને ઈબ્ને જરીહ رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે.

**ખત્ના** : સરવરે કોનોમકાં ﷺ સુન્નત કરેલ અને મુબારક નાફ (નાડી) કાપેલ હાલતમાં પૈદા થયા હતા. આપના વાલિદા માજિદા હઝરત આમિના ખાતૂન رضی اللہ عنہا નું બયાન છે કે દુનિયામાં તશરીફ આવરી (આગમન)ના સમયે આપના મુબારક શરીર પર કોઈપણ પ્રકારની ગંદકી ન હતી, એથી વધીને એ કે બિલ્કુલ પાક સાફ હાલતમાં દુનિયામાં તશરીફ લાવ્યા. (પેજ–૧૨૯ જુઓ) અને દુનિયામાં લાંબી મુદ્દત સુધી શોભા વધારનાર બન્યા.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا (વફાત : હિ.સ. ૫૮) ફર્માવે છે કે મેં ક્યારેય પણ રસૂલુલ્લાહ ﷺ ની શર્મગાહની તરફ જોયું ન હતું.

હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે : તેઓ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મને વસિયત કરી હતી કે અય અલી ! તમારા સિવાય મને કોઈ ગુસલ ન દે, કેમ કે જો કોઈ બીજાએ મને ગુસલ આપ્યું તો તે આંધળો થઈ જશે.

અકરમાની હદીષમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما (વફાત : હિ.સ. ૬૮)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ સૂઈ ગયા અને એવા સૂઈ ગયા કે ખર્રાટની અવાઝ સંભળાતી હતી. કેટલાક સમય પછી આપ જાગૃત થયા અને વુઝૂ કર્યા વગર નમાઝ પઢવા લાગ્યા. હઝરત અકરમા ફર્માવે છે કે તેનું કારણ એ છે કે ઉંઘની હાલતમાં પણ આપ બેહોશીથી રક્ષિત હતા.

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## જીભની બારમી આફત

પોતાની જબાનથી ચુગલી કરવી એટલે કે એક મુસલમાનભાઈને બીજાથી દુશ્મની કરાવવી.

મિન્હાજુલ આબિદીનમાં છે :–

હઝરત ફુઝૈલ બિન અયાઝ એકવાર પોતાના વિદ્યાર્થીના સકરાંતના સમયે તેની પાસે તશરીફ લઈ ગયા અને તેની પાસે બેસી સૂરએ યાસીનની તિલાવત કરવા લાગ્યા તો તેણે કહ્યું કે સૂરએ યાસીન પઢવાનું બંધ કરી દો. પછી આપે તેને કલ્માની તલ્કીન કરી તો તેણે કહ્યું કે હું હરગિઝ આ કલમો નહીં પઢું, હું આનાથી બેઝાર છું ! બસ આ જ શબ્દો પર તે મૃત્યુ પામ્યો. હઝરત ફુઝૈલને પોતાના વિદ્યાર્થીના આવા બુરા ખાતમાનો સખત સદમો તથા દુ:ખ થયું અને ચાલીસ (૪૦) દિવસ સુધી પોતાના ઘરમાં બેસી રડતા રહ્યા. ચાલીસ દિવસ પછી આપે સ્વપ્ન જોયું કે ફરિશ્તા તેને જહન્નમ તરફ ખેંચી રહ્યા છે. તો આપે સવાલ કર્યો કે કયા કારણે અલ્લાહ તઆલાએ તારી મઅરેફત છીનવી લીધી ? તો તેણે જવાબ આપ્યો કે ત્રણ કારણના લીધે :–

**(૧)** ચુગલી **(૨)** હસદ **(૩)** એક બીમારીથી છૂટકારો મેળવવા ડોકટરના કહેવા અનુસાર હું દર વરસે દારૂનું એક ગ્લાસ પીતો હતો.

પ્યારા વાંચકો ! દિલમાં અલ્લાહનો ખૌફ પૈદા કરો અને અલ્લાહની બારગાહમાં તૌબા કરો. ચુગલી, હસદ તથા દારૂ પીવાના કારણે એક વલીએ કામિલનો વિદ્યાર્થી બુરી મૌતથી જહન્નમમાં પહોંચ્યો, આજે તો ચુગલી એટલી હદે ફેલાયેલી છે કે માણસને ખબર પણ નથી હોતી કે હું ચુગલી કરી રહ્યો છું. એટલે કે કોઈની વાત સાંભળી બીજાને એ રીતે કહેવી કે બંનેમાં વિખવાદ તથા લડાઈ થાય. દા.ત. એક માણસે બીજા વિશે કહ્યું કે ફલાણો ઘણી કુટેવવાળો છે અને આ વાત સાંભળી તમે તે માણસને કહી દીધી કે ફલાણો તારા વિશે આ રીતે કહી રહ્યો હતો, તો તમે ચુગલી કરી. અફસોસ ! કે આ બીમારી ઘણી જ ફેલાયેલ છે જેના કારણે કેટલાંયે ઘરો ઉજ્જડ થઈ જાય છે બલ્કે આખો સમાજ આ બીમારીના કારણે તબાહીના ખાડામાં જઈ રહ્યો છે.

"રૂહુલ બયાન"માં છે કે **કયામતના દિવસે ચુગલખોર વાંદરાની શક્કલમાં ઉઠાવવામાં આવશે.** હદીષે પાક છે કે **ચુગલખોર જન્નતમાં નહીં જાય.** માટે આપણે ચુગલીથી બચવાની સંપૂર્ણ કોશિશ કરવી જોઈએ.

અહયાઉલ ઉલૂમમાં આ હદીષે પાક પણ નકલ કરવામાં આવી છે કે તમારામાં અલ્લાહને નાપસંદ તે માણસો છે જે આમ તેમ વાતો ફેલાવી મુસલમાન ભાઈઓમાં વિખવાદ અને ફાટફૂટ પૈદા કરે છે. બીજી એક હદીષમાં છે કે ચુગલખોરને આખેરત પહેલાં તેની કબરમાં જ અઝાબ દેવામાં આવશે. *(અહયાઉલ ઉલૂમ, ભાગ–૩, પેજ–૧૫૫)*

પ્યારા વાંચક ભાઈઓ તથા બહેનો ! કોઈની વાત સાંભળો તો સમજો કે આપ તેના અમાનતદાર બની ગયા, જો બીજા સુધી આ વાત પહોંચાડવામાં દીન તથા દુનિયાનો ફાયદો હોય તો જરૂર આ વાત ખૂબ ફેલાવો પણ જો વાતને ફેલાવવામાં વિખવાદ

તથા લડાઈની શંકા હોય તો ખબરદાર કદાપિ તે વાતને ફેલાવી ચુગલખોરીનો ગુનો વ્હોરશો નહીં. નહીં તો આનો વબાલ દુનિયામાં પણ આવશે કે દુનિયામાં લોકોની નજરમાં બેઈજ્જત તથા બેવકાર થઈ જશો અને આખેરતમાં પણ જહન્નમમાં નાખવામાં આવશે.

**નોંધ** : જે વ્યક્તિને કોઈ બીજો માણસ એટલે કે ચુગલખોર કહે કે ફલાણા માણસે તારા વિશે આમ કહ્યું અથવા તારા વિરૂધ્ધ આવું કામ કરી રહ્યો છે, તો સાંભળનાર માણસે છ (૬) વસ્તુ પર અમલ કરવો જોઈએ :–

**સૌ પ્રથમ** એ કે તરત જ તેનું યકીન ન કરી લે કારણ કે જે કાંઈ તેને ખબર પડી છે તે ચુગલી છે અને બતાવનાર ચુગલખોરનું ફાસિક હોવું પણ જરૂરી છે અને અલ્લાહનું ફર્માન છે કે ફાસિકની વાત ન સાંભળો.

**બીજું** એ કે ચુગલી કરનારને ગુનાહથી દૂર રહેવાની શિખામણ આપે.

**ત્રીજું** એ તેને અલ્લાહ માટે દુશ્મન સમજે કારણ કે ચુગલખોરની દુશ્મની ફરાઈઝમાંથી છે.

**ચોથું** એ કે બીજા વિશે બુરા ખયાલો ન રાખે કારણ કે એ હરામ છે.

**પાંચમું** એ કે ખોજ ખબરમાં ન પડે એનાથી આપણને રોકવામાં આવ્યા છે.

**છઠ્ઠુ** એ કે વાત પોતાની જાત માટે પસંદ ન હોય તેને બીજા માટે પણ પસંદ ન કરે અને તેની ચુગલી વિશે પણ બીજા લોકોને ન કહે. *(કીમીયાએ સઆદત)*

**રિવાયત** : એક માણસને એવા બુદ્ધિશાળીની ખોજ હતી જે એના સાત સવાલોના જવાબ આપે છેવટે સાતસો (૭૦૦) માઈલે એક બુદ્ધિશાળી માણસ તેને મળ્યો તો તેણે સવાલ કર્યા અને પેલા માણસે જવાબ આપ્યા જે નીચે મુજબ છે :–

**સવાલ** : આસમાનથી વધુ ફેલાયેલ શું છે ?
**જવાબ** : અલ્લાહની રહમત.

**સવાલ** : જમીનથી વધુ વજનદાર શું છે ?
**જવાબ** : બેગુનાહ પર આરોપ લગાડવો.

**સવાલ** : પથ્થરથી વધુ સખત કઈ વસ્તુ છે ?
**જવાબ** : કાફિરનું દિલ.

**સવાલ** : આગથી વધુ ગરમ કઈ વસ્તુ છે ?
**જવાબ** : હસદની આગ સખ્ત ગરમ છે.

**સવાલ** : ..................
**જવાબ** : ..................

**સવાલ** : દરિયાથી વધુ તવંગર કઈ વસ્તુ છે ?
**જવાબ** : સબર કરનારનું દિલ વધુ તવંગર છે.

**સવાલ** : યતીમથી વધુ દુઃખી કોણ છે ?
**જવાબ** : ચુગલી કરનાર માણસ.

**હિકાયત** એક માણસ પોતાના બુદ્ધિશાળી મિત્રને મળવા આવ્યો અને આવતાં જ કહ્યું કે ફલાણો માણસ તારા વિશે આમ કહી રહ્યો છે. તે બુદ્ધિશાળી માણસે કહ્યું કે અફસોસ ! મારી પાસે આવતાં જ તું ત્રણ ખયાનતો કરી બેઠો ! :–

**પ્રથમ** તેં મારા ભાઈને મારા દિલથી દૂર કર્યો.

**બીજું** મારું દિલ બિલકુલ ખાલી હતું તેને વિના કારણે એક ફુઝૂલ કામમાં નાખ્યું.

**ત્રીજું** ખૂદ પોતાને મારી નજરોમાં નીચો કરી દીધો કે મેં તને ફાસિક તથા આરોપ લગાડનાર સમજી લીધો.

એકવાર ખલીફા સુલૈમાન બિન માલિકને એક માણસે પૂછયું, તેં મારા વિશે કંઈ કહ્યું છે ? તેણે જવાબ આપ્યો કે મેં કંઈ નથી કહ્યું. તો ખલીફાએ કહ્યું કે ઈન્સાફપ્રિય, ભરોસાપાત્ર માણસે કહ્યું છે. તે સમયે ઈમામ ઝૈદી પણ ત્યાં હતા તેમણે કહ્યું,હે અમીરુલ મો'મિનન ! ચુગલખોર માણસ ઈન્સાફ પસંદ અને ભરોસાપાત્ર કઈ રીતે બની શકે છે ?! તો ખલીફાએ કહ્યું, જાઓ ! સલામત રહો !

ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે માણસ તારી પાસે લોકોના ઐબો જાહેર કરે છે તે ખરેખર લોકો સમક્ષ તારી કમીઓ પણ બયાન કરતો હશે, એવો માણસ સજાને પાત્ર છે.

હઝરત મુસ્અબ ઈબ્ને ઝુબૈર رحمۃ اللہ علیہ ફર્માવે છે : ચુગલી કરનાર કરતાં ચુગલી સાંભળનાર મોટો મુજરિમ છે.

## જીભની તેરમી આફત

દોગલાપણું એટલે બે મિત્રો વચ્ચે બે રુખી વાત કરી બંનેને અલગ કરી દેવા. મતલબ એ કે એક વ્યક્તિને કહે કે ફલાણો તારો વિરોધી છે અને બીજી તરફ બીજી માણસને કહે કે ફલાણો માણસ તારો વિરોધી છે, આ રીતે બે રુખી વાત કરી બે મિત્રો વચ્ચે લડાઈ ઝઘડો અને વિખવાદ ઉભો કરવો અમુક લોકોની આદત હોય છે. જો એક માણસ સામે તમારી પ્રશંસા કરી તો થોડીવાર પછી બીજા માણસ સામે બુરાઈ કરવા લાગશે. આ આદત ચુગલખોરીથી પણ બદ્તર છે.

પ્યારા નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : જે માણસ દુનિયામાં દોગલો હશે કયામતના દિવસે તેને આગની બે જીભો હશે. *(અબૂ દાઊદ)*

હઝરત અમ્મારથી રિવાયત છે કે પ્યારા નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : જે દુનિયામાં દોગલો હશે કયામતમાં તેની આગની જબાન હશે. *(દારમી)*

કુર્આને પાકમાં આ પ્રકારના માણસને શૈતાન કહેવામાં આવ્યો છે.

## સાચુ બોલવાના ઓપચારિક ફાયદા

સાચુ બોલવાથી માણસનું સ્વાસ્થ્ય તથા દિમાગી તાકાત સારી થાય છે. આ વસ્તુનો ઉલ્લેખ "નોર્થ ટ્રોપી"ના નામે ઈંગ્લેન્ડમાં પ્રસારિત થનાર રિપોર્ટમાં કરવામાં આવ્યો, તેમાં એ પણ કહેવામાં આવ્યું કે જૂઠુ બોલનાર માણસનું સ્વાસ્થ્ય અસ્વચ્છ રહે છે ખાસ કરી જૂઠુ બોલનાર સ્ત્રીઓને બેખ્વાબી (ઉંઘ ન આવવી)ની બીમારી થઈ જાય છે. ઉપરોક્ત રિપોર્ટ મુજબ હકીકતોને ખોલનાર, કડવુ સત્ય બોલવાથી બદન તથા દિમાગની શક્તિમાં વૃદ્ધિ થાય છે અને જૂઠુ બોલનાર સ્ત્રીઓ હકીકતોને છુપાવી વિવિધ દિમાગી તનાવની શિકાર થઈ જાય છે. તેણીઓને પોતાના જૂઠને સાબિત કરવા નજરો જમાવી વાત કરવાની આદત હોય છે.

માહિરોના અનુસાર જૂઠુ બોલવાથી સ્ત્રીના સ્વાસ્થ્યની સાથોસાથ તેની ખૂબસૂરતી પર પણ ખરાબ અસરો પડે છે. રિપોર્ટ અનુસાર ફ્રાન્સ, ઈંગ્લેન્ડ અને જર્મનીની સ્ત્રીઓ સૌથી વધુ જૂઠુ બોલે છે જ્યારે કે અમેરિકન સ્ત્રીઓ જૂઠુ તથા સત્ય બંને મિલાવી બોલે છે. *(પેરાસાયકોલોજીના કરિશ્મા)*

**નિખાલસ નિય્યતની બરકત** : કયામતના દિવસે એક એવો બંદો અલ્લાહ તબારક વ તઆલાના દરબારમાં હાજર કરવામાં આવશે જેની પાસે પહાડોની જેમ નેકીઓના ઢગલા હશે. તે વખતે એક મુનાદી પુકારશે કે જે કોઈનો હક્ક આ નેકીઓના ઢગલા પર હોય તે પોતાના હક્કના બદલામાં એની નેકીઓ લઈ લે ! આવું સાંભળીને લોકો આવશે અને તેની નેકીઓ લેતા જશે, એટલે સુધી કે નેકીઓ પૂરી થઈ જશે. અને પેલો બંદો હેરાન, પરેશાન થઈ જશે. તો તે જ વખતે ખુદા તઆલા કહેશે કે તારો એક ખજાનો મારી પાસે છે જેની ખબર મેં મારા ફરિશ્તાઓને પણ નથી આપી, અને ન મારી કોઈ મખ્લૂકને ! તો પેલો બંદો કહેશે, અય મારા ખુદા ! તે શું છે ?! અલ્લાહ તબારક વ તઆલા ફર્માવશે, તે તારી નેક નિય્યતો છે જે તેં દુનિયામાં કરી હતી. તે નેકીઓને મેં સિતેર (૭૦) ઘણી કરી લખી રાખી છે. જે તારી બખ્શિશના માટે પૂરતી છે, દુ:ખી થવાની જરૂરત નથી. (સુબ્હાનલ્લાહ !)

**-સૈયદ મુહમ્મદ તૌફીક અરગામાવાલાના હરીફાઈવાળા લેખમાંથી સાભાર**

# ઈસ્લામમાં ઈખ્લાસનું મહત્વ અને આપણા બુઝુર્ગો

લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ

અઝ : જનાબ મુહમ્મદ મુનવ્વર રઝા (મુતઅલ્લિમ દારુલ ઉલૂમ મિસ્કિનીયા–ધોરાજી)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**ઈખ્લાસ** ઈસ્લામી ઈબાદતોની બુન્યાદ છે કારણ કે તેના વગર ઈબાદતનો જે સવાબ મળવો જોઈએ તે નથી મળતો જેથી દરેક પ્રકારની ઈબાદત માટે ઈખ્લાસ જરૂરી છે. ઈખ્લાસનો અર્થ શબ્દકોશમાં "નામ વગર કરવું" થાય છે તેથી આમાલને દેખાવ, નામના, દૌલત પ્રાપ્તિ અને પોતાના ફાયદાથી દૂર રાખવાને ઈખ્લાસ કહેવાય છે.

**ઈખ્લાસ** બહુ જ મોટી નેઅમત છે કારણ કે જેણે ઈખ્લાસ હાંસલ કરી લીધી તેણે પોતાના નફ્સ પર કાબૂ મેળવી લીધો અને જેણ નફ્સ પર કાબૂ મેળવી લીધો તેણે ખુદાને રાજી કરી લીધો, જેણે ખુદાને રાજી કરી લીધો તેણે ખુદાની નિકટતા પ્રાપ્ત કરી લીધી.

અલ્લાહ ﷻ કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવે છે :

وَمَا أُمِرُوْا إِلَّا لِيَعْبُدُوا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۙ حُنَفَآءَ وَيُقِيْمُوا الصَّلٰوةَ وَيُؤْتُوا الزَّكٰوةَ وَذٰلِكَ دِيْنُ الْقَيِّمَةِ ۝

**તર્જુમો** : "અને તેમને એ જ હુકમ આપવામાં આવ્યો હતો કે અલ્લાહની ઈબાદત કરે અને એક તરફ થઈને તેના દીનમાં ઈખ્લાસ રાખે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત અદા કરે અને આ જ કાયમ રહેવાવાળો ધર્મ છે." *(પા. ૩૦, સૂરએ બૈયના, આયત–૫)*

**ઈખ્લાસ**નું મહત્વ ઉપરોક્ત આયતથી સમજાય છે કે અલ્લાહ તઆલાએ કુર્આને મજીદમાં ઈખ્લાસનો હુકમ આપ્યો અને તે પણ નમાઝ અને ઝકાતના હુકમથી પહેલાં. અને પોતાના બંદાઓને બતાવી આપ્યું કે નમાઝ અને ઝકાત જેવી મહત્વની ઈબાદત કરતા પહેલાં દિલના અરીસાને દેખાવ, નામ, દૌલત પ્રાપ્તિ વગેરેથી પાક કરી લે જો તો જ તમને ઈબાદતમાં મીઠાશ મળશે અને મળવા લાયક સવાબ મળશે.

હદીષની મશ્હૂર કિતાબ "બુખારી શરીફ"ની પહેલી હદીષે પાક પણ ઈખ્લાસ સંબંધી છે. અલ્લાહના પ્યારા રસૂલ ﷺ એ પણ ઈખ્લાસ પર બહુ જોર આપ્યું છે જેથી મુસલમાનોના દિલોમાં દરેક કામ કરતી વખતે ઈખ્લાસ જાગૃત રહે.

અલ્લાહ ﷻ ના પ્યારા રસૂલ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું છે કે :–

انما الا اعمال بالنيات وانما لكم امرى مانوى.....

*(છેવટ સુધી.....)*

**તર્જુમો** : "બેશક ! સર્વ કામોનો આધાર નિય્યતો ઉપર છે અને દરેક વ્યક્તિ માટે તે છે જેની તેણે નિય્યત કરી તો જેની હિજરત અલ્લાહ અને રસૂલુલ્લાહ ﷺ માટે છે તો તેના માટે તેનો સવાબ છે અને જેની હિજરત કમાવા માટે અથવા શાદી કરવા માટે છે તેના માટે તે જ છે જેના માટે તેણે હિજરત કરી."

આ હદીષે પાકમાં બતાવવામાં આવ્યું છે કે કામોનો દારોમદાર નિય્યતો પર છે, નિય્યત સારી

હશે તો અંજામ સારો થશે માટે નિય્યતોને સારી રાખવી જરૂરી છે. આપણા બુઝુર્ગોએ ઈખ્લાસ થકી કેવી રીતે ઈસ્લામ ફેલાવ્યું છે તે વાંચો :–

હુઝૂર ﷺ ની જાહેરી વફાત પછી હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ પોતાની પ્યારી સાહબઝાદી હઝરત આઈશા رضی اللہ عنہا થી પૂછયું કે કોઈ કામ એવું તો નથી જે હુઝૂર ﷺ કરતા હોય અને હું ન કરતો હોઉં ! હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે હુઝૂર ﷺ દર અઠવાડિયે મીઠો હલ્વો બનાવીને આ બાજુ જતા હતા. હઝરત સિદીકે અકબરે કહ્યું કે વારુ ! હલ્વો બનાવો હું પણ ત્યાં જઈશ. આપ હલ્વો લઈને તે બાજુ ગયા તો ગુફામાં એક વ્યક્તિને જોયો જે બહુ જ કમજોર અને આંખોથી અંધ હતો, તેના બદન પર કોઢ હતા. જયારે કોઢીએ પગરવ સાંભળ્યો તો તરત જ મોઢુ ખોલ્યું. ખલીફએ અવ્વલે આંગળીથી થોડોક કાઢી તેના મોઢામાં મૂક્યો. હલ્વો મોઢામાં રાખતાં જ તે વ્યક્તિ ધ્રુજી ગયો, પછી તકલીફદાયક અવાજ કાઢીને કહ્યું, "શું મુહમ્મદ ﷺ એ વિસાલ ફર્માવી દીધો ?" હઝરત અબૂબક્ર સિદીકે થોડીક વાર મૌન રહીને જવાબ આપ્યો કે હા, તે ઉમ્મતના શફીક આકાએ પર્દો ફર્માવી લીધો. કોઢીએ પૂછયું, તમે કોણ છો ?! હઝરત અબૂબક્રે જવાબ આપ્યો, "મારું નામ અબૂબક્ર છે, મને મુસલમાનોએ પોતાનો ઈમામ અને ખલીફએ રસૂલ બનાવ્યો છે." તેના પછી હઝરત અબૂબક્રએ તે કોઢીને પૂછયું કે હું સમજતો હતો કે રસૂલુલ્લાહ ﷺ તમારા માટે હલ્વો લાવતા હતા અને રસૂલુલ્લાહ ﷺ ના તરીકા ઉપર અમલ કરીને હું પણ લઈ આવ્યો, હવે હું હેરાન છું કે મેં શું ખોટુ કર્યું ?! કોઢીએ કહ્યું, તમારો વિચાર બહુ જ સાચો છે પણ તમને ખબર ન હોવાથી તમારાથી ખવડાવવામાં ભૂલ થઈ છે, સાંભળો હે મુહમ્મદ ﷺ ના જાનશીન ! જયારે હું મોઢુ ખોલતો તો તમારા નબી ﷺ પોતાની જીભ મુબારક પર હલ્વો રાખીને મારા મોઢામાં નાખી દેતા હતા જેથી મને તકલીફ થતી ન હોતી. જયારે તમે આંગળીથી હલ્વો મારા મોઢામાં નાખ્યો અને તમારી આંગળી મારી જીભને અડકવાથી મને જે તકલીફ થઈ તેના પરથી હું સમજી ગયો કે મુહમ્મદ ﷺ ને દુનિયાથી ઉઠાવી લેવામાં આવ્યા છે. હુ મુસલમાન નથી અને મને મુહમ્મદ ﷺ ની નબુવ્વત પર યકીન પણ ન હોતો પણ આજે આ જોઈને કે તેમના જાનશીન અને સહાબી કેવા ખુલૂસ સાથે પોતાના રસૂલ ﷺ ના નક્શે કદમ પર ચાલે છે અને શરીઅતે મુહમ્મદિયા ફેલાવવા માટે કેવા ઉત્સાહિત છે ! જેથી તેમની નબુવ્વત બાબતે પૂરું યકીન આવી ગયું કે જેમના સહાબી આવા સારા હોય તે નબી કેટલા સારા હશે ! હકીકતમાં તે પૈગંબર હતા. આટલુ કહીને તે કોઢીએ મોટેથી કલ્માએ તૈયબા પઢયું અને હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ના ઈખ્લાસના કારણે તેમના હાથ પર મુસલમાન થઈ ગયા. (સુબ્હાનલ્લાહ !)

જોયું તમે ! કેવા ઈખ્લાસ સાથે હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ ઈસ્લામનો ફેલાવો કર્યો.

એક વખત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એક કાફિરને હરાવીને તેના સીના પર બેસી ગયા અને તેને કત્લ કરવાની ઈચ્છા કરી તેવામાં તે કાફિર આપના ચેહરા મુબારક પર થૂક્યો, તો આપ તેના સીના પરથી ઉતરી ગયા. તો તેણે આશ્ચર્યથી પૂછયું કે તમે મને કાબૂમાં લઈ લીધો તો પછી મને કત્લ કેમ ન કર્યો ?! ફર્માવ્યું, પહેલાં ખાલિસ અલ્લાહ માટે તને કત્લ કરવાનો ઈરાદો હતો પણ તેં મારા મોઢા પર થૂક્યું તેથી તેમાં મારો નફ્સ વચ્ચે આવ્યો અને ઈખ્લાસ રહ્યો નહીં તેથી મેં તને કત્લ ન કર્યો. આ સાંભળીને તે મુસલમાન થઈ ગયો. કે જે રસૂલના માનવાવાળા આટલા નિખાલસ હોય તે રસૂલનો મઝહબ જૂઠો નથી હોઈ શક્તો.

પ્યારા દીની ઈસ્લામી ભાઈઓ ! કેવા પ્યારા, સાચા અને મુખ્લિસ લોકો હતા કે જેમણે જીતી ગયા

પછી પણ પોતાના મોઢા પર થૂંકનારને ઈખ્લાસને ખાતર કત્લ ન કર્યો. અને એ ઈખ્લાસે કાફિરના દિલની દુનિયા બદલી નાખી ! જો આપણામાં પણ આ ઈખ્લાસ હોત તો આજે આપણી આવી દુર્દશા ન થાત.

હઝરત યહ્યા બિન મુઆઝ ફર્માવે છે કે :–

"અમલને ખામીઓથી એવી રીતે કાઢી લેવું ઈખ્લાસ છે જેવી રીતે છાણ અને લોહીમાંથી દૂધ કાઢી લેવામાં આવે."

હઝરત અબુલ હસન ફર્માવે છે કે :–

"ઈખ્લાસ તે ચીજ છે જેને ન કોઈ ફરિશ્તો લખે ન શૈતાન તેને બગાડે ન કોઈ ઈન્સાનને તેની ખબર પડે."

હઝરત દાઊદ તાઈ ચાલીસ વર્ષ સળંગ રોઝા રાખતા રહ્યા પણ તેમનાં ઘરવાળાઓને પણ તેની ખબર ન પડી ! તેઓ કામ પર જતા પહેલાં બપોરનું ભોજન સાથે લઈ લેતા અને રસ્તામાં કોઈને આપી દેતા, સાંજે ઘરે આવીને રોટી ખાતા. દુકાનવાળા જાણતા કે ઘરેથી જમીને આવ્યા છે ! કોઈને ખબર પણ ન પડતી કે આપ રોઝાથી છે. આને કહેવાય ઈખ્લાસ કે આપ રોઝા રાખતા અને ઘરવાળાઓને પણ ખબર ન હોતી પડતી કે આપ રોઝાથી છે ! (સુબ્હાનલ્લાહ !)

આવો ! હઝરત જુનૈદ બગદાદી رحمۃاللہ علیہ નો ઈખ્લાસ સંબંધી પ્રસંગ વાંચીએ :–

હઝરત જુનૈદ બગદાદી رحمۃاللہ علیہ એ એક વખત પોતાના વાએઝમાં ફર્માવ્યું, "અય લોકો ! મેં ઈખ્લાસ એક હજામથી પ્રાપ્ત કર્યો. તે જમાનામાં જ્યારે હું મક્કામાં રહેતો હતો, મેં એક વાળંદને જોયો જે એક ધનિકની હજામત બનાવી રહ્યો હતો. મેં તેને કહ્યું, ખુદાના વાસ્તે મારી પણ હજામત બનાવી આપ ! આ સાંભળીને તેણે તે ધનિકની હજામત છોડીને મારા વાળ કાપવા શરૂ કર્યા, મારા વાળ કાપી લીધા પછી વાળંદે કાગળની એક પડીકી મને આપી અને પછી તે ધનિકના વાળ કાપવા લાગ્યો. મેં તેને પૂછયું, અય ખુદાના બંદા ! આ શું છે ?! હજામે કહ્યું, આ પડીકી રાખી લ્યો, જરૂરત પ્રમાણે ખર્ચ કરશો. સફરમાં મારી હાલત ખરાબ હતી અને હું જરૂરતમંદ હતો જેથી મેં તે પડીકી રાખી લીધી, પણ દિલમાં નિય્યત કરી લીધી કે જ્યારે કોઈ રસ્તો થશે તો હું તેના એહસાનનો બદલો ચૂક્વી દઈશ, કારણ કે કુર્આનમાં છે : "એહસાનનો બદલો એહસાન જ હોય છે." અલ્લાહે કર્યું અને થોડાક દિવસો પછી મારો એક મિત્ર બસરાથી આવ્યો અને તેણે અશ્રફીઓથી ભરેલી થેલી મને આપી, થેલી હાથમાં આવતાં જ મને મારો વાયદો યાદ આવ્યો અને હું તે થેલી લઈને તે હજામની શોધમાં નીકળી પડયો. થોડી શોધખોળ પછી તે વાળંદ મને મળી ગયો તો મેં તે થેલી તેને આપી. થેલી જોઈને વાળંદ ખૂબ જ ગુસ્સે થયો અને કહ્યું, મેં તમારી ખિદમત તે નામની અઝમતના કારણે કરી હતી જેનો તમે મને વાસ્તો આપ્યો હતો ! તમે મારા મૌલા અને ખાલિક અલ્લાહ રબ્બુલ ઈઝઝતનું નામ લીધું તો મેં અમીરની નારાઝગીની પરવા કર્યા વગર તેની હજામત છોડી અને તમારી ખિદમત કરી. હવે તમે મને તે ખિદમતનો બદલો આપવા આવ્યા છો ?! શું તમને ખબર નથી કે અલ્લાહ માટે કામ કરવાવાળો કોઈનાથી કોઈ બદલો નથી લેતો ! હું બદલો લઈને પોતાની નેકી અને ખિદમતને વેડફવા નથી માંગતો. અશ્રફીઓની થેલી તમે લઈ લો અને ચાલતા થાવ. હઝરત જુનૈદ બગદાદી رحمۃاللہ علیہ નું બયાન છે કે, "હું તે હજામના ઈખ્લાસને જોઈને આશ્ચર્યમાં પડી ગયો કે એક મામૂલી હજામ ઈબાદતની આ રૂહનો કેટલો જાણકાર છે જેનાથી મોટા મોટા પણ અજાણ છે !"

હઝરત જુનૈદ બગદાદી رحمۃاللہ علیہ ફમાવે છે કે ઈખ્લાસ ખુદા અને બંદાની વચ્ચે એવો ભેદ છે જેને ન તો કોઈ ફરિશ્તો જાણે છે કે તેને લખે અને ન શૈતાન જાણે છે કે તેને ઈખ્લાસથી રોકે.

હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃاللہ علیہ ફર્માવે છે કે ત્રણ ચીજો ઈખ્લાસની નિશાની છે :–

૧. આમ લોકોની તારીફ અને બુરાઈ બંદા માટે બરાબર હોય.

૨. કામોમાં પોતાના કામોને જોવાનું ભૂલી જાય.

૩. અને તે પણ ભૂલી જાય કે તે આખેરતમાં પોતાના સત્કર્મોનો સવાબ ઈચ્છે છે.

અહલે સુન્નતના ઈમામ, આશિકે રસૂલ, સાચા નાઈબે રસૂલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ પ્યારા આકા, મદની આકા ﷺ ની બારગાહમાં અર્ઝ કરે છે :–

કામ વો લે લીજીએ-તુમકો જો રાઝી કરે
ઠીક હો નામે **"રઝા"**- તુમ પે કરોળોં દુરૂદ

સાર એ કે કુર્આન મજીદ, હદીષે પાક અને બુઝુર્ગોના કથનો અને તેમની જિંદગીનો અભ્યાસ કરવાથી સમજાય છે કે દરેક ઈબાદત ઈખ્લાસ વગર બેકાર છે. અલ્લાહ પાક આપણને ઈખ્લાસની સાથે ઈબાદત કરવાની અને આપણા બુઝુર્ગોના ચીંધેલા માર્ગે ચાલવાની તૌફીક અર્પે...

(આમીન, આમીન, આમીન)

## દરેક મુસ્લિમે જાણવી જરૂરી ઈલ્મ એટલે
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## મો'જિઝા

જે કામો આમ મનુષ્યો કે જિન્નતોને માટે શક્ય ન હોય તેવાં કાર્યો જ્યારે નબીઓ પોતાની નબુવ્વતની સાબિતી રૂપે રજૂ કરી બતાવે ત્યારે તેને **મો'જિઝા** કહે છે. જેવી રીતે કે મુર્દાને સજીવન કરવું, આંગળીના ઈશારાથી ચંદ્રના બે ટુકડા કરવા. એવી જ કોઈ અજીબ નવાઈ પમાડનાર વાત કોઈ વલીથી સાબિત થાય છે તો તેને **કરામત** કહે છે. કોઈ એવી વાત ફાસિક, ફાજિર, બદ્કાર, કાફિર, નજૂમીથી જાહેર થાય તો તેને **ઈસ્તેદારાજ** કહેવામાં આવે છે, જે લોકોને ગુમરાહ કરવા માટે શૈતાનના તરફથી હોય છે.

મો'જિઝાને જોઈ નબીની સચ્ચાઈ લોકોમાં જાહેર થાય છે, અને વિચારે છે કે જે માણસ આવા આવા ચમત્કારો બતાવે છે કે જે કોઈ પણ સામાન્ય માણસની શક્તિની બહારની વાત છે તે જરૂર અલ્લાહના તરફથી મોકલેલ નબી જ છે. મો'જિઝા હમેશાં નબી જ બતાવી શકે છે, નબુવ્વતનો જૂઠો દાવો કરનાર કદી પણ મો'જિઝા બતાવી શક્તો નથી, અગર એવું ન હોત તો સાચા જૂઠાને ઓળખી ન શકાત.

**જરૂરી મસ્અલો** : અંબિયા علیہم الصلوۃ والسلام થી જે કંઈ લગઝિશો જાહેર છે તે ફક્ત કુર્આન મજીદ અને હદીષ મુબારકની તિલાવત કરવા પૂરતું જાઈઝ છે. બાકી એમની ચૂકો દાખલા–દલીલો રૂપે રજૂ કરવું સખ્ત મના અને હરામ છે. અલ્લાહના ખાસ બંદાઓની બારગાહમાં આમ લોકોની શી મજાલ ?! અલ્લાહ એમનો માલિક છે, જે જગ્યાએ જેવી રીતે અલ્લાહે ચાહ્યું તેવી રીતે એમની પાસેથી કામ લીધું. એઓ અલ્લાહના પ્યારા છે અલ્લાહ તઆલાથી તવાઝોઅ–નરમી–વર્તનમાં પોતાના મરતબા મુજબ વર્તે છે, આમ લોકો એમની વાતોને સનદ બનાવી શક્તા નથી. એટલે કે નબીને લગઝિશના મોકા પર અલ્લાહ તઆલાએ જે નબીને જે વાત કહી અથવા નબીએ આજિઝી રૂપે પોતાને માટે જે કહ્યું, તે કોઈ ઉમ્મતી નબીના વિશે કહી શક્તો નથી. નબીના વિશે ઉમ્મતીએ એવું કહેવું નાજાઈઝ અને હરામ છે. દા.ત. હઝરત આદમ علیہ الصلوۃ والسلام એ દુઆમાં કહ્યું કે, અય રબ ! મેં મારા નફ્સ ઉપર જુલ્મ કર્યો ! તો કોઈ માણસ એવું નથી બોલી શક્તો કે હઝરત આદમ علیہ الصلوۃ والسلام એ પોતાના નફ્સ ઉપર જુલ્મ કર્યો. ફતાવા કાઝીખાનમાં છે કે **જે માણસ કોઈ નબીની કોઈ પણ વાતમાં એબ (ખામી) બતાવે તે કાફિર છે.**

# સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ

رحمة الله تعالٰی علیه

અઝ : ઈમ્તિયાઝ દાઊદ બાલા-કિલ્લાપારડી

બ ગીરદા બે બલા ઉફતાદા કશ્તી
ઝઈફાને શિકસ્તાહ રા તૂ પુશ્તી
બ હક્કે ખ્વાજએ ઉષ્માન હારૂની
મદદકુન યા મોઈનદ્દીન ચિશ્તી

અતાએ રસૂલ, સુલ્તાનુલ્ હિંદ, હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہની વિલાદત ઈરાન દેશના, ઈસ્ફહાનના સંજર નામના કસ્બામાં હિ.સ. ૫૩૭ (ઈ.સ. ૧૧૪૨) રજબ મહિનાની ૧૪ મી તારીખે પીરના દિવસે થઈ. આપના વાલિદે માજિદનું નામ સૈયદના હઝરત ખ્વાજા ગ્યાસુદ્દીન અને વાલિદા માજિદાનું નામ ઉમ્મુલ વરઅ્ (બીબી માહે નૂર) હતું. આપના વાલિદે માજિદની વંશાવળી ૧૩ મી પેઢીએ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને અને વાલિદા માજિદાની વંશાવળી ૧૦ મી પેઢીએ હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ને મળે છે તેથી આપને હસની–હુસૈની સૈયદ કહેવામાં આવે છે. આપના વાલિદે માજિદ ખ્વાજા ગ્યાસુદ્દીન આલિમ, ફાઝિલ અને સાહિબે કમાલ બુઝુર્ગ હતા અને આપના વાલિદા પણ આબિદા ઝાહિદા હતાં. આપની ઉંમર લગભગ ૧૪ વર્ષની હતી ત્યારે જ હિ.સ. ૫૪૪માં આપના વાલિદે માજિદનો ઈન્તેકાલ થઈ ગયો. આપને વારસામાં એક બાગ અને એક પવનચક્કી મળ્યાં. જેને આપે રોજીનો ઝરીયો બનાવ્યો. એક દિવસ આપ બાગમાં પાણી સીંચી રહ્યા હતા તેવામાં એક બુઝુર્ગ, કામિલ શખ્સિયત હઝરત ઈબ્રાહીમ કંદૂઝી رحمۃ اللہ علیہ બાગમાં તશરીફ લાવ્યા, આપે તેમને બાઅદબ, ઈજ્જતથી, માનપૂર્વક આવકાર્યા અને એક દ્રાક્ષનો ઝુમખો તોડી તેમને ખાવા માટે આપ્યો. પેલા મજઝૂબ હઝરત ઈબ્રાહીમ કંદૂઝીને આપની આ મહેમાન નવાઝીની અદા ખૂબ જ પસંદ પડી તેથી હઝરત ઈબ્રાહીમ કંદૂઝીએ પોતાના બગલ થેલામાંથી ખોળ કાઢી તેને ચાવીને આપના મોઢામાં મૂકી દીધો. બસ, આ ખોળનો ટુકડો ખાતાં જ ખ્વાજા સાહબનું દિલ નૂરે ઈલાહીથી પ્રકાશિત થઈ ગયું અને આપના દિલની દુનિયા જ બદલાઈ ગઈ. આપ બાગ, પવનચક્કી તથા અન્ય જે કાંઈ સામાન હતો તે વેચી, તે રકમ અલ્લાહની રાહમાં ખર્ચી સમરકંદ તરફ ચાલી નીકળ્યા. ત્યાં આપે મૌલાના હુસામુદ્દીન બુખારી અને મૌલાના શરફુદ્દીન સાહબ શરઉલ ઈસ્લામ જેવા ખ્યાતનામ ઉલ્માથી ઈલ્મ હાંસલ કર્યો. ત્યાં આપે કુર્આન શરીફ કંઠસ્થ કર્યું. તફસીર, હદીષ, ફિકહ તથા અન્ય ઈલ્મ મેળવી આપ "આલિમ" બન્યા. હિ.સ. ૫૫૫ (ઈ.સ. ૧૧૬૦)માં બાતિની ઈલ્મ મેળવવા માટે આપ બગદાદ શરીફ પહોંચ્યા ત્યાં આપની મુલાકાત હઝરત શયખ શહાબુદ્દીન ઉમર સુહરવર્દીના મુર્શિદ હઝરત શયખ ઝિયાઉદ્દીન અબૂ નજીબ અબ્દુલ કાદિર સુહરવર્દીથી થઈ. હિ.સ. ૫૮૦ (ઈ.સ. ૧૧૮૪)માં કસ્બા સંજાર પહોંચી શૈખ નજીબુદ્દીન કુબ્રાની ખિદમતમાં અઢી મહીના રોકાઈ જીલ ગામ પહોંચી હઝરત શૈખ મોહીયુદ્દીન અબ્દુલ કાદિર જીલાનીથી મુલાકાત કરી બાતિની ફયૂઝો–બરકતોથી માલામાલ થયા. ત્યારબાદ

નિશાપૂરના હારૂન નામના ગામમાં આપે મુર્શિદે કામિલ અબૂન્નૂર ખ્વાજા ઉષ્માન હારૂની ચિશ્તીથી બયઅતનો શરફ હાંસલ કર્યો અને અઢી વરસ સુધી પીરની સરપરસ્તીમાં તથા નિગરાનીમાં ઈબાદત તથા મુજાહિદામાં લીન રહ્યા. ત્યારબાદ આપના પીરો મુર્શિદ સાથે હજ્જે બયતુલ્લાહ શરીફ ગયા ત્યાં આપે મક્કા મુકર્રમા તથા મદીના તૈયબહની પ્રથમ સફર કરી.

આફતાબે ચિશ્તિયા, નાયબે રસૂલુલ્લાહ, વારિસુલ અંબિયા હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ ખાનએ કા'બાની ઝિયારત તથા તવાફે કા'બાનું વર્ણન કરતાં જણાવે છે કે મારા પીરો મુર્શિદે મારો હાથ પકડી, મને હક્ક તઆલાને સુપુર્દ કર્યો અને મારા માટે રબથી દુઆ કરી તો ગયબથી અવાજ આવ્યો, "અમે મોઈનુદ્દીનને કબૂલ કર્યા." *(અનીસુલ અરવાહ)*

ત્યારબાદ આપના મુર્શિદ સાથે આપે મદીના મુનવ્વરા પહોંચી, બારગાહે રસૂલે મકબૂલ صلی اللہ علیہ وسلم માં હાજરી આપી. મુર્શિદે હુકમ કર્યો "સલામ કરો !" આપે સલામ અર્ઝ કરી, જવાબ આપ્યો : "વઅલૈકુમુસ્સલામ !"

આ સાંભળી મુર્શિદે કહ્યું, "અય મોઈનુદ્દીન ! હવે તું કમાલના દરજ્જે પહોંચી ગયો !" ત્યાંથી આપ મસ્જિદે નબવી પહોંચ્યા જ્યાંથી આપને દરબારે રિસાલતથી આ બશારત મળી :–

"અય મોઈનુદ્દીન ! તું મારા દીનનો મુઈન છે, મેં તને હિંદુસ્તાનની વિલાયત અતા કરી, ત્યાં કુફ્રો શિર્ક થકી ગુમરાહી છવાયેલ છે, તો તું અજમેર જા ! તારા જવાથી ત્યાંથી અંધકાર દૂર થશે."

હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ મદીના શરીફથી બગદાદ, ત્યાંથી મુલતાન થઈ લાહોર પહોંચ્યા. જ્યાં આપે હઝરત અબુલ હસન મીલી ઈબ્ને ઉષ્માન હિજવૈરી رحمۃ اللہ علیہ (જેમને અકીદતમંદો હઝરત દાતાગંજ બખ્શ લાહોરીના નામથી પોકારે છે)ની બારગાહમાં પહોંચ્યા. હઝરત દાતા ગંજબખ્શ લાહોરીના મઝાર શરીફ ઉપર આપ ચાલીસ દિવસ સુધી ચિલ્લામાં રહ્યા અને ત્યાંથી ફયૂઝો બરકાત હાંસલ કરી વિદાય વેળાએ આ મશ્હૂર શેઅર ઈર્શાદ ફર્માવ્યો :–

ગંજબખ્શ ફયઝે આલમ મઝહરે નૂરે ખુદા
નાકિસાંરા પીરે કામિલ કામિલાંને રહનુમા

ત્યાંથી આપ ૪૦ દરવેશો સાથે સમાના થઈ હિ.સ. ૫૮૬ (ઈ.સ. ૧૧૯૦)માં પ્રથમ વખત અજમેર પહોંચ્યા. તે સમયે અજમેરનો રાજા પૃથ્વીરાજ ચૌહાણ હતો. ખ્વાજા સાહબનો અજમેરમાં રૂહાની દબદબો વધતો જતો હોવાથી રાજાથી એ સહન ન થતાં આપને હેરાન કરવા ઘણા નિરર્થક પ્રયાસો કર્યા. પરંતુ અલ્લાહના વલીની રૂહાની તાકાત તથા અગણિત કરામતો સામે તે બધું વ્યર્થ સાબિત થયું. રાજાની કનડગત વધી જતાં એક દિવસે આપે જલાલના આલમમાં ફર્માવ્યું, "પૃથ્વીરાજને મેં ગિરફતાર કરી લશ્કરને હવાલે આપ્યો." *(મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત)*

હવે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ની અદના કરામત જુઓ :–

આ તરફ ખુરાસાનમાં શાહબુદ્દીન ગૌરીએ ખ્વાબમાં જોયું કે સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીએ તેને હિંદુસ્તાનની સલ્તનત બખ્શી છે. *(સૈરૂલ અકતાબ)*

બાદશાહ શાહબુદ્દીન ગૌરી ગઝનવીએ પૂરી તૈયારી સાથે તરાઈન આવી પૃથ્વીરાજ ચૌહાણ સાથે જંગ કરી એક મહાન વલીની દુઆથી એ ફતહ મેળવે છે. આ સાથે હિંદમાં મુસ્લિમોનો દબદબો વધે છે. ત્યારબાદ હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان એ પોતાના ખલીફાઓ અને મુરીદોને હિંદના ખૂણે ખૂણે પહોંચાડી તૌહીદ અને

રિસાલતનો પૈગામ પહોંચાડી કુફ્રો–શિર્કને દૂર કરી મહોબ્બતથી, એખલાસથી, પ્રેમપૂર્વક, કોઈપણ હથિયાર વિના ઈસ્લામનો ફેલાવો કર્યો છે. આપનાથી ૪૬૦૦થી વધુ કરામતો જાહેર થઈ એવું કહેવાય છે. સરકાર ખ્વાજા ગરીબ નવાઝની નિગાહે ફયૂઝથી ૯૦ લાખ લોકોએ ઈસ્લામ કબૂલ કર્યો છે.

આપે ઘણી કિતાબો પણ લખી છે જેમાંથી કેટલીક નીચે મુજબ છે :–

**(૧)** દીવાને ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી **(૨)** અનીસુલ અરવાહ **(૩)** મેઅરાજુલ અનવાર **(૪)** ગંજુલ અસરાર **(૫)** હદીષુલ મઆરિફ **(૬)** રિસાલએ વજદિય

मोहीयुद्दीन गौष है और ख्वाजा मोईनुद्दीन है
अय हसन ! क्यूं न महफूज़ हो अक़ीदा तेरा

*–(મૌલાના હસન રઝાખાં બરેલ્વી)*

આપનો પ્રથમ નિકાહ નેકબખ્ત ખાતૂન બીબી અમતુલ્લાહ સાથે હિ.સ. : ૫૯૦ (ઈ.સ. ૧૧૯૪)માં થયો. તેમના થકી : **(૧)** ખ્વાજા ફખ્રુદ્દીન ચિશ્તી વિલાદત હિ.સ. ૫૯૧ (ઈ.સ.૧૨૬૧), વિસાલ : ૫–શાબાન હિ.સ. ૬૬૧ (ઈ.સ. ૧૩૬૧) સરવાર શરીફ **(૨)** અબૂ સાલેહ ખ્વાજા હુસામુદ્દીન **(૩)** બીબી હાફિઝ જમાલ આપનો બીજો નિકાહ બીબી ઈસ્મતુલ્લાહ જોડે થયેલ જેમના પેટે હઝરત અબૂ સઈદ ખ્વાજા ઝિયાઉદ્દીન પેદા થયા.

વફાત પહેલાં આપે તમામ તબુર્રકાત હઝરત ખ્વાજા બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ને આપી રજબ મહિનાની પાંચ તારીખે હુજરા મુબારકમાં જઈ દરવાજો અંદરથી બંધ કરી ઝિક્રે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા. સવારે નમાઝ માટે ખાદિમોએ દરવાજે ટકોરા મારવા છતાં જવાબ ન મળતાં દરવાજો ઉઘાડતાં જોયું કે આપનો વિસાલ થઈ ચૂક્યો હતો અને આપની નૂરાની પેશાની મુબારક ઉપર નૂરથી લખેલું હતું : ''હાઝા હબીબલ્લાહ માતાફી હુબ્બિલ્લાહ.''

ખ્વાજા સાહબના આસ્તાના પર દેશ વિદેશના મુસ્લિમો બિન મુસ્લિમો હજારો લાખો લોકો હાજરી આપે છે આ હિંદલ્ વલી હઝરત ખ્વાજા ગરીબ GJ₥ رحمۃ اللہ علیہ નો જબરદસ્ત ફયૂઝ છે કે કોઈને કુત્બુલ અકતાબ, કોઈને ચિરાગ દહેલ્વી, કોઈને વલી, કોઈને મહબૂબે ઈલાહી, કોઈને બાકી બિલ્લાહ, કોઈને કુત્બુદ્દીન, કોઈને ફરીદુદ્દીન, કોઈને મુફતીએ આ'ઝમ તો કોઈને મખ્દૂમે કલીયર, કોઈને મહબૂબે યઝદાની તો કોઈને મુફતીએ આ'ઝમ તો કોઈને મોહદ્દિષે આ'ઝમ તો ઈમામે અહલે સુન્નત મૌલાના અશ્શાહ ઈમામ અહમદ રઝાખાંને ''આલા હઝરત'' બનાવી દીધા.

तुम्हारे दर की करामत ये बारहा देखी
गरीब आये यहां हो गये गरीब नवाज़

*–(હુઝૂર મોહદ્દિષે આ'ઝમે હિંદ)*

અંગ્રેજ વાઈસરોય લોડ કર્ઝને એક વખત કહ્યું હતું કે મારી જિંદગીમાં બે મહાનુભાવો એવા જોયા જે દુનિયાથી ઓઝલ થયા બાદ પણ સત્તા ભોગવે છે. તેમની મઝારો પર એવો શાહી ઠાઠમાઠ, દબદબો, લોકોની ભીડ હોય છે તેવી કોઈ રાજાના દરબારમાં પણ હોતી નથી. તેમાંથી એક છે હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી જે અજમેરમાં બિરાજમાન છે અને બીજા છે શહનશાહ આલમગીર ઓરંગઝેબ (ઔરંગાબાદ દક્ષિણ)માં આરામ ફર્માવી રહ્યા છે. આ ઉપરથી ખ્વાજા સાહબના મહાન દરજ્જા અને ઉચ્ચ રૂહાની તાકાતનો અંદાજો લગાડી શકાય છે.

સુલ્તાનુલ્ હિંદ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના ૬૭ જેટલા મુખ્ય ખલીફાઓ હતા અને ૫૫ જેટલા એમનાથીયે નાના ખલીફાઓ હતા. કુતબુલ અકતાબ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ આપના સૌથી મોટા ખલીફા છે. વિસાલ : ૧૪ રબીઉલ અવ્વલ, હિ.સ. ૬૩૩, મહરોલી શરીફ દિલ્હી.

**દા**ઢી મુબારક એ અલ્લાહ ﷻના પ્યારા મહબૂબ ﷺ ની પ્યારી પ્યારી સુન્નત છે. ઈસ્લામના દુશ્મનો ચાહે છે કે મુસલમાન કેવળ નામનો મુસલમાન રહે, નબી કરીમ ﷺ ના તરીકાથી દૂર રહે, મુસલમાન ખૂદ ઈસ્લામી રિવાજો તથા રહણી કરણી, ઈસ્લામી દેખાવ તથા ઈસ્લામી તૌર તરીકાથી મનમાં સુગ અનુભવે. (મઆઝલ્લાહ !) એટલા માટે મુસલમાનોને ઈસ્લામથી વિમુખ કરવા ટી.વી. ચેનલો થકી એવી બદીઓ ફેલાવવામાં આવી રહી છે કે એના લપસણા પણ ઠેઠ જહન્નમમાં જતા માર્ગોના રવાડે મુસલમાન ચઢી જાય !

# દાઢી મૂંડાઓ માટે બોધદાયક પ્રસંગો

-કાર્યાલય

જ્યારે બીજી તરફ અલ્લાહ ﷻના હબીબે પાક ﷺ નું ફર્માન છે :–

- **મુશ્રિકોની વિરૂધ્ધ કરો ! (એ રીતે કે) દાઢીઓને વધારો અને મૂંછોને કતરાવો.** *(બુખારી તથા મુસ્લિમ)*
- **જે પોતાની મૂંછ ન કાપે તે અમારામાંથી નથી.** *(તિર્મિઝી, નિસાઈ)*
- **મૂંછો કપાવો અને દાઢીઓ વધારો (એ રીતે) અગ્નિપૂજકોની વિરૂધ્ધ કરો.** *(મુસ્લિમ શરીફ)* એ જ પ્રમાણે અન્ય હદીષોમાં ઈસાઈઓ, યહૂદીઓની વિરૂધ્ધ કરો એટલે કે, **"દાઢી વધારો મૂછો કતરાવો!"**

હવે તમે ખૂદ પોતાને જોઈ લો કે, **"તમે કોના પક્ષે છે ?! તમારા નબી ﷺ ના પક્ષે કે તેમના વિરોધીઓના પક્ષે છો ?!** ખરેખર તમે નસીબદાર છો જો નબી ﷺ ના પક્ષે છો એટલે દાઢીવાળા છો. અને જો દાઢીવાળા નથી **તો તમે ખૂદ વિચારો કે તમે ક્યા મોઢે પોતાને મુસલમાન કહો છો ! નબી ﷺ ના વિરોધીઓનો પક્ષ સાચવીને તો બેઠા છો !**

**મસ્અલા** : દાઢી મૂંડાવવી તથા એક મુટ્ઠીથી કમ કરવી હરામ છે. *(અશ્અતુલ લમ્આત, ભાગ–૧, પેજ–૨૧૨)*

હવે એ કહેવાતા મુસલમાનના ઉપર આધાર રાખે છે કે તે તેના નબી પાક ﷺની વાત પર અમલ કરે છે કે પછી તેમના તથા દીનના દુશ્મનોની વાતો પર અમલ કરે છે ! જો ખરેખર દિલમાં ઈશ્કે નબી ﷺની શમ્અ રોશન છે તો ચોક્કસ નબી કરીમ ﷺ ની જ વાત પોતાને મુસલમાન કહેનાર ધ્યાનમાં લેશે, બાકી સર્વ વાતોને ઠુકરાવી દેશે.

એવા જ કેટલાક આશિકોના પ્રસંગો અત્રે પેશ કરીએ છીએ. શક્ય છે...

ઉતર જાએ કિસી કે દિલમેં હમારી બાત !

ઈસ્લામી ઈતિહાસના અભ્યાસ પરથી માલૂમ પડે છે કે **દુનિયામાં પ્રથમ કૌમ જેણે દાઢી મૂંડાવી તે લૂત علیہ السلام ની કૌમના લોકો હતા.** આપે તેમને વિવિધ નાફર્માનીઓ અને બુરા અમલોથી રોક્યા પણ જ્યારે તેઓ ન રોકાયા તો અલ્લાહે તેમની વસ્તીઓને સજાના રૂપે તેમના પર ઉલ્ટાવી દીધી.

હુઝૂર ﷺ નું ફર્માન છે :–

**"જેણે કોઈ કૌમની જેમ રૂપ ધારણ કર્યું તે તેમનામાંથી છે."** આપણે તો આપણી જિંદગીનો નકશો જ બદલો નાખ્યો છે. આપણે તો દરેક ગલત કામ ગૈર કોમોથી લઈ લીધું છે.

ડો. ઈકબાલે કહ્યું છે :–

वज़अमें तुम हो नसारा तो तमद्दुनमें हुनूद
ये मुसलमां है जिस देखके शरमाऍ यहूद

આપણે લોકો ઈશ્કે રસૂલ ﷺ ના દાવા તો ખૂબ કરીએ છીએ પણ સુન્નત પર અમલ કરવામાં ઘણા જ પાછળ છીએ. જો દાઢી ન રાખવાવાળાઓને આપ ﷺ એ શફાઅતથી મેહરૂમ કરી દીધા અને ફર્માવી દીધું કે **એ બદ્‌નસીબોને તો મારી શક્લો સૂરત જ પસંદ ન હતી, તેમને મારી સુન્નતથી પ્યાર ન હતો તો પછી એ લોકો કઈ બાજુ જશે ? કોણ તેમને હૌઝે કૌષરથી પાણી પીવડાવશે ?! કોણ તેમની શફાઅત કરશે ? અને કોણ તેમને જન્નતમાં પોતાની સાથે લઈ જશે ?**

સરવરે કાઈનાત ﷺ નું ફર્માન છે :–

**“જેણે મારી સુન્નતને છોડી તેને મારી ઉમ્મત સાથે કોઈ સંબંધ નથી.”**

શું આપણે એવી કલ્પના કરી શકીએ છીએ કે એક ઉઘાડી સુન્નતને છોડીને પણ આપણે એવો દાવો કરીએ કે અમને રસૂલુલ્લાહ ﷺની શફાઅત નસીબ થશે.

## ★ નોકરી છોડી પણ દાઢી ન મૂંડાવી ! ★

પાકિસ્તાનના એક ભાઈ વર્ણવે છે કે ઈ.સ. ૧૯૬૩માં અને મારા મૂળ વતન જહાંનિયા (હવે જિ. પાનવાલ) જવાનો સંજોગ ઊભો થયો. ત્યાં એક ભાઈની મુલાકાત થઈ જેમનું નામ મિસ્ત્રી રહમતુલ્લાહ હતું. તેમણે પોતાનો એક પ્રસંગ સંભળાવ્યો. કહેવા લાગ્યા, ''પાકિસ્તાન બનતાં અગાઉ હું અંગ્રેજોની ફોજમાં નોકરી કરતો હતો અને સરકારી ફરજ બજાવતો હતો. કેટલાયે વર્ષો વહી ગયા તો એક દિવસ ખયાલ આવ્યો કે દાઢી સુન્નતે રસૂલ છે અને તારો ચહેરો એનાથી ખાલી છે ! એ વિચારે જ્યારે ઉગ્રતા પકડી તો મેં ફેંસલો કરી લીધો કે હવે કોઈપણ સંજોગોમાં દાઢી રાખવી છે ચાહે ગમે તે થઈ જાય ! જેથી મેં દાઢી રાખી લીધી. થોડાક જ દિવસોમાં ઓફિસેથી હુકમ આવ્યો કે તમને સાહેબ બોલાવે છે. હું ઓફિસે હાજર થયો તો સાહેબ ખૂબ જ ગુસ્સામાં હતા. પૂછયું કે, ''કોના હુકમ હેઠળ તમે દાઢી રાખી છે ?'' મેં જવાબ આપ્યો કે, ''અમારા નબી ﷺ ના હુકમથી હવે મેં દાઢી રાખી લીધી છે તો હવે ગમે તે થઈ જાય દાઢી બાકી રહેશે.'' ઓફિસરે કહ્યું, ''તમારો કોર્ટ માર્શલ થઈ શકે છે ?'' મેં કહ્યું કે, ''તમે જે ચાહો કરો ! આ મશીનગન તમારી ઓફીસમાં પડી છે તેની ગોળીઓ મારા શરીરમાં પસાર કરી દો પરંતુ હું ફેંસલો નથી બદલી શક્તો !'' ઓફિસર ખૂબ જ હક્કો બક્કો થઈ ગયો. મેં નોકરી છોડવાનો ફેંસલો કર્યો અને રાજીનામુ આપીને ઓફિસથી બહાર આવી ગયો, જો કે મારો રોજીનો કોઈ ઝરીયો ન હતો અને ત્યારબાદ એક લાંબા સમય સુધી બેકાર રહ્યો, પરંતુ આજે પણ મને મારા ફેંસલા પર ગર્વ છે. ફિલ્હમ્દુલિલ્લાહિ અલા ઝાલિક.

## ★ બ્લેડના ટુકડે ટુકડા કરી નાખ્યા ★

મિર્ઝા યૂસુફ બેગ મારા એક નિકટના સંબંધી છે જ્યારે તે હજ્જ શરીફથી પાછા આવ્યા તો દાઢી શરીફના શરફથી મુશર્રફ થયા. મેં એના વિશે જાણવા ચાહ્યું તો મિર્ઝા એવું કહેવા લાગ્યા, ''જ્યારે અમે મદીના મુનવ્વરા પહોંચ્યા તો જતાં જ મકાન ભાડે લઈ લીધું. સામાન મૂક્તાં જ સર્વ સાથીઓ તો મસ્જિદે નબવી ﷺ ચાલ્યા ગયા જ્યારે હું દાઢી શેવ કરવાની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયો. પાણી

ગરમ કર્યું, દાઢીને નરમ કરવા માટે સાબુ લગાડયો, બ્લેડને પાવડામાં રાખ્યું અને ચાહતો હતો કે શેવની શરૂઆત કરું એટલામાં તમારા પિતા (હકીમ મુહમ્મદ અબ્દુલ્લાહ) ત્યાંથી પસાર થયા. મને કહેવા લાગ્યા કે, "મિર્ઝા સાહબ ! ચાલો" મેં કહ્યું, "દાઢી મૂંડીને આવું છું." ફર્માવવા લાગ્યા, **"જે નબી ﷺ ના રોઝા પર જઈ રહ્યા છો તો બેધડક તેના જ હુકમની વિરૂધ્ધ કામ કરી રહ્યા છો ! જોઈ લો ! હુઝૂર ﷺ તમને જોઈને શું કહેશે ?!** તે તો આવું કહીને જતા રહ્યા પરંતુ મારા માટે એક સોચ ફિકર પેદા કરીને જતા રહ્યા. હું વિચારમાં પડી ગયો કે શું કરું ને શું ન કરું ?! ભૂતકાળ તરફ જોઉં છું તો દાઢી પર બ્લેડ ચલાવવા દિલ ચાહે છે અને હકીમ સાહબની વાત પર વિચાર કરું છું તો દિલ ચાહે છે કે આ જ મોકો છે ! એને પણ હાથથી ગુમાવી દીધો તો પછી આખી જિંદગી હાથ આવશે નહીં ! પાંચ મિનિટ એ જ વિચારમાં નીકળી ગઈ. હકીમ સાહબના શબ્દો ફરી કાનોમાં ગુંજવા લાગ્યા. "બેધડક તે જ રસૂલના હુકમનો વિરોધ કરીને રોઝા પર જઈ રહ્યા છો !" બસ ! આ ખયાલનું દિમાગમાં આવવું હતું કે પાવડાને એક તરફ રાખ્યો, સાબુને સાફ કર્યો અને બ્લેડના ટુકડે ટુકડા કરી નાખ્યા એવું કહીને કે રોઝાએ રસૂલ પર સુન્નત વિરૂધ્ધ કરીને કઈ રીતે જઈ શકું ? બસ, તે દિવસ છે ને આજનો દિવસ ! અલ્લાહે દાઢી જેવી સુન્નત પર અમલ કરવાનો મોકો આપી દીધો.

## ★ એક તરફની દાઢીવાળો દુલ્હો ! ★

મુલ્તાનના એક જિમ્મેદાર માણસે ઈ.સ. ૧૯૦૦નો એક પ્રસંગ સંભળાવ્યો જે શૈખ અબ્દુલ મલિક સાહબના વિશે છે, જેમનો બે અઢી વરસ પહેલાં ૯૦ વરસની ઉમરમાં ઈન્તેકાલ થઈ ગયો. તે અમીર ધનિક લોકોમાં ગણાતા હતા. ઘરનો માહોલ જો કે થોડોક જુદો હતો પણ રોઝાના પાબંદ હતા અને શરીઅત મુજબ દાઢી રાખેલી હતી. ઘરવાળાઓ અવાર નવાર દાઢી સાફ કરાવવાનું કહ્યા કરતાં પણ એઓ પોતાની ધૂનના પાકા હતા. એ દરમ્યાન તેમની શાદીની વાત ચર્ચાઈ. કેવળ વાત જ નક્કી ન થઈ બલ્કે શાદીની તારીખ પણ નક્કી થઈ ગઈ. હવે ઘરવાળાઓનું દબાણ અધિક વધી ગયું. ખાસ કરીને બહેનોનું ખૂબ દબાણ હતું કે દાઢી સાફ કરાવો ! પરંતુ આ ભાઈ એક કાનથી સાંભળી બીજા કાને કાઢી નાખતા. આગલા દિવસે શાદી હતી. આખો દિવસ કામમાં રહ્યા અને મોડી રાત્રે થાકીને સૂઈ ગયા. બહેનોએ મોકો ગનીમત સમજીને કાતર વડે એક તરફની દાઢી કાપી નાખી. સવારે ઉઠયા તો એહસાસ થયો કે તેમની સાથે ધોકો થયો છે. પણ બોલ્યા, કાંઈ વાંધો નહીં ! ઘરવાળાંઓનો ખયાલ હતો કે એક તરફની દાઢી સાફ થઈ ગઈ તો બીજી બાજુની દાઢી તે ખૂદ સાફ કરાવી લેશે, પરંતુ અહીં કાંઈ જ અસર ન થઈ. હવે બહેનોએ મનાવવાનું શરૂ કર્યું, મા બાપે કહ્યું કે, "એકવાર દાઢી સાફ કરાવવામાં શો વાંધો છે ? હમણા સાફ કરાવી લો અને સાથે જ દાઢી રાખવાની નિય્યત કરો. પરંતુ શૈખ અબ્દુલમલિકે એક જ જવાબ આપ્યો કે, "મેં દાઢી ફેશનના રૂપે નથી રાખી પણ સુન્નત સમજીને રાખી છે, ન હું એને કપાવી શકું ન મૂંડાવી શકું છું." આ જ હાલતમાં બારાત લઈને જઈશ ! અને થયું પણ એવું જ કે દુલ્હા બનીને એ શાનની સાથે જઈ રહ્યા છે કે જમણી બાજુ દાઢી સજેલી છે અને ડાબી બાજુ સાફ છે ! અલ્લાહ ! અલ્લાહ ! આવો દુલ્હો કોણો જોયો હશે ?! અલ્લાહ તઆલા આપણને આ સુન્નત પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે.

*-(રોઝનામા પાકિસ્તાન, ૨૯-જૂલાઈ-૨૦૦૩, બહવાલા : અશ્રફિયા, જુલાઈ-૨૦૦૪ના સૌજન્યથી)*

# ઈમરાના પતિ તથા સસરા બંનેવ માટે હરામ !!

અઝ : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી
*(તંત્રી : કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી–દિલ્હી)*
અનુવાદક : મૌલાના મોહસિન મક્કી
મિસ્બાહી-સેગવા

ઈસ્લામની વિરૂધ્ધ કે મુસલમાન વિરૂધ્ધ દુષ્પ્રચાર કરવો એ આજે ઈસ્લામ વિરોધી તત્વોનો ખાસ ધંધો જ બની ચૂક્યો છે અને તેમાં કહેવાતી સભ્ય પણ ઈસ્લામી દષ્ટિએ અસભ્ય ! ફાહિશા, ફાસિકા, નામ માત્રની મુસ્લિમ સ્ત્રીઓ તથા એવા જ મુસ્લિમ નામધારી પુરૂષો પણ પોતાની કુબુધ્ધિનો પ્રચાર કરીને સસ્તી ખ્યાતિ પામવા ઈસ્લામથી બગાવતનું એલાન કરતા જોવા મળે છે. દુનિયામાં બળાત્કારના અસંખ્ય બનાવો પશ્ચિમી દેશોમાં તેમજ ઈન્ડિયા વગેરેમાં આ જ પ્રકારના બનાવ અવારનવાર બને છે. ત્યાં સ્ત્રી માટેની લાગણી કોઈને ઉભરાતી જોવા નથી મળતી ! પણ મુસ્લિમ સમાજમાં કાંઈ અજુગતુ બને તો તેને ચગવવામાં આવે છે. અને મિડીયાવાળા ટી.વી. તથા વર્તમાનપાત્રોવાળા તેમાં મીઠુ મરચુ ભભરાવી અતિશ્યોક્તિથી ભરી દઈને તેવા સમાચારોને લોકો સમક્ષ રજૂ કરે છે. એવા વિકૃત સમાચાર ઈમરાના સંબંધે પણ સતત પ્રસારિત થતા રહ્યા કે, શરીઅતના હુકમ હેઠળ "ઈમરાનાએ તેના પર બળાત્કાર કરનાર સસરા સાથે નિકાહ કરવા પડશે અને તેના પતિને પોતાનો પુત્ર માનવો પડશે અને હવે તેની માં બનીને રહેવું પડશે ! વગેરે...." વળી ગુમરાહ ફિર્કા કહેવાતા અહલે હદીષ કે કોઈપણ હોય અન્યધર્મીઓને કોઈ હક્ક પહોંચતો નથી કે ઈમરાનાના મસ્અલામાં પોતાનું મંતવ્ય રજૂ કરે, કારણ કે હનફી મુસ્લિમ કે મસ્લકને અનુસરનારાઓને ત્યાં આ મસ્અલો બનેલો છે અને તેનો જવાબ હનફી ઈમામોએ વરસોથી જે કુર્આન હદીષ થકી નિશ્ચિત કર્યો છે તેનાથી જે ફેંસલો રજૂ થાય છે તે અત્રેના લેખમાં દર્શાવ્યો છે. **અન્યધર્મીઓએ એટલા માટે ન બોલવું કે બુદ્ધિમાં કદી ન સમાય તેવી અસંખ્ય માન્યતાઓ તેમના ધર્મમાં છે જેનો ઉલ્લેખ ન કરું તો પણ લોકો સમજે છે ! અને ઉલ્લેખ કરી દઉં તો તેમને માઠુ લાગી જશે !** માટે ખોટો વિવાદ ઈસ્લામની વાતોમાં પડી ચગવવો ન જોઈએ. અહીં આમ જનતા અને **ખાસ કરીને મુસલમાનોની હિદાયત** માટે અત્રે આ લેખ રજૂ કરીએ છીએ જેને વાંચો અને પ્રસંગની હક્કાનિયત શું છે તે સમજો અને ઈસ્લામની પવિત્રતા તથા હિકમતોપૂર્ણ હુકમોનો અભ્યાસ કરી દિલોમાં ઈત્મિનાન ભરો.

*-તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

★ ★ ★

**ક**સ્બા ચરથાવલ જિલ્લા મુઝફફરનગર ઉત્તરપ્રદેશમાં ૮–જૂન–૨૦૦૫ના પોતાના સસરાની બુરી નજર તથા કુકર્મની શિકાર બનેલી મઝલૂમ ઈમરાના એક તરફ મુસલમાનોની હમદર્દી અને મદદના લાયક છે તો બીજી બાજુ એનો શૈતાન સિફત સસરો એ વાતના લાયક છે કે એની બેઈજ્જતી થાય અને એને કોર્ટ થકી ખતરનાક સજા

આપવામાં આવે. ઈન્ડિયામાં જો ઈસ્લામી હુકૂમત હોત તો ઝિનાના શરઈ સુબૂત પછી એને સંગસાર કરવામાં (પથરાવથી મારી નાખવામાં) આવતો પરંતુ એવી કોઈ શક્તિ મુસલમાનો પાસે ઉપલબ્ધ નથી એટલા માટે એના ઉપર હદ (ઈસ્લામી સજા) કરવામાં આવશે નહીં, ન તો બીજી કોઈ શારીરિક સજા આપી શકીએ છીએ. હા, સ્થાનિક મુસલમાનોનો ફર્ઝ છે કે તેઓ આ ખતરનાક સસરાનો સામાજીક બોઈકોટ કરે જેથી એનું દિમાગ ઠેકાણે આવે અને શરમિંદગી સાથે અલ્લાહ ﷻ ની બારગાહમાં સાચા દિલથી તૌબા કરી શકે. મઝલૂમ ઈમરાના કાલે કયામતના દિવસે પોતાના જાલિમ સસરાનો દામન પકડીને પોતાનો હિસાબ લઈ શકે છે અને અલ્લાહની બારગાહથી ચોક્કસ તેણી સાથે ઈન્સાફ થશે એવો ઈન્સાફ જેમાં રજમાત્ર બેઈન્સાફી હશે નહીં.

સ્ત્રી હોય કે પુરૂષ દરેક માનવમાં નફ્સ તથા વાસનાનો ભાગ હોય છે જેને શરીઅતના હુકમ પ્રમાણે કાનૂનનું પાબંદ બનાવવાનું નામ "નિકાહ" છે અને તેને આઝાદ બેકૈદ રાખી દરેક મેદાનમાં ઘોડા દોડાવી દેવાનું નામ "ઝિના" તથા બદ્કિરદારી છે જે હરામ તથા ખતરનાક અખ્લાકી જુર્મ છે. ઈન્સાની વંશની સલામતી અને વંશની રક્ષા ઈસ્લામી શરીઅતની નજરમાં એક મહત્વનો ઈસ્લામી ફરીઝો છે. જેની ઈસ્લામે તાકીદ પણ કરી છે, અને તેની હદો તથા અદબો (નિયમો) પણ બતાવ્યા છે. કુર્આન તથા હદીષમાં ખુલાસા તથા સમજૂતી સાથે એનું બયાન કરવામાં આવ્યું છે કે સ્ત્રી તથા પુરૂષનો નિકાહ કોની સાથે જાઈઝ છે અને કોની સાથે જાઈઝ નથી. સૂરએ નિસાઅ અને તેની સમજૂતીનો અભ્યાસ દરેક અક્લમંદ ઈન્સાનના દિલને ઈત્મિનાન તથા તેના ઈલ્મમાં વધારો કરશે, જેમાં તફસીલ સાથે મુહર્રમાત (જેમનાથી નિકાહ કરવો હરામ છે)નો ઝિક્ર કરવામાં આવ્યો છે. હદીષ શરીફમાં પણ મુહર્રમાત તથા હરામ થવાના કારણો દા.ત. રઝાઅત તથા મુસાહરત વગેરેનું બયાન મૌજૂદ છે.

નિકાહ હરામ થવાના ઘણા કારણોમાંથી નસબ (વંશ), રઝાઅત તથા મુસાહરત મશ્હૂર છે.

**નસબ** : જેમાં માં, બેટી, બહેન, ફોઈ, માસી, ભત્રીજી, ભાણકી સાત સ્ત્રીઓ છે જેમનાથી નિકાહ કરવો **હરામ** છે. દાદી તથા નાનીમાં પણ માં ગણાશે. એવી જ રીતે પૌત્રી અને નવાસી પુત્રીમાં ગણાશે.

**મુસાહરત (સસુરાલી રિશ્તા)** : એમાં પત્નીની માં અને તેની પુત્રીઓ દાખલ છે જેમનાથી નિકાહ **હરામ** છે. આ જ હુકમ એ બીવીના બધા જ ઉસૂલ (માં, દાદી) તથા ફુરૂઅ (છોકરા, પોત્રી)નો પણ છે.

**રઝાઅત (દૂધનો રિશ્તો)** : નસબ (વંશ)ના રિશ્તાની જેમ છે. હુઝૂરે અકરમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો છે કે જે સ્ત્રીઓ નસબ (વંશ)ના રિશ્તાથી હરામ થાય છે તે રઝાઅત દૂધના રિશ્તાથી પણ **હરામ** છે. *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

**બે મહારીમ** : દા.ત. બે બહેનો અથવા ફોઈ, ભત્રીજી અથવા માસી, ભાણકીને એક સાથે નિકાહમાં રાખવી **હરામ** છે.

**ઈમરાનાનો મસ્અલો** હુરમતે મુસાહરત (સસુરાલી રિશ્તા)થી છે એટલા માટે તેના મસ્અલાઓને સારી સમજી લેવા જોઈએ. આમ શરઈ કાનૂન એ છે કે નવ વર્ષ અથવા એનાથી વધારે વર્ષની કોઈ છોકરી તથા બાર વર્ષ અથવા એનાથી વધારે વર્ષના કોઈ છોકરાએ શહવત (વાસના) સાથે કોઈ સ્ત્રી કે પુરૂષને ચુંબન કર્યું અથવા એના સાથે શારીરિક સંબંધ કાયમ કર્યો તો એનાથી હુરમતે મુસાહેરત સાબિત થઈ જાય છે. એટલે કે **તે સ્ત્રીની માં અને તેની છોકરી પેલા પુરૂષ માટે હરામ થઈ જાય છે. એવી જ રીતે તે**

**પુરૂષનો બાપ અને તેનો છોકરો પેલી સ્ત્રી માટે હરામ બની જાય છે.** શહવત (વાંસના) સાથે કરવામાં આવેલ **આ કાર્ય નિકાહ પછી હોય અથવા નિકાહ પહેલાં બંનેવનો હુકમ એક જ છે.** *(ફત્હુલ કદીર, ફતાવા હિંદિયા, રદ્દુલ્ મુહ્તાર તથા દુર્રે મુખ્તાર)*

જે સ્ત્રી સાથે ઝિના કરવામાં આવ્યો તે બળાત્કાર કરનારના ઉસૂલ (મૂળ વંશજો બાપ દાદા) અને ફુરુઅ (મૂળથી સંબંધિત છોકરા, પૌત્ર)ના માટે **હરામ** થઈ જાય છે અને ઝિના કરનાર માટે તે સ્ત્રીની માં, નાની, છોકરી તથા પૌત્રી હરામ થઈ જાય છે. *(બહરુર્રાઈક, જોહરહ, નૈયેરહ વગેરે)*

વળી કોઈ વ્યક્તિનો પોતાની સાસુ સાથે શારીરિક સંબંધ થયો તો હુરમતે મુસાહેરત સાબિત થઈ ગઈ. *(આલમગીરી)*

કોઈ સ્ત્રીનો પોતાના સસરા સાથે શારીરિક સંબંધ થયો તો હુરમતે મુસાહેરત સાબિત થઈ ગઈ. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર)*

હુરમતે મુસાહેરત **સાબિત થયા બાદ પતિ પત્ની એક બીજા માટે તદ્દન હરામ થઈ ગયાં** એટલે કે શારીરિક સંબંધનું પતિને યકીન અથવા પાકી ખાત્રી થયા બાદ નિકાહ બાકી હોવા છતાં પતિ પત્ની દરમ્યાન **ખાસ જીવન હરામ થઈ જાય છે** એટલા માટે પતિ પર વાજિબ છે કે પોતાની પત્નીને છોડી આપે. (એટલે તલાક આપી છૂટી કરે જેથી તેણી બીજે નિકાહ કરી શકે.)

**ખુલાસો** : (એટલે કે હવે પછી) પત્નીનું પોતાના **પતિ તથા સસરા** સાથે અને પતિનું પોતાની **પત્ની તથા સાસુ** સાથે શારીરિક સંબંધ હુરમતે મુસાહેરતનું કારણ છે અને આ પતિ પત્ની એક બીજા માટે **જીવનપર્યંત હરામ** બની ગયાં. **આ શરઈ કાનૂનના મુતાબિક ઈમરાના પોતાના પતિ તથા સસરા બંનેવ માટે હરામ થઈ ગઈ. અને ઈમરાના એમના માટે ન માં છે ન બેટી છે અને ન બહેન છે બલ્કે જેવી રીતે પોતાની માં બહેન અથવા પુત્રી સાથે નિકાહ હરામ છે એવી જ રીતે પોતાના જૂના પતિ તથા સસરા સાથે ઈમરાનાનો ફરી નિકાહ અથવા કોઈ પણ રીતે કરવામાં આવેલ નિકાહ હરામ છે.**

ઈમરાનાના મસ્અલામામાં અમુક લોકો બળજબરીપૂર્વક ઝિના થયાનો સહારો લઈને કહે છે કે "એમાં ઈમરાનાનો શું કસૂર છે ?!" તો લોકો આ હકીકત પર વિચાર નથી કરતા કે વહુ અને સસરાનો શારીરિક સંબંધ બિલકુલ એવી જ રીતે હુરમતે મુસાહેરતનું કારણ છે જેવી રીતે સાસુ અને જમાઈનો શારીરિક સંબંધ, અને **આ કાર્ય કોઈના પણ તરફથી થાય બંનેવમાં પતિ પત્ની એક બીજા બીજા માટે હરામ બની જાય છે.** એને એમ સમજો કે કોઈ ગ્લાસ અથવા વાસણમાં શરાબ અથવા પેશાબનું એક ટીપુ ખુશીથી અથવા જબરદસ્તી કોઈપણ રીતે દાખલ થઈ જાય તો આખુ વાસણ નાપાક થઈ જાય છે, એ જ પ્રમાણે ખૂન એક જુર્મ છે પતિનું હોય કે બીજા કોઈનું હોય, ખુશી સાથે હોય કે બળપૂર્વક દરેક સ્થિતિમાં કાતિલને એના જુર્મની સજા મળશે, ઝિના (વ્યભિચાર) કતલથી ઓછું નથી.

ઘણા બધા દેશોમાં ખુશીથી ઝિના (વ્યભિચાર) કરવો જુર્મ નથી પરંતુ **ઈસ્લામી શરીઅતમાં વ્યભિચાર કોઈપણ સમયે કોઈપણ પ્રકારે કોઈના પણ સાથે જાઈઝ નથી.** આવાં કુકર્મો પર રાજીપાનો સિક્કો મારનાર લોકો **માનવતા તથા ઈન્સાની ઈજ્જતના કાતિલ** છે, ઈન્સાની વંશના **મુજરિમ** છે પોતાના તથા બીજાના વંશને બરબાદ કરનાર **જાનવરો** છે, એટલા માટે જ કુર્આન શરીફમાં ઈર્શાદ છે :–

**"ઝિનાની નજીક પણ ન જાવ ! કે એ બહુ મોટી બદી અને ખરાબ રસ્તો છે."**

ઈમરાનાના બનાવમાં હુરમતે મુસાહેરતના શિકાર પતિ પત્ની બંનેવ બન્યાં છે, ઈમરાનાને પોતાના પતિથી અલગ કરી દેવામાં આવી છે તો પતિને પણ ઈમરાનાથી જૂદો કરી દેવામાં આવ્યો છે અને એમનાં પાંચ બાળકોના ભરણપોષણની જવાબદારી ઈમરાના પર નથી અને તેના પતિ ઉપર તેમના ઉછેરની જિમ્મેદારી છે. આવી હાલતમાં બે વર્ષ સુધી રઝાઅત (દૂધ પીવડાવવુ) અને સાત વર્ષ સુધી છોકરી અને પાંચ વર્ષ સુધી છોકરાની પરવરિશનો હક્ક માં નો છે **જેનો બધો જ ખર્ચ પતિએ ઉઠાવવો પડશે** અને પછી આગળ ચાલીને બાળ બચ્ચાંઓની કેળવણી, તા'લીમ તથા શાદી વગેરેનો બધો જ બોજ પતિએ જ ઉઠાવવો પડશે. બિચારી ઈમરાનાને મુસીબતો ઉઠાવવી પડશે પરંતુ જો એ ચાહે તો બીજી શાદી કરી પોતાનું નવુ ઘર આબાદ કરી શકે છે, જ્યારે પાંચ છોકરાના ગરીબ બાપ પાસે કોઈ સ્ત્રી નિકાહ કરવા માટે કેવી રીતે તૈયાર થશે. આ એનાથી પણ વધારે મુશ્કેલ છે. ઈમરાના પોતાની ઔલાદ અથવા પોતાના બાપ અથવા પોતાના રિશ્તેદારની ભરણપોષણની જવાબદારી હેઠળ રહેશે અને પાંચેવ છોકરા મોટા થઈ પોતાના બાપની ભરણપોષણની જિમ્મેદારી રહેશે. અને બાપના વારસામાં પણ હિસ્સેદાર બનશે. આ અને આવી બીજી હિદાયતો વર્ષો પહેલાં લખાયેલી ફિકહની કિતાબો દા.ત. હિદાયા, ફતહુલ કદીર વગેરેમાં લખેલ છે.

સવાલ પર શરઈ હુકમ બયાન કરી આપવો અથવા તેને લખી આપવો મુફતીનું કામ છે અને કોઈ ઉપસ્થિત થયેલ સમસ્યા તથા કેસની તહકીક તથા સુબૂત અને ગવાહી બાદ એના પર ફૈંસલો કરવો "કાઝીએ શરઅ"નું કામ છે. આ કાનૂનને સામે રાખી લોકોએ પોતાના મંતવ્યો નિવેદનો વગેરે પ્રદર્શિત કરવાં જોઈએ અને નિરર્થક વાતો તથા કાર્યોથી દૂર રહેવું જોઈએ. હલાલ તથા હરામ, સહીહ તથા ગલત બતાવી આપવું અને કોઈ ફૈંસલો કરવો મુફતી તથા કાઝીનો શરઈ ફર્ઝ છે, એથી વધુ મુફતી તથા કાઝીની બીજી કોઈ જિમ્મેદારી નથી. એને આસાનીથી એ રીતે સમજો કે કોઈ મુકદમો કોર્ટમાં પહોંચ્યા બાદ તેના પર બહસ ચાલુ થાય છે અને જજ પોતાના કાનૂનના મુતાબિક કોઈ ખૂની અથવા ડાકૂ, બાગી તથા ગદ્દારને સજા સંભળાવે છે, જેટલા વર્ષોની તે સજા આપે છે તે સમયે એવો કોઈ ઈન્તેઝામ કરવો એનું કામ નથી કે મુજરિમની આલ ઔલાદ તથા તેના બાપદાદા શું ખાશે અને શું પહેરશે ?! આ કામ તો મુજરિમના રિશ્તેદારો તથા ઘરવાળાઓનું છે કે તેઓ એમના માટે મુનાસિબ ઈન્તેઝામ કરે.

ઈમરાના જેવી સ્ત્રીઓ અથવા બેબસ, લાચાર પુરૂષોના નિભાવની જવાબદારી ઘરવાળાં અથવા રિશ્તેદારોની છે અને જો કોઈ કારણસર આમ ન થાય તો પછી મહોલ્લાવાળા અને ગામવાળા અથવા મુસ્લિમ કમિટીઓ તથા સંસ્થાઓની ફર્ઝ છે કે તેઓ જેટલી બની શકે એટલી એમની મદદ કરે.

અહકામ (શરીઅતના હુકમો) તથા શરીઅતના મસાઈલથી બેખબર હોવા છતાં એના પર ટીકા ટીપ્પણ કરવું આજકાલ સામાન્ય (ફેશન બની) ગયું છે ! બલ્કે અમુક ખતરનાક લોકોએ આ વસ્તુને પોતાનું મિશન બનાવી લીધું છે કે શરીઅત તથા ઉલમાને બુરુ ભલું કહેવું અને સાથે સાથે એ પણ માંગણી કરતા જાય છે કે સ્ત્રીઓને શરીઅતે જે હક્કો આપ્યા છે તે એમને મળવા જોઈએ. સ્ત્રીઓની હમદર્દીની આડ હેઠળ એમનો મકસદ તથા હેતુ કેવળ એટલો હોય છે કે કોઈ બહાનાથી શરીઅત તથા ઉલ્માએ શરીઅતને બદનામ કરવાનો કોઈપણ મોકો હાથથી જવા દેવામાં ન આવે.

મને યાદ આવે છે કે આર.એસ.એસ.ના

સરસંઘ ચાલક બાલા દેવરસે ઈ.સ. ૧૯૮૫માં શાહબાનુની હિમાયતમાં એક અખ્બારી નિવેદન આપી તેણી સાથે પોતાની મોટી હમદર્દીનો ઈઝહાર કર્યો હતો. પરંતુ દેશમાં થયેલ હજારો દંગા ફસાદો દરમ્યાન અથવા બાદમાં એમનું એવું કોઈપણ નિવેદન મારી નજરથી નથી પસાર થયું જેમાં તે તોફાનોમાં વિધવા થનાર મુસ્લિમ સ્ત્રીઓના હક્કમાં એમણે બે શબ્દો કહ્યા હોય ! શું કોઈને એવું બતાવવાની જરૂરત છે કે ઈમરાનાના નામ પર બયાનબાજી કરનારાઓની નિય્યત આવી છે જે આર. એસ. એસ.ની હોય છે. કોમ્યુનિસ્ટ લોબીની અમુક સ્ત્રીઓ પણ મુસ્લિમ પર્સનલ લોની હિફાઝત અને ઈમરાનાને ઈન્સાફ અપાવવાના નામ પર હમણા ગરમી દેખાડે છે ! શું આ સ્ત્રીઓના મકસદો પણ કોઈનાથી છુપાયેલા છે ?!

મીડિયાનો જ્યાં સુધી સવાલ છે તો તેની તો આદત જ એવી બની ગઈ છે કે મુસ્લિમ સમાજના દરેક પ્રસંગને મરચુ મીઠુ ઉમેરી એવી રીતે દેશ તથા દુનિયા સમક્ષ પેશ કરે છે કે મુસ્લિમોની કાયમના માટે બેઈજ્જતી થતી રહે. આવા પ્રોપેગંડાના શિકાર થનાર નાવાકેફ તથા બેખબર લોકો અથવા મક્કાર લોકો શરીઅતની ઈસ્લાહનો પરચમ ઊંચો કરી ઉલ્માએ શરીઅતના વિરૂધ્ધ બયાનબાજી કરવાને પોતાનું મોટામાં મોટુ કારનામુ સમજે છે. આવા લોકોએ મસાઈલ તથા શરીઅતના હુકમોના સહીહ ઈલ્મ તથા અભ્યાસ તરફ પૂરતુ ધ્યાન આપવા સાથોસાથ પોતાની પણ સુધારણા કરવી જોઈએ.

ઈસ્લામી શરીઅતે સ્ત્રીને ઈજ્જત આબરૂ અને તેણીની પાકબાઝીની હિફાઝત માટે જે કાનૂન બનાવ્યા છે અને માં, બેટી, બહેન, પત્નીની હૈસિયતથી એના વકાર (પ્રતિષ્ઠા) તથા અઝમત માટે જે હિદાયતો આપી છે એનો બીજા મઝહબોમાં દૂર દૂર સુધી કોઈ પતો નથી. ક્યાંક તો દેવીના નામ પર દેવદાસી અને સતી થવાનો ખયાલ છે અને ક્યાંક સમાનતા અને આઝાદીના નામ પર એને નગ્ન કરી બજારની શોભા તથા ઓફિસો ફેકટરીઓ તથા કલબોમાં તેણીની સ્ત્રીમય પ્રતિષ્ઠનો (સુંદરતાનો) ઉપયોગ કરવામાં (અને કમાણી કરવામાં આવે) આવે છે જેનાથી ઘરની જિંદગી તથા સુકૂન બરબાદ થઈ જાય છે, કૌટુંબિક, સામાજિક વ્યવસ્થા વેરવિખર થઈ જાય છે. આવી હાલતમાં જરૂરત ફક્ત એની છે કે પુરૂષે પોતાની જિમ્મેદારી અને સ્ત્રીએ પોતાની જિમ્મેદારીનો હમેશાં ખયાલ રાખવો જોઈએ. અને દરેક મુસલમાન મર્દ તથા ઔરતે શરીઅતના મસાઈલની ખબર રાખી શરીઅતની પાબંદીનો જઝબો જાગૃત રાખી તેના પર અમલ કરવાની ભરપુર કોશિશ કરવી જોઈએ.

*–(હવાલો : રાષ્ટ્રિય સહારા ઉર્દૂ, તા. ૩–૭–૨૦૦૫)*

**હઝરત ઉમરના ઈખ્લાસનું પરિણામ !** અલ્લાહના પુરખુલૂસ બંદા અને રસૂલુલ્લાહ ﷺના સાચા આશિક હઝરત ઉમર ફારૂકે આ'ઝમને કોણ નથી જાણતું ?! આપના ખિલાફતકાળમાં મિસ્ર ફતહ થયું. હઝરત અમ્ર બિન આસ ત્યાંના ગવર્નર મુકર્રર થયા. મિસ્ર પર વિજય પૂર્વે દરિયાએ નિલ દર વર્ષે સૂકાઈ જતો અને જ્યાં સુધી એક કુંવારી સુંદરીની ભેટ ન ચઢાવવામાં આવતી તેમાં ભરતી ન આવતી. થોડા સમય બાદ ગવર્નરને ખબર મળી કે દરિયો સૂકાઈ ગયો છે. ત્યાંના લોકોને પૂછવાથી ઉપરોક્ત બાબતની જાણ થઈ તો આપે ફર્માવ્યું કે દર વર્ષે એક બેગુનાહ જાનનો નાહક્ક કત્લ ઈસ્લામને મંઝૂર નથી, સબ્ર કરો અને જુઓ કે અલ્લાહની મરજી શું છે ?! આ સાથે આપે હઝરત ઉમરને એક વિગતવાર પત્ર લખ્યો. તેના જવાબમાં હઝરત ઉમરે બે ચિઠ્ઠીઓ લખી દરિયાએ નિલના નામે લખ્યું કે, ''આ પત્ર અલ્લાહના બંદા ઉમર બિન ખત્તાબ તરફથી દરિયાએ નિલના નામે છે, હે દરિયા ! અગર તું અલ્લાહના હુકમથી વહેતો હતો તો હજું પણ અલ્લાહથી જ તારા વહેતા થવાનો સવાલ કરીએ છીએ, જો તારી મરજીથી જ વહે છે અને રોકાઈ જાય છે તો અમને તારી કોઈ પરવા કે જરૂરત નથી.'' ગવર્નરના નામે લખ્યું કે, ''કોઈ કુંવારીના બદલે આ ચિઠ્ઠીને દરિયામાં સૂકી રેતીમાં નાંખી દેશો.'' આ અનોખા પત્રની ખબર આખા મિસ્રમાં ફેલાઈ ગઈ અને આ દશ્ય નિહારવા સેંકડો લોકો જમા થઈ ગયા. આપની આજ્ઞા મુજબ ગવર્નર દરિયામાં પત્ર નાખી બહાર આવી ગયા, થોડી ક્ષણોમાં ભરતી આવી અને દરિયો એવા જોશમાં વહેવા લાગ્યો કે ભેટો ચઢાવવા છતાં પહેલાં આવો વહેતો ન હતો. આપના ઈખ્લાસની બરકતથી દરિયો પણ આજ્ઞાંક્તિ થઈ ગયો. *-મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવીના હરીફાઈવાળા લેખમાંથી સાભાર*

## વહાબી–સુન્ની વચ્ચે થયેલા મલકપૂર, કટીહાર બિહારના

# મુનાઝરાનો આંખે દેખ્યો હાલ

★ અઝ : મૌલાના મુહમ્મદ સાબિર રઝા મિસ્બાહી ★ અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી

**સુન્ની–દેવબંદી** ઓલમા વચ્ચે તા. ૮, ૯, ૧૦ મે ૨૦૦૫ રવિવાર, સોમવાર અને મંગળવારના ત્રણ દિવસીય મુનાઝરો નક્કી થયો જેમાં રવિ અને સોમ આમ શરૂઆતના બે જ દિવસોમાં મુનાઝરો થયો. હું (લેખક) પોતે પણ તેમાં સામેલ હતો. આ મુનાઝરામાં એહલે સુન્નત વ જમાઅત (સુન્ની બરેલ્વી)ને ભવ્ય વિજય મળ્યો જેને પચાસ હજાર (૫૦,૦૦૦) લોકો જેમાં સુન્ની દેવબંદી સમર્થકો, પોલીસના જવાનો તથા અન્ય મોટા અફસરોએ પોતાની નજરોથી જોયો. સુન્ની મુનાઝિર (મુનાઝરો કરનાર) હઝરત અલ્લામા મુફતી મતીઉર્રહમાન સાહબની અતૂટ દલીલોથી દેવબંદી મુનાઝિર મોલ્વી તાહિર હુસૈન ગયાવી સંપૂર્ણપણે સ્તબ્ધ તથા ચુપચાપ થઈ ગયા અને રફુચક્કર થવાની ભરપૂર કોશિશ કરી પરંતુ ખૂદ તેમના દેવબંદી સમર્થકોએ જ ફરી સ્ટેજ પર આવવા તેમને મજબૂર કર્યા. વળી તે મન્ઝર પણ જોવા લાયક હતો જયારે પોતે દેવબંદી સમર્થકો પોતાના મોલ્વીઓને સુન્ની મુનાઝિરે કરેલા સવાલોના જવાબો માંગી રહ્યા હતા કે, "જવાબ આપો ! નહીં તો અમે પણ સુન્ની થઈ જઈશું !"

પ્રથમ દિવસે (૮ મે) બંને ગૃપો સમયસર પહોંચી ગયાં હતાં. લગભગ પચાસ હજાર (૫૦,૦૦૦) મુસ્લિમ પબ્લિક હક્કની ફતહને નિહાળવા ઉમટી પડી હતી. ખૂબ જ રસપ્રદ તથા મનમોહક નઝારો હતો. પરંતુ તે સમયે એક ખૂબ જ દુઃખદ વસ્તુ એ પણ જોવામાં આવી કે દેવબંદી મુનાઝિર ઘણી કિતાબો પોતાની સાથે લાવ્યા હતા જેમાં કેટલીયે સંખ્યામાં કુર્આન મજીદ હતાં. વળી હદીષ, ફિકહ, તફસીર વગેરે બધી જ કિતાબોને દેવબંદી ગયાવી સાહબે નીચે રાખી હતી અને પોતે ઊંચી ખુરસી પર બિરાજમાન હતા. જેના પર સુન્ની મુનાઝિરે વાંધો ઉઠાવ્યો, જેનો દેવબંદી આલિમો પાસે કોઈ જ જવાબ ન હતો, છતાં ન તો તે પોતે નીચે આવ્યા અને ન કિતાબોને ઉપર કરી, પણ કોણ જાણે કયા કારણે બીજા દિવસે કિતાબો ઉપર જોવામાં આવી !

યાદ રહે કે આ મુનાઝરો વિવિધ વિષયો પર કરવાનું નક્કી થયું હતું પણ માત્ર એક જ વિષય "ખત્મે નબુવ્વત" પર જ બહસ થઈ શકી. મુનાઝરાનો સમય સવારના ૧૦.૦૦ વાગ્યાથી બપોરના ૩.૦૦ વાગ્યા સુધી નક્કી થયેલ હતો. જેમાં દરેક મુનાઝિરને ૩૦ મિનિટનો સમય આપવામાં આવ્યો.

પ્રથમ દૌર શરૂ થયો, દેવબંદી મુનાઝિર ગયાવી સાહબ ઊભા થયા અને પોતાની વાતો સંભળાવવા લાગ્યા કે અમારો તથા અમારા બુઝુર્ગોનો અકીદો છે કે હુઝૂરે પાક ﷺ આખરી નબી છે. આ વાતોમાં જ તેમણે પોતાનો સમય પૂરો કર્યો.

સુન્ની મુનાઝિર મુફતી મતીઉર્રહમાન ઉભા થયા અને પોતાનો અકીદો બયાન કર્યો કે હુઝૂરે પાક ﷺ આખરી નબી છે, આપના પછી કોઈ બીજો નબી નથી થઈ શકતો, અમારા અકીદા પર કુર્આન પાકની આ સ્પષ્ટ આયત દલીલ રૂપ છે :–

وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ۔

**અર્થાત** : "આપ અલ્લાહના રસૂલ અને ખાતિમુન્નબીય્યીન છો."

મુફતી સાહબે પોતાના ઉપરોક્ત અકીદાના અનુસંધાનમાં તફસીરો, સિહાહે સિત્તાને હદીષો પણ બયાન કરી. ઈમામોના કથનો થકી પણ દલીલ આપી કે આખી ઉમ્મતની સહમતિ છે કે હુઝૂરે પાક ﷺ આખરી નબી છે અને આપના પછી કોઈ નબી નથી થઈ શક્તો અને દીનના ઈમામોએ સ્પષ્ટ કરી દીધું કે **ઉપરોક્ત અકીદો જરૂરિયાતે દીનમાંથી છે,** જે માણસ હુઝૂરે પાક ﷺ પછી કોઈ નબીનું પેદા હોવું જાઈઝ માને તો તે ઈસ્લામથી નીકળી જશે, ત્યાર પછી મુફતી મતીઉર્રહમાન સાહબે બતાવ્યું કે દેવબંદી આલિમોનો અકીદો એથી વિરૂધ્ધ છે. તેઓ આપણા નબી ખાતિમુન્નબીય્યીન ﷺ પછી પણ બીજા નબીનું પેદા થવું જાઈઝ અને શક્ય માને છે ! જેના સબૂતમાં તેમણે દેવબંદ મદ્રસાના બાની મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વીની કિતાબ "તહઝીરુન્નાસ"નાં લખાણો પેશ કર્યા.

**અર્થ** : "તો અવામ (સામાન્ય લોકો)ના ખયાલમાં રસૂલ (સલઅમ) ﷺ નું ખાતિમ હોવાનો અર્થ એ કે આપનો જમાનો પહેલાંના નબીઓના જમાના પછી અને આપ બધામાં છેલ્લા નબી છે. પરંતુ સમજદારો પર જાહેર હશે કે જમાનાના આધારે પ્રથમ કે છેલ્લા હોવામાં પોતે કોઈ ફઝીલત નથી તો પછી પ્રશંસાના મકામમાં وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ۔ ફર્માવવું આ સંજોગોમાં કઈ રીતે બરાબર થઈ શકે છે."

મુફતી સાહબે સ્પષ્ટ કર્યું કે (દેવબંદી મોલ્વી) નાનોત્વી સાહબે (ઉપરોક્ત લખાણમાં) બતાવ્યું છે કે ખાતિમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી હોવું એ અવામ (સામાન્ય માણસ)નો ખયાલ છે, અને સમજદાર માણસના મુજબ જમાનાના આધારે પ્રથમ કે છેલ્લા હોવામાં કોઈ જ ફઝીલત નથી. આ લખાણમાં નાનોત્વી સાહબે સમજદાર લોકોના મુકાબલે નાસમજ લોકોનો અકીદો એ બતાવ્યો કે તેઓ ખાતમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી સમજે છે જ્યારે કે સમજદાર લોકોના આધારે ઉપરોક્ત અર્થ લેવામાં કોઈ જ ખૂબી નથી.

આ લખાણમાં બે રીતે કુફ્ર છે : **એક** તો એ કે ખાતુમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી હોવાનો ઈન્કાર છે જ્યારે કે આ અર્થ રસૂલુલ્લાહ ﷺ સહાબાએ કિરામ, અઈમ્મએ દીન અને સર્વે ઉમ્મતથી અતૂટ રીતે સાબિત છે અને જરૂરિયાતે દીનમાંથી છે જેનો ઈન્કાર ખરેખર કુફ્ર છે. **બીજુ** (કુફ્ર) એ કે આખી ઉમ્મત સર્વે સહાબા બલ્કે ખૂદ રસૂલુલ્લાહ ﷺ ને અવામ અર્થાત નાસમજ કહ્યા જેમાં સરકાર ﷺ ની ખુલ્લી ગુસ્તાખી છે અને આ સ્પષ્ટપણે કુફ્ર છે. ત્યાર પછી "તહઝીરુન્નાસ"માં નાનોત્વી સાહબે ખાતિમુન્નબીય્યીનનો અર્થ નબી બિઝ્ઝાત બતાવ્યો છે અને સ્પષ્ટ રીતે સ્વીકાર કર્યો છે કે આ અર્થ તેમનો પોતાનો (નવો) કાઢેલ છે, મહાન ઈમામમાંથી કોઈએ આ અર્થ નથી બતાવ્યો અને "તહઝીરુન્નાસ"માં આગળ એ પણ લખ્યું છે. "જો નબી કરીમના સમયગાળા પછી માનો કે કોઈ નબી પૈદા થઈ જાય તો પણ આપની ખાતિમિય્યત (છેલ્લા હોવા)માં કોઈ જ ફરક નહીં પડે." આથી સ્પષ્ટ છે કે નાનોત્વી સાહબ જમાનાએ નબવી પછી પણ બીજા નબીનું હોવું શક્ય માને છે અને એને ખત્મે નબુવ્વતના વિરૂધ્ધ નથી માનતા ! જ્યારે કે આ અકીદો રાખનારને અઈમ્માએ દીને (દીનના ઈમામોએ) **કાફિર** ઠરાવ્યો છે. **મૌલાના અનવર શાહ કશ્મીરી ભૂતપૂર્વ શૈખુલ હદીષ દારુલ ઉલૂમ દેવબંદે** પણ પોતાની કિતાબ "ઈકફારુલ મુલ્હિદીન"માં આવા માણસના કાફિર હોવા વિશે અઈમ્મએ દીનના કથનો તથા લખાણોનો ઉલ્લેખ કરી તેને બાકી રાખ્યાં છે અને વળી ખુલાસો કર્યો કે **આવો ખોટો અકીદો જાહેર કર્યા પછી તેમાં ખેંચતાણ તથા કાટછાટ કરવી એ વધુ સખત**

**કુફ્ર છે.** આ જ ખુલાસાના અનુંસંધાનમાં અમે કહીએ છીએ કે મૌલ્વી નાનોત્વી **કાફિર** છે અને તેમનું સમર્થન તથા વકાલત કરી મૌલ્વી તાહિર હુસૈન ગયાવી અને તેમના સાથી દેવબંદી ઉલમા પણ ઈસ્લામના વર્તુળથી નીકળી ગયા.

હવે લોકોએ બંને ગૃપોના મતલબ તથા અકીદા સારી રીતે જાણી લીધા કે **એહલે સુન્નત (સુન્ની)નો અકીદો** સ્પષ્ટપણે કુર્આન મુજબ છે કે આપણા નબી આખરી નબી છે એમના પછી કોઈ નબી પૈદા નથી થઈ શક્તો. અને **દેવબંદીઓનો અકીદો** એ છે કે હુઝૂર ﷺ પછી બીજો નબી થઈ શકે છે અને એ કે નબી પાકના જમાના પછી પણ કોઈ નબી થાય તો હુઝૂર ﷺની ખાતિમિયતમાં કોઈ જ ફરક નહીં પડે.

હવે દેવબંદી મુનાઝિર ગયાવી સાહેબ ખુરશી પર આવ્યા પણ તેમણે સુન્ની મુનાઝિરના કોઈ પણ સવાલનો જવાબ ન આપ્યો અને માત્ર બકવાસ તથા બેમતલબ વાતો શરૂ કરી અને એ જ ફાલતુ વાતોમાં પોતાનો સમય ખપાવી દીધો.

ત્યાર પછી સુન્ની મુનાઝિરે પોતાની વાત કિતાબોની રોશનીમાં વધુ સ્પષ્ટ રીતે બયાન કરી અને તાહિર ગયાવીએ પોતાની બેમતલબ તથા ફાલતુ વાતોથી લોકોને ધોકો આપવાની કોશિશ કરી હતી તેની પોલ ખોલી, જેના કારણે સાંભળનારાઓ દેવબંદી મુનાઝિરની પોલ તથા ફાલતુ બકવાસ સમજી ગયા અને સુન્ની મુનાઝિરની હક્ક બયાની વધુ ઉજ્જવળ થઈ. હવે ત્રણ(૩) વાગી ગયા હતા માટે મુફ્તી મતીઉર્રહમાન સાહબની તકરીર પર પ્રથમ દિવસનો મુનાઝરો સમાપ્ત થયો.

બીજા દિવસે સવારે દસ (૧૦) વાગ્યે દેવબંદી મુનાઝિરની વારી હતી. તેમણે મુફ્તી મતીઉર્રહમાન સાહબના વાંધાઓના જવાબ આપવાના હતા પરંતુ દેવબંદી મુનાઝિરે ફરી વાર ધોકો આપવાની કોશિશ કરી જેની પોલ પહેલા દિવસે જ ખુલી ગઈ હતી માટે મુનાઝરા કમિટીએ જાણી લીધું કે ગયાવી સાહબ માત્ર ટાઈમ પાસ કરે છે માટે મુનાઝરા કમિટીએ ગયાવી સાહબને રોકી કહ્યું કે (આપની) કિતાબમાં ખાતિમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી સમજવાને અવામનો ખયાલ દર્શાવવામાં આવ્યો છે તો અવામથી અહીં કયા લોકો ગણાશે ? આનો ખુલાસો કરો ! આ સવાલ પછી પણ ગયાવી સાહેબ આમ તેમની વાતો કરવા લાગ્યા, તો પછી મુનાઝરા કમિટીએ કહ્યું કે બંને મુનાઝિર અવામનો સ્પષ્ટ અર્થ જણાવે અને ફાલતુ વાતોથી દૂર રહે. ત્યારે ગયાવી સાહબે ખુલાસો શરૂ કર્યો કે અવામથી અહીં અવામ (સામાન્ય માણસો) તથા ખવાસ (ખાસ વ્યક્તિઓ) બંને ગણાશે ! લોકો ગયાવી સાહબની આ વાત સમજી ન શક્યા. તેમની તકરીર પૂરી થઈ અને તેમનો સમય પણ પૂરો થયો.

હવે સુન્ની મુનાઝિર મુફતી સાહબ ઉભા થયા. ગયાવી સાહબની તકરીરનો જવાબ આપ્યો અને કમિટીના સવાલનો જવાબ આ પ્રમાણે આપ્યો કે અહીં (નાનોત્વીની કિતાબમાં) અવામથી મુરાદ નામસજ અને કમઅક્કલ લોકો છે, કારણ કે અર્થ વિરોધાર્થી શબ્દથી સમજી શકાય છે. નાનોત્વી સાહબે અવામના મુકાબલે સમજદાર લોકોનો ઉલ્લેખ કર્યો છે અને એ સ્પષ્ટ છે કે જ્યારે આપણે કહીએ ઉલમા હઝરાત અને અવામ તો અવામથી મુરાદ તે જ લોકો હશે જેઓ આલિમ નહીં હોય, એ જ પ્રમાણે વૈદ (ડોકટર)ના મુકાબલે અવામનો ઉલ્લેખ કરવામાં આવે તો જે ડોકટર નથી તે મુરાદ લેવાશે, હાકેમોના મુકાબલે અવામ કહેવામાં આવે તો તે લોકો મુરાદ લેવાશે જે હાકેમ ન હોય અને અક્લવાળા તથા સમજદારના મુકાબલે અવામ કહેવામાં આવે તો અવામથી મુરાદ બેવકૂફ અને નાસમજ લોકો લેવાશે. અને મુફતી સાહબે સાબિત કરી આપ્યું કે અવામનો અર્થ અવામ (સામાન્ય પબ્લિક) તથા ખવાસ (ખાસ વ્યક્તિઓ) બંને નથી, બલ્કે "સમજદાર"ના વિરુધ્ધાર્થમાં "અવામ"

શબ્દનો ઉપયોગ એ વાતની ખુલ્લી દલીલ છે કે અહીં અવામનો માયનો "નાસમજ લોકો" છે.

પછી મુફ્તી સાહબે તહઝીરુન્નાસના ત્રણેય લખાણો બયાન કર્યા. પ્રથમ અવામના ખયાલ વિશે, બીજું "જો માની લો કે આપના જમાનામાં પણ આ જમીનમાં કે આસ્માનમાં કોઈ નબી હોઈ તો તે પણ આ નુબવ્વતની ખૂબીમાં આપનો મોહતાજ હશે બલ્કે જો સંજોગોવસાત આપના જમાનામાં પણ કોઈ નબી માની લેવામાં આવે તો પણ આપનું ખાતિમ હોવું એ જ રીતે બાકી રહેશે." ત્રીજુ લખાણ "જો માની લો કે નબીના જમાના પછી પણ કોઈ નબી પૈદા થઈ જાય તો પણ હુઝૂરની ખાતિમિયત (છેલ્લા નબી હોવા)માં કોઈ જ ફરક નહીં પડે." (છેલ્લે સુધી) આ લખાણોના કુફ્રને સ્પષ્ટ કરતાં મુફ્તી સાહબે માંગ કરી કે હવે ગયાવી સાહબ આ સવાલોના જવાબો આપે.

હવે ગયાવી સાહબે નાનોત્વી સાહબને પાક સાફ સાબિત કરવા લોકોને ધોકો આપવાની કોશિશ કરી અને એ બયાન કર્યું કે પૈદા થવાનો અર્થ જાહેર થવું છે, માટે હુઝૂર પાક (ﷺ) પછી નબી થઈ શકે છે. દલીલમાં કહ્યું કે જુઓ હઝરત ઈસા عليه السلام કયામત નજીક જાહેર થશે અને તેઓ નબી જ હશે. તો હુઝૂર પાક (ﷺ)ના આખરી હોવામાં ક્યાં ફરક આવ્યો? આ પ્રકારની વાતોમાં ગયાવી સાહબે પોતાનો બધો સમય ખતમ કરી નાખ્યો.

સુન્ની મુનાઝિર ઉભા થયા અને જણાવ્યું કે "તહઝીરુન્નાસ"ના લખાણ **"જો નબીના જમાના પછી કોઈ નબી પૈદા થઈ જાય"માં પૈદા થવાનો અર્થ જાહેર થવું નથી થઈ શક્તો** કારણ કે કાલથી આજ સુધી તમે પૈદા થવાનો અર્થ જાહેર થવું નથી બતાવ્યો અને આ લખાણ પર લગભગ સો (૧૦૦) વરસોથી બહસ ચાલી રહી છે, આપના આલિમોમાંથી કોઈએ પણ આનો અર્થ જાહેર થવું નથી જણાવ્યું અને સામાન્ય બોલચાલમાં પણ આવા લખાણમાં પૈદા શબ્દનો અર્થ જાહેર થવું નથી થતું અને હઝરત ઈસા عليه السلام પૈદા નહીં થાય બલ્કે તેઓ મૌજૂદ છે અને અલ્લાહ તઆલાએ તેમને આસ્માન પર ઉઠાવી લીધા છે, કયામત નજીક તેઓ આસમાનથી ઉતરશે આથી જ કયામત નજીક તેમના જાહેર થવાને ઉલમાએ નુઝૂલ આગમન, આસ્માનથી ઉતરવું અને નાઝિલ થવું વગેરે શબ્દો થકી બયાન કર્યું છે. કોઈ પણ આલિમે એવું નથી કહ્યું કે કયામત નજીક આપ પૈદા થશે. આ સિવાય ઈમામ નવવીએ મુસ્લિમ શરીફની હદીષ કે "(કયામત નજીક) હઝરત ઈસા તમારામાં ન્યાયી હાકેમ બની ઉતરશે"ના ખુલાસામાં લખ્યું છે કે, "આપ શરીઅતે મુહમ્મદી મુજબ હાકેમ હશે, રસૂલ કે નબી બની નહીં ઉતરે અને ન તો નવી શરીઅત લઈ ઉતરશે, પરંતુ તે આ ઉમ્મતના હાકિમોમાંના એક હાકેમ હશે." આ લખાણથી સ્પષ્ટ છે કે તેઓ રિસાલત તથા નવી શરીઅત લઈ નબી હોવાના આધારે કયામત નજીક નાઝિલ નહીં થાય બલ્કે તેઓ આપણા નબીના એક ઉમ્મતી બની તશરીફ લાવશે અને આ ઉમ્મતના હાકેમોમાંના એક હાકેમ હશે. માટે ગયાવી સાહબનું કહેવું ખોટું છે.

ત્યાર પછી ગયાવી સાહબ ખુરશી પર બિરાજમાન થયા અને કહ્યું કે અલ્લાહ તઆલાએ જેને પણ નબી બનાવ્યા તે હમેશાં નબી રહેશે તેમની નબુવ્વત છીનવામાં નહીં આવે. અને મુફ્તી મતીઉર્રહમાન સાહબે હઝરત ઈસા عليه السلام ની નબુવ્વતનો ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે કયામત નજીક જ્યારે તેઓ આવશે તો નબી નહીં હોય એટલે કે તેમની નબુવ્વત છીનવી લેવામાં આવશે, આ અકીદો કુફ્ર છે માટે મુફ્તી મતીઉર્રહમાન સાહબ કાફિર થઈ ગયા ! પ્રથમ તેઓ તૌબા કરે પછી મુનાઝરો આગળ ચાલશે.

આના જવાબમાં મુફ્તી સાહબે કહ્યું કે ગયાવી સાહબ જૂઠનો સહારો લઈ રહ્યા છે, મેં માત્ર એટલું જ કહ્યું છે કે હઝરત ઈસા عليه السلام અલ્લાહના ઝિંદા

નબી હોવા છતાં દુનિયામાં આવશે તો તે આપણા નબીના ઉમ્મતી અને ઉમ્મતના હાકિમ બની તશરીફ લાવશે, તેઓ કોઈ નવી શરીઅત નહીં લાવે પણ શરીઅતે મુહમ્મદીનું પાલન કરશે. છતાં ગયાવી સાહબે મુફતી સાહબની વાત ન માની અને વારંવાર મુફતી સાહબના બતાવવા છતાં પોતાની જીદે અડી રહ્યા જેથી સુન્ની મુનાઝિરે મુનાઝરા કમિટીથી માંગ કરી કે મારી ટેપ કરેલ તકરીર ફરી વાર સંભળાવવામાં આવે. માટે કેસેટ રિવર્સ કરી મુફતી સાહબની તકરીર સંભળાવવામાં આવી તો મુનાઝરા ગાહમાં હાજર લગભગ પચાસ હજાર (૫૦૦૦૦) લોકોએ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળી. જેનું પરિણામ એ નીકળ્યું કે મુફતી સાહબની વાત સાચી નીકળી અને ગયાવી સાહબનો આરોપ બિલકુલ ખોટો તથા બેબુનિયાદ સાબિત થયો. હવે આખા મજમામાં હલચલ મચી ગઈ, ચો તરફથી ગયાવી સાહબથી તૌબાની માંગ થવા લાગી ! કે સુન્ની મુફતી સાહબ પર પાયા વિનાનો કુફ્રનો હુકમ લગાડવાના કારણે તે પોતે કાફિર થઈ ગયા ! જેથી ખૂદ તૌબા કરે ! આ સાંભળીને તાહિર સાહબ હચમચી ઉઠયા, તેમની બોલતી બંધ થઈ ગઈ અને મૌન ધારણ કરીને બેસી રહ્યા અને પબ્લિક પૂરા જોર શોરની સાથે તૌબાની માંગણી કરતી રહી. તૌબા ! તૌબા ! નો શોર મચી ગયો હતો. સુન્ની આલિમોએ જેમ તેમ કરીને પબ્લિકને કન્ટ્રોલમાં લીધી. પછી મુનાઝરાના સુન્ની સદર મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા કાદરીએ ઉભા થઈને ફર્માવ્યું કે ગયાવી સાહબ અમારા મુનાઝિર પાસે માફી માંગે કે તેમણે તેમના ઉપર અયોગ્ય આક્ષેપ મૂક્યો, મુનાઝરા કમિટી તથા પબ્લિક પાસે માફી માંગે કે તેમની સમક્ષ તેમણે સ્પષ્ટ જૂઠ બોલ્યું અને ખુદાની બારગાહમાં તૌબા કરે કે એક મુસલમાનને તેમણે કાફિર કહીને ખૂદ કુફ્ર કર્યું. એના સમર્થનમાં મુહદ્દિષે કબીરે બુખારી શરીફની હદીષનો હવાલો પણ આપ્યો. હવે પૂરા મજમા પર સન્નાટો છવાયેલો હતો કે ગયાવી સાહબ તૌબા કરશે, પરંતુ લગભગ છ મિનિટ સુધી ખુરશી પર પૂતળા જેમ બેસી રહ્યા. જ્યારે ફરીવાર તૌબાની માંગણી થઈ તો પણ કોઈ જવાબ ન મળ્યો. એ સમય દરમ્યાન મૌન ધારણ કરેલ સ્થિતિમાં રહ્યા, અને ગયાવી સાહબને ધ્રુજારી શરૂ થઈ ગઈ હતી. મુનાઝરા કમિટીએ એલાન કર્યું કે, ઠીક છે ! અમે આજે રાત્રે તેમની પાસે તૌબાનામુ લખાવી લઈશું.

હવે સુન્ની પબ્લિકમાં ખુશીઓની હદ ન હતી. તેઓ જ ખુશીની કૈફિયતની સ્થિતિમાં હતા કે જોવામાં આવ્યું કે **અચાનક ગયાવી સાહબ ખુરશી પરથી ઝડપથી નીચે ઉતરીને બેઠા પછી ખસતા ખસતા સ્ટેજનાં દાદર સુધી પહોંચીને નાસી છૂટવાની કોશિશ કરી ! પરંતુ હજી પોતાની ગાડીમાં બેસવા પામ્યા ન હતા એટલામાં લોકોએ જોઈ લીધા અને ઘેરી લઈને તેમને પકડયા અને ફરીથી બોલાવીને સ્ટેજ ઉપર બેસાડી દીધા, પરંતુ તેમના મુનાઝિર મોલ્વી મંઝૂર માધવપૂરી ભાગવામાં સફળ ગઈ ગયા. મુનાઝરા કમિટીએ એલાન કર્યું કે તમે લોકો ઈત્મિનાનપૂર્વક બેસો, ગયાવી સાહબને અમે ભાગવા દઈશું નહીં !**

ગયાવી સાહબ જેમ તેમ કરીને માઈક પર આવ્યા પણ તે જ ધ્રુજારી તથા પરસેવાથી રેબઝેબ હતા. સતત પાંચ શખ્સો પંખો હલાવી રહ્યા હતા. ગમે તેમ કરીને નિરર્થક વિષય બહારની વાતો કરીને પોતાનો સમય દસ મિનિટમાં પૂરો કર્યો.

હવે મુફતી (મતીઉર્રહમાન) સાહબ ઉભા થયા અને ફર્માવ્યું કે આ કિતાબ "તહઝીરુન્નાસ" છે તેના પેજ નં. ૨૫ ઉપર મોલ્વી કાસિમ નાનોત્વી લખે છે : "ધારો કે નબી ﷺ ના જમાના પછી કોઈ નબી પેદા થાય તેમ છતાં પણ મુહમ્મદના અંતિમ નબી હોવામાં કાંઈ ફરક આવશે નહીં." અને એના પર બે દિવસથી સતત તમારી તથા અમારી વચ્ચે ચર્ચા ચાલે છે પણ તમે જવાબ ન આપીને નિરર્થક

વાતો કરો છો. જેથી તમો કેવળ એટલું કહી આપો કે કાસિમ નાનોત્વીના કહ્યાનુસાર બીજો નબી પેદા થઈ જાય તો હુઝૂર ﷺ ના અંતિમ નબી હોવામાં (ખાતમિયતમાં) ફરક આવશે કે નહીં ? "હા" કે "ના"માં જવાબ આપો ! ઉઠો ! જવાબ આપો ! તો ગયાવી સાહબ ઉઠયા જ નહીં. સુન્ની મુનાઝિરે લલકારતાં કહ્યું, ઉઠો ! "હા" કે "ના"માં કેવળ એટલો જ જવાબ આપો કે તમારો અકીદો આ છે કે નથી ? ફરક આવશે કે નહીં ? અમે તમને બે મિનિટનો સમય આપીએ છીએ. પણ છતાંય ન ઉઠયા ! ત્રીજીવાર મુનાઝરા કમિટીએ તેમને ઉઠવા માટે મજબૂર કરી દીધા. અમુક માણસોએ પકડીને ખુરશી પર બેસાડયા. હવે ખુરશી પર આવીને એવા થઈ ગયા જાણે તેમના કાનોમાં સળીયા નાખી દેવામાં આવ્યા હોય ! અને હવે જ્યારે જ્યારે જવાબની માંગણી થઈ રહી છે તો કહી રહ્યા છે, "હા ! શું કહી રહ્યા છો ? હા ! શું કરી રહ્યા છો ?!" મુફતી સાહબે કહ્યું કે બે દિવસથી અમારા સર્વ અવાજો સંભળાઈ રહ્યા હતા અને હવે આ બે લીટીનું લખાણ આટલા મોટા અવાજે બતાવી રહ્યો છું પણ નથી સંભળાતું ! ગયાવી સાહબની આવી અયોગ્ય હરકતથી તંગ આવીને મુનાઝરા કમિટીએ ધમકાવીને કહ્યું, તમને મુફતી સાહબે બે મિનિટનો ઈખ્તિયાર આપ્યો છે તો તેમના સવાલનો જવાબ કેવળ બે શબ્દોમાં આપો કે ફરક આવશે કે નહીં ?! "હા" અથવા "ના"માં જવાબ આપો ! આ સવાલ પછી ગયાવી સાહબ હક્કા બક્કા (અવાચક) બનીને રહી ગયા અને મુંગા બનીને પોતાની ખુરશી પર બેસી રહ્યા. આખો મજમો, મુનાઝરા કમિટી તથા બંને પક્ષના ઉલમા પર સન્નાટો છવાયેલો હતો, અને તમામે તમામ ગયાવી સાહબના જવાબની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ ગયાવી સાહબના મોઢા પર હવાઈઓ ઉડી રહી હતી, એવું લાગી રહ્યું હતું કે જાણે તેમણે ન બોલવાની કસમ ખાધી છે. સાત મિનિટ સુધી મૌનની એ જ હાલત છવાયેલી રહી. પછી સુન્ની મુનાઝિર મુફતી સાહબે "તહઝીરુન્નાસ" લઈને સર્વ હકીકત ખોલી નાખી અને છેવટ સુધી જવાબની માંગણી કરતા રહ્યા પરંતુ કોઈ જવાબ ન મળ્યો. હવે મુનાઝરાનો સમય પૂરો થઈ ચૂક્યો હતો. કમિટીએ એલાન કરી આપ્યું કે હવે મુનાઝરો ઈન્શાઅલ્લાહ ! કાલે થશે. સુન્ની આલિમો પોતાના ઉતારે જતા રહ્યા અને સુન્ની અવામ પોતાની જીતની ખુશીઓ મનાવવા લાગી.

એ સમયે મુનાઝરાના સ્થળે એ દશ્ય પણ ઘણુ જ દિલકશ તથા જોવા લાયક હતું કે ખૂદ દેવબંદી પબ્લિક જોશમાં આવી ગઈ અને સ્ટેજ પર હાજર દેવબંદી આલિમોને ઘેરી લીધા અને બુમો પાડી પાડીને તેમને કહેવા લાગ્યા કે **બરેલ્વી મુનાઝિરના સવાલોના જવાબ આપો, નહીં તો અમે પણ તેમના ગિરોહમાં જતા રહીશું એટલે સુન્ની થઈ જાશું** ! અને તૌબા કરવાની નોબત કેમ આવી ? લગભગ પોણો કલાક દેવબંદી પબ્લિકે પોતાના આલિમોને સ્ટેજ પરથી ઉતરવા ન દીધા. ગયાવી સાહબ સિક્યુરીટી દળની મદદથી જેમ તેમ કરીને ગાડીમાં સવાર થઈને ભાગવામાં સફળ થઈ ગયા. તેમ છતાં કેટલીક દેવબંદી વ્યક્તિઓ ગાડી પાછળ પણ દોડી રહી હતી કે ભાગવા ન દો ! આ સર્વ હકીકતો ઓડીયા તથા વીડીઓ કેસેટમાં સમાવી લીધેલ છે. હજારો લોકોએ અહલે સુન્નતની ઉઘાડી જીત અને દેવબંદીઓની સખત હારનો નઝારો કર્યો અને હક્ક તથા બાતિલને સારી પેઠે જાણી લીધું. દેવબંદી આલિમોએ સતત પોતાની નિષ્ફળતા તથા બેઈજ્જતી જોઈને **"અલમદદ ! યા પુલીસ !"**નો સહારો લીધો અને એસ.પી. થકી ત્રીજા દિવસના મુનાઝરાને રદ કરવાનું એલાન કરાવી દીધું. ત્રીજા દિવસે સુન્નીઓની મહાન ભીડ એકત્ર થઈ ગઈ અને ઉઘાડી જીત (ફતહે મુબીન)નો નારો લગાડતા લગાડતા મુનાઝરાગાહથી નજીકના બજાર વચ્ચે થઈને રઝા મસ્જિદ દલકોલા પહોંચી અને શાનદાર

અંદાજમાં "જશ્ને ફતહ" મનાવ્યો. પછી ત્યારબાદ બાઈસીના ઈલાકા, કિશનગંજ, કટીહાર અને મલકપુર મદ્રસામાં અને વિવિધ સ્થળોએ પણ "જશ્ને ફતહ" મનાવવામાં આવ્યો. આ મુનાઝરામાં અહલે સુન્નતના ટોચના આલિમોએ હાજરી આપી.

અમુક હઝરાતનાં નામો આ પ્રમાણે છે :–

**(૧)** મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા કાદરી (સદર) **(૨)** મુફતી મુહમ્મદ મતીઉર્રહ્માન (મુનાઝિર) **(૩)** અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી **(૪)** મુફતી મુહમ્મદ મુજીબ અશ્રફ સાહબ **(૫)** મૌલાના સગીર અહમદ જોખનપૂરી **(૬)** મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી (ગુજરાત) **(૭)** મૌલાના મુહમ્મદ અબ્દુલ મુબીન નોઅમાની **(૮)** મૌલાના મુફતી આલે મુસ્તફા સાહબ મિસ્બાહી **(૯)** મૌલાના મુફતી હસન મુન્ઝર કદીરી **(૧૦)** મૌલાના મુફતી ઝુબેર આલમ **(૧૧)** મૌલાના કાઝી ફઝલ અહમદ મિસ્બાહી **(૧૨)** મૌલાના ખ્વાજા મુહમ્મદ આસિફરઝા મિસ્બાહી.

-કાર્યાલય

# બાળકોનો તર્બિયતી ગુલશન

## બખીલ (કંજૂસ)ની કહાની

હઝરત મૂસા عليه السلام ના જમાનામાં એક ઘણો જ મોટો માલદાર થયો હતો એનું નામ કારૂન હતું. તે ઘણો જ મોટો બખીલ અને કંજૂસ હતો. હઝરત મૂસાએ એને ઘણો જ સમજાવ્યો કે તું તારા માલને ખુદાની રાહમાં ખર્ચ કરી નાખ અને ખુદાનો કાનૂન માની લે. કિયામતના દિવસે તને એનો બદલો મળશે. પણ કારૂન એટલો મોટો બદ્નસીબ હતો કે એણે હઝરત મૂસા عليه السلام ની એક ન સાંભળી.

કારૂન કહ્યા કરતો હતો કે મારી દૌલત મને દરેક આફત અને મુસીબતથી બચાવી શકે છે, જ્યાં સુધી મારી પાસે દૌલત છે ત્યાં સુધી મારી પાસે મૌત પણ નથી આવી શક્તી ! તો પછી વગર કારણે પોતાની દૌલતને ખુદાની રાહમાં કેમ ખર્ચ કરું ?! તે એટલો મોટો મખ્ખીચૂસ હતો કે દૌલતના ખર્ચ થવાના ડરથી કપડાં પણ સારાં પહેરતો ન હતો, મામૂલી ખાવા ખાતો અને મામૂલી કપડાં પહેરતો, છેલ્લે એનો વખત આવી ગયો અને ખુદાનો વાયદો પૂરો થયો. જ્યારે મૌતે આવીને ઘેરી લીધો તો અવાચક બની આમ તેમ તાકવા લાગ્યો.

હઝરત મૂસા عليه السلام એ ફર્માવ્યું કે હજી પણ કંજૂસી બખીલી છોડી દે અને ખુદાની રાહમાં રૂપિયા પૈસા ખૈરાત કરી દે તો હજુ પણ તારાથી હું છૂટકારાનો વાયદો કરું છું. પણ તે એવો કંજૂસ હતો કે મરતી વખતે પણ ન માન્યો અને આખરી સમય સુધી એને એ જ માનતો રહ્યો કે મારી દૌલત મને બચાવી લેશે.

અલ્લાહ તઆલાનો હુકમ થયો કે એની બધી દૌલતને ઉઠાવીને એના માથા પર મૂકી દો. હુકમ પ્રમાણે વર્તવામાં આવ્યું અને કારૂન પોતાની બધી દૌલતનો બોજ માથા પર લઈને જમીનમાં ધસતો ગયો.

ખુદીસે હુક્મે રબ્બ કારૂન ન માના
ઝમીંમે ઢંસ ગયા લેકર ખઝાના

**ફાયદો** : પ્યારાં બાળકો ! જોયું તમે કંજૂસી ઘણી જ બુરી ચીજ છે. ખુદા જો દૌલત આપે તો એમાં ખૂદ ખાય અને ગરીબોને ખવડાવે.

કારૂન પોતાનો બધો ખજાનો લઈને જમીનમાં ધસી ગયો, પણ પોતાની દૌલતથી ન ખૂદ ફાયદો ઉઠાવ્યો અને ન બીજાઓને ઉઠાવવા દીધો. આજ સુધી લોકો બેઈજ્જતીપૂર્વક લા'નતની સાથે એનું નામ લે છે, એની દૌલત માટીમાં મળીને માટી બની ગઈ જેથી આપણે કંજૂસાઈથી દૂર રહેવું જોઈએ.

# ફઝાઈલે મુતહ્હરાત

رضی اللہ تعالی انہن

અઝ : હઝરત મુફ્તી હારૂન રશીદ અમજદી
કાદરી કંબોલ્વી (હાલ : લંડન, યુ.કે.)

## હઝરત ખદીજાનું ઈમાન લાવવું

ઈબ્ને સઅદે એક રિવાયત યહ્યા બિન ફુર્રાતના હવાલાથી તે સમયના ઈસ્લામની મંઝરકશી કરી છે જે અફીફ કન્દીના બયાન કરેલા પ્રમાણે નીચે મુજબ છે :–

હું જાહિલિયતના જમાનામાં મક્કા આવ્યો કે મારી પત્ની માટે અત્તર અને કપડાં ખરીદીને લઈ જાઉં. અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ (હુઝૂર ﷺ ના કાકા) પાસે રોકાઈ ગયો. સવારનો સમય હતો મારી નજર કા'બાની તરફ હતી. અબ્બાસ પણ સાથે હતા. એટલામાં એક નવ જવાન આદમી આવ્યો, પોતાનું માથુ આસ્માન તરફ ઉઠાવીને જોયું અને પછી કિબ્લા તરફ ઊભો થઈ ગયો. થોડીવારમાં એક છોકરો આવ્યો અને તે નવજવાનની જમણી બાજુએ ઊભો થઈ ગયો. વધારે ટાઈમ ન થયો હતો કે એક ઔરત આવી અને તેણી પણ એ બંનેવની પાછળ ઊભી થઈ ગઈ. એટલે સુધી કે આ બંનેવ (છોકરો અને ઔરત)એ નવજવાન સાથે નમાઝ પઢી ચાલ્યા ગયાં. તો મેં અબ્બાસને કહ્યું કે :–

અય અબ્બાસ ! હું જોઈ રહ્યો છું કે કોઈ બહુ જ મોટો ઈન્કેલાબ આવવાવાળો છે ! તો અબ્બાસે કહ્યું, હા ! તમે જાણો છો કે આ નવજવાન, છોકરો અને ઔરત કૌણ છે ? મેં કહ્યું, ના ! તો અબ્બાસે કહ્યું, આ નવજુવાન મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ મારો ભત્રીજો અને છોકરો અલી અબૂ તાલિબ બિન અબ્દુલ મુત્તલિબનો છોકરો છે. અને આ ઔરત જેને તમે એ બંનેવની પાછળ નમાઝ પઢતી જોઈ છે એ મારા જવાન ભત્રીજાની બીવી ખદીજા બિન્તે ખુવયલદ છે, મારા ભત્રીજાનો ખયાલ છે કે તેનો ધર્મ ખાસુલહામી (શ્રેષ્ઠ) છે અને એ જે કંઈ કરે છે તે ખુદાના હુકમથી કરે છે.

ખુદાની કસમ ! જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી આખી દુનિયામાં આ ત્રણના સિવાય કોઈ પણ આ ધર્મનો પાબંદ નથી. આ સાંભળી મને તમન્ના થઈ કે કાશ ! હું ચોથો હોત. *(તબકાત ઈબ્ને સઅદ, ભાગ–૮, પેજ–૧૦, ૧૧)*

**અખ્લાક અને આદતો** : હઝરત ખદીજા رضی اللہ عنہا ઔલાદ પર ખૂબ જ મહેરબાન હતાં. અને ઘરનાં કામોમાં પણ સારાં જાણકાર હતાં. અને ઘરનું કામ પણ સારી રીતે કરતાં હતાં. એમની એ જ ખૂબીઓનો એહસાસ કરતાં હુઝૂર ﷺ એ એમના વિશે ફર્માવ્યું હતાં :–

તેણી હુઝૂર ﷺ સામે ખૂબ જ સારી રીતે ઈજ્જતની સાથે વર્તન કરતી હતી. અને હુઝૂરની નબુવ્વતને જાહેર કરતાં પહેલાં અને પછી પણ આપની તમામ વાતો માનતી હતી. *(અસાબા, ભાગ–૮, પેજ–૫૪૦)*

## ફઝાઈલ વ મનાકિબ

હઝરત ખદીજા પૂરા અરબસ્તાનમાં કેટલાં મશહૂર હતાં અને તેણીની આદતો અને વર્તન કેટલું સારું હતું અને હુઝૂર ﷺ થી કેટલી મહોબ્બત કરતાં હતં તે તમે ઉપર વાંચી લીધું હવે એમની ફઝીલત હદીષની રોશનીમાં નીચે બયાન કરવામાં આવે છે :–

"હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم થી રિવાયત છે કે મેં હુઝૂર ﷺ ને ફર્માવતાં સાંભળ્યું છે કે મરયમ બિન્તે ઈમરાન પોતાના જમાનાની ઔરતોમાં સૌથી

બેહતર છે અને ખદીજા બિન્તે ખુવૈલદ આ જમાનામાં તમામ ઔરતોથી બેહતર છે." *(મિશ્કાત શરીફ, પેજ–૫૭૩)*

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે જિબ્રઈલે અમીન علیہ السلام નબીએ પાક صلی اللہ علیہ وسلم ની પાસે આવ્યા અને કહ્યું કે, અય અલ્લાહના રસૂલ ! આ ખદીજા છે તેમની પાસે એક વાસણ છે જેમાં થોડુ શાક અને ખાવાનું છે તો જ્યારે તમારી પાસે તેણી આવે તો તેણીને એમના રબ અને મારા તરફથી સલામ કહેશો અને જન્નતમાં યાકૂતથી બનેલા મકાનની ખુશખબરી આપશો જેમાં ન અવાજ હશે ન તકલીફ." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૩૯, મિશ્કાત શરીફ, પેજ–૫૭૩)*

"હઝરત આયશા رضی اللہ عنہا થી રિવાયત છે કે ખદીજાની બહેન હાલા બિન્તે ખુવયલદે હુઝૂર صلی اللہ علیہ وسلم થી હુકમ તલબ કર્યો. હુઝૂરે ખદીજાના હુકમને યાદ કરી લીધો. જેનાથી હુઝૂર કાંપી ગયા પછી ફર્માવ્યું. અય અલ્લાહ ! આ હાલા છે તું એને માફ ફર્માવ. હઝરત આઈશા કહે છે કે મને શરમ આવી, મેં કહ્યું કે કુરૈશની ઘરડીઓમાંથી એક લાલ જબલાવાળી ઘરડીની વાત કરે છે જેને મરવાને એક જમાનો ગુજરી ગયો અને અલ્લાહે હુઝૂર صلی اللہ علیہ وسلم ને તેનાથી વધારે બેહતર અતા ફર્માવી." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૩૯)*

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ચાર ઔરતોને દુનિયાની તમામ ઔરતો પર ફઝીલત હાંસલ છે : (૧) **મરયમ બિન્તે ઈમરાન** (૨) **ખદીજા બિન્તે ખુવયલદ** (૩) **ફાતિમા બિન્તે મુહમ્મદ** અને (૪) **ફિરઔનની પત્ની આસિયા.** *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૨૨૭, મિશ્કાત શરીફ, પેજ–૫૩૭)*

**તર્જુમો** : "હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે અઝવાજે મુતહ્હરાતમાંથી સૌથી વધુ મને હઝરત ખદીજા પર ગૈરત આવતી હતી, જો કે મેં તો તેણીને જોઈ પણ નથી. ગૈરતનું કારણ એ હતું કે હુઝૂર صلی اللہ علیہ وسلم સૌથી વધારે તેણીને યાદ કરતા હતા અને અકસર એવું થતું હતું કે આપ જ્યારે પણ બકરી કાપતા ત્યારે તેમાંથી થોડો ગોશ્ત હઝરત ખદીજાની સહેલીઓને મોકલાવતા હતા જેનાથી હું ચીઢાઈ જતી હતી અને અમુક વખતે કહી પણ દેતી કે દુનિયામાં બસ એક ખદીજા જ તમારી બીવી હતી ! તો આપ ફર્માવતા હા ! હા ! તેણી હતી, તેણી જ હતી ! જેનાથી અલ્લાહે મને ઔલાદ આપી." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૩૯, મિશ્કાત શરીફ, પેજ–૫૭૩)*

"હઝરત અલીથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે તમામ ઔરતોમાં હઝરત ખદીજા બિન ખુવયલદ સૌથી બેહતર છે."

"ઈમામ અહમદ, અબૂ દાવૂદ, નિસાઈએ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે જન્નતની ઔરતોમાં સૌથી અફઝલ હઝરત ખદીજા, હઝરત ફાતેમા, હઝરત મરયમ અને આસિયા છે." (رضی الله تعالی انهن) *(ઝુર્કાની, જિ. ૩, પેજ–૨૨૩)*

"રિવાયત છે કે એક વખત હઝરત આઈશાએ હુઝૂર صلی اللہ علیہ وسلم ની જબાન મુબારકથી હઝરત ખદીજાની ખૂબ જ તા'રીફ સાંભળી તો તેણીને ગૈરત આવી ગઈ અને તેણીએ આવું કહી આપ્યું કે હવે તો તમને અલ્લાહ તઆલાએ એમનાથી સારી બીબી આપી દીધી ! આ સાંભળી આપે ફર્માવ્યું કે નહીં ! ખુદાની કસમ ! ખદીજાથી સારી મને કોઈ બીબી મળી જ નથી ! જ્યારે બધા લોકો મારી વાતોને માનતા ન હતા તે વખતે તેણીએ મારી વાતો સાંભળી અને જ્યારે કોઈ આદમી મને કંઈ આપવા તૈયાર ન હતો તે વખતે તેણી ખદીજાએ મને પોતાનો બધો જ સામાન આપી દીધો હતો. અને તેણીના જ પેટથી અલ્લાહ તઆલાએ મને ઔલાદ અતા ફર્માવી." *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૨૪)*

**વફાતે મુબારક** : ઈસ્લામી જગતની અજોડ ઔરત મુસલમાનોની માં અને હુઝૂર ﷺ ની પાક બીવી હઝરત ખદીજા رضی اللہ عنہا હિજરતના ત્રણ વર્ષ પહેલાં પાસંઠ વર્ષની ઉંમરમાં ઈ.સ. સન ૬૨૦ દસમી રમઝાને મક્કા મુકર્રમામાં અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં અને તેમને મક્કાના મશહૂર કબ્રસ્તાન જન્નતુલ મુઅલ્લામાં દફન કરવામાં આવ્યાં. હુઝૂર ﷺ એ જાતે જ પોતાના હાથે તેણીને કબ્રમાં ઉતાર્યાં. *(અલ્ અકમાલ ફી અસ્માઉર્રિજાલ, પેજ-૫૯૩, ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૨૬)*

હઝરત ખદીજા رضی اللہ عنہا નો ઈન્તેકાલ તે વખતે થયો જ્યારે બની હાશિમ શોઅબ (અબૂ તાલિબ)થી બહાર આવી ગયા હતા અને તે જ વર્ષે હુઝૂર ﷺ ના કાકા અબૂ તાલિબનું અવસાન થઈ ગયું હતું. અબૂ તાલિબના અવસાનથી હુઝૂર ﷺ ને ખૂબ જ તકલીફ થઈ હતી. કારણ કે અબૂ તાલિબ દરેક મામલામાં હુઝૂર સરવરે કાઈનાત ﷺ ની તરફદારી કરતા હતા. અને આ જ હાલ હઝરત ખદીજાનો હતો જે આપનાં પહેલાં શરીકે હયાત હતાં અને આપની ઉપર જાન વ દિલથી ફિદા હતાં. તેણીના વિસાલથી પણ હુઝૂર ﷺ ને ખૂબ જ ગમ થયો એટલા માટે તે સાલનું નામ "આમ્મુલ્ હુઝ્ન" એટલે ગમનું વર્ષ રાખવામાં આવ્યું. *(તબ્કાતે ઈબ્ને સઅદ, ભાગ-૮, પેજ-૧૧, અસદુલ ગાબા, ભાગ-૫, પેજ-૪૩૯)*


## ⍟ ચોલા સાહબની કિતાબ મંગાવો ⍟

**કિતાબનું નામ : સરવરે આલમ** ﷺ (પેજીસ-૧૦૦) (હદિયો : રૂા. ૩૦/-)

**લેખક** : મર્હૂમ હાજી અબ્દુલગફ્ફાર ચોલા (જામનગર)

**પ્રકાશક** : મુહમ્મદ અમીન એ ચોલા, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ જામનગર, ફોન : (૦૨૬૮૮) ૨૬૭૯૪૪૫

મર્હૂમ ચોલા સાહબની કલમી સેવાનો જવાબ નથી ! આપે ગુજરાતી સુન્ની આલમની સેવામાં ઘણી કિતાબો લખી છે, જેમ કે જિન્નાતની દુનિયા, અલ્લાહના પૈગંબરો (૪-ભાગ), ઈલ્મનો ખજાનો, મહાન મુકદ્દસ યાદગારો વગેરે... યાદગાર કિતાબો છે, એવી જ એક માહિતીપૂર્ણ કિતાબ સરવરે આલમ ﷺ આપણા પ્યારા નબી કરીમ ﷺની શાન તથા ખૂબીઓ પર તેમજ સહાબાએ કિરામના ઈમાન અફરોઝ પ્રસંગો વગેરેથી માહિતીપૂર્ણ કિતાબ પ્રકાશકના સરનામે M.O. કરીને આજે જ મંગાવો. ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

## "જાને અકીદત" મંગાવો !

**કિતાબ : "જાને અકીદત"** (નઅત તથા મન્કબતોનો સંગ્રહ) **હદિયો : રૂા. ૧૦/- (પોસ્ટેજ અલગ)**

**અઝ** : શેખ અબ્દુલગની અબ્દુર્રહમાન "ગનીમત" જ્યુબેલીવાળા

**પ્રાપ્તિસ્થાન : (૧)** ખાનકાહે અહલે સુન્નત, જામા મસ્જિદ, માંડવી, વડોદરા **(૨)** એ.એ.શેખ "ગનીમત" બાલાસિનોરી જ્યુબેલીવાળા, તળાવ દરવાજા, બાલાસિનોર-૩૮૮૨૫૫ **(૩)** હાજી ગુલામ મુહમ્મદ ઈબ્રાહીમ, બાગે કાદરી, અઝીમ પાર્ક, પાવાગઢ રોડ, હાલોલ (પંચમહાલ)

ખાનકાહે અહલે સુન્નત વડોદરાના ખાસ શાયરે ઈસ્લામ જનાબ "ગનીમત" જ્યુબેલીવાળા બાલાસિનોરીનો નઅતો મન્કબતોથી ભરપુર આ ગુલદસ્તો મેહફિલે મીલાદ તથા અન્ય જલ્સાઓ તેમજ બુઝુર્ગોના ઉર્સના પ્રસંગે ખૂબ જ કામ આવે અને મેહફિલમાં ઈમાની નૂર તથા ઈમાની તાજગીભરી આપે તેવો છે. શાઈરે છોટે સરકાર "ગનીમત"થી પ્રખ્યાત આપણા સુન્ની શાયરની આ કિતાબ જરૂરથી મંગાવી એમને વધુને વધુ નઅતો મન્કબતો પેશ કરવા પ્રોત્સાહિત કરશો. "ગનીમત" સાહબને આ કૃતિ માટે મુબારકબાદ પેશ કરીએ છીએ. ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

# ઔરતોની હિકાયતો

⭑ લેખક ⭑
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
⭑ અનુવાદક ⭑
આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

**(હિકાયત : ૦૯)**

## હઝરત મરયમ رضی اللہ عنہا મેહરાબમાં

હન્નાએ જે મનનત માની હતી ખુદા તઆલાએ કબૂલ ફર્માવી. હઝરત હન્નાએ વિલાદત પછી હઝરત મરયમ رضی اللہ عنہاને એક કપડામાં લપેટીને બયતુલ મુકદ્દસમાં ધર્મગુરૂઓ (યહૂદીઓના ઓલમા) સમક્ષ પેશ કરી દીધાં. આ ધર્મગુરૂઓ હઝરત હારૂન علیہ الصلوٰۃ والتسلیم ના વંશજોમાંથી હતા. જ્યારે કે હઝરત મરયમ رضی اللہ عنہا તેઓના આગેવાનનાં પુત્રી હતાં. અને તેમનું કુટુંબ બની ઈસરાઈલમાં બહુ ઊંચુ ખાનદાન હતું. માટે તે સર્વેએ જેમની સંખ્યા સત્તાવીસ (૨૭) હતી હઝરત મરયમને લેવા અને એના જવાબદાર બનવાની ઈચ્છા વ્યક્ત કરી. હઝરત ઝકરિયા علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું, હું મરયમના માસા થાઉં છું એટલા માટે સૌથી વધુ (ઉછેરનો) હક્કદાર હું છું. સમાધાન એના પર થયું કે ચીટ્ઠી ઉછાળવામાં આવે. ચીટ્ઠી ઉછાળી તો ચીટ્ઠી હઝરત ઝકરિયા علیہ الصلوٰۃ والتسلیم ના નામની જ નીકળી અને આપ હઝરત મરયમના જવાબદાર બન્યા. આપે પછી બયતુલ મુકદ્દસમાં હઝરત મરયમ માટે મેહરાબની પાસે એક ઓરડો બનાવ્યો તેમાં આપને રાખ્યાં હઝરત મરયમની એ કરામત હતી કે આપ એક દિવસમાં એટલાં વધતાં જેટલું બીજું બાળક વર્ષે વધે છે અને આપે કોઈ સ્ત્રીનું દૂધ નથી પીધુ પણ હઝરત ઝકરિયા علیہ الصلوٰۃ والتسلیم જ્યારે ઓરડો બંધ કરી તેને તાળુ લગાડી બહાર તશરીફ લઈ જતા અને પરત ત્યાં આવતા તો એમની પાસે રંગબેરંગી સિઝન વગરનાં ફળ હાજર પામતા. એક દિવસ આપે આ દશ્ય જોયું તો પૂછયું, يَا مَرْيَمُ اَنّٰى لَكِ هٰذَا "અય મરયમ ! આ તમારી પાસે ક્યાંથી આવ્યું ?" આપે જવાબ આપ્યો : هُوَ مِنْ عِنْدِ اللّٰهِ "તે અલ્લાહ પાસેથી (આવ્યું) છે."

આ પણ હઝરત મરયમની કરામત હતી કે બાળવસ્થામાં આપે વાત સાંભળી અને તેનો જવાબ આપ્યો અને ફર્માવ્યું, આ કમોસમે ફળ અલ્લાહ પાસેથી આવ્યાં છે. હઝરત ઝકરિયા علیہ الصلوٰۃ والتسلیم એ જ્યારે જોયું કે અલ્લાહ તઆલા મરયમ પાસે સિઝન વિનાનાં ફળ મોકલી રહ્યો છે તો ફર્માવ્યું કે જે ઝાતે પાક મરયમને વિના મોકે, વિના સિઝને અને વિના કારણે ફળ અતા ફર્માવવા પર કાદિર છે, તે નિઃશંક ! એના પર પણ કાદિર છે કે મારી વાંઝ પત્નીને નવી તંદુરસ્તી આપે અને મને આ વૃદ્ધવસ્થામાં નિરાશા છવાઈ ગયા પછી ફરઝંદ અતા ફર્માવે. આ ખયાલથી :–

هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ قَالَ رَبِّ هَبْ لِي مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً اِنَّكَ سَمِيعُ الدُّعَاءِ۔

"ઝકરિયા પોતાના પરવરદિગારને પોકારી ઉઠયા બોલ્યા, અય મારા પાલનહાર ! મને પોતાના પાસેથી સ્વચ્છ સંતાન આપ બેશક ! તું જ દુઆ સાંભળનાર છે."

જેથી ત્યાં માંગવાનો એ અસર થયો કે જિબ્રઈલે અમીન હાજર થયા અને અર્ઝ કરી :– اِنَّ اللّٰهَ يُبَشِّرُكَ بِيَحْيٰى બેશક ! અલ્લાહ આપને યહ્યા (નાં જન્મ)ની ખુશખબર આપે છે. જેથી મુકદ્દસ વૃદ્ધાવસ્થામાં આપને અલ્લાહ તઆલાએ યહ્યા علیہ الصلوٰۃ والتسلیم અતા ફર્માવ્યા. *(કુર્આને કરીમ, પા. ૩, રુકૂઅ–૧૨, રૂહુલ બયાન, જિ. ૧, પેજ–૩, ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૮૧)*

## બોધ

ઔલિયા قُدِّسَتْ اَسْرَارَهُمْ ની કરામતો હક્ક છે. હઝરત મરયમ કોઈ સ્ત્રીનું દૂધ પીયા વિના દિવસમાં એટલાં વધતાં જેટલું બીજુ બાળક વર્ષમાં વધે છે. અને આપના માટે ખાવા પીવાનો સામાન જન્નતથી આવતો. જણાયું કે અલ્લાહ તઆલા દરેક ચીજ પર કાદિર (કુદરત ધરાવનાર) છે. આ જે કુદરતના આમ કાનૂનો દેખાઈ રહ્યા છે અલ્લાહ તઆલા તેનો પાબંદ નથી પરંતુ આ કાનૂનો ખૂદ અલ્લાહની મરજીના પાબંદ છે. તે પોતાના કાનૂનની વિરૂધ્ધ પણ જે ઈચ્છે કરી શકે છે. અર્થાત તેનો એક કાનૂન એ પણ છે કે આમ કાનૂનોની વિરૂધ્ધ જે ચાહે કરી દેખાડી. જે લોકો મો'જિઝાત તથા કરામાતના મુન્કિર (ઈન્કાર કરનાર) છે, તેઓ અલ્લાહના મા'બૂદ હોવાની શાનથી બેખબર છે. તેઓ ખુદાને આ કાનૂનોનો પેરોકાર (અનુસરનાર) સમજે છે. અલ્લાહની પનાહ! જ્યારે કે સૌ કાનૂનો તેના તાબા હેઠળ છે. એ પણ જણાયું કે ખુદા તઆલા પોતાના ખાસ બંદાઓની ખાસ તર્બિયત ફર્માવે છે. અને એ પણ જાણવા મળ્યું કે જ્યાં કોઈ અલ્લાહના નેક બંદાના કદમ લાગી જાય તે જગામાં એ તાષીર પૈદા થઈ જાય છે કે ત્યાં જે પણ દુઆ માંગવામાં આવે અલ્લાહ કબૂલ ફર્માવી લે છે. એટલે જ તો હઝરત ઝકરિયા عليه السلام એ هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ ના પ્રમાણે ત્યાં ઉભા થઈ દુઆ માંગી જ્યાં મરયમ બેઠાં હતાં. જાણે કે હઝરત મરયમના કદમોની બરકતથી તે જમીનનો ટુકડો એવો ટુકડો બની ગયો હતો કે ત્યાં જે દુઆ માંગો કબૂલ થઈ જતી હતી! નહીંતર હઝરત ઝકરિયાએ તે જ જગા દુઆ માટે કેમ પસંદ ફર્માવી? નિઃશંક! આખી જમીન અલ્લાહની જ છે, પણ એ જમીનના અમુક ભાગ ખેતીને અપાત્ર અને અમુક ખેતી માટે લાભદાયક હોય છે. કિસોરની જમીનમાં મેઠી ખૂશ્બૂદાર પેદા થાય છે. પસરૂરની ભૂમિ હાંડીઓ માટે પ્રખ્યાત છે. આપણો સિયાલકોટનો ઈલાકો ઈલ્મથી પ્રખ્યાત છે. મુલ્લા અબ્દુલ હકીમ સિયાલકોટી رحمة الله عليه ના ઉપરાંત અહીંયા મોટા મોટા આલિમો પૈદા થયા. નજ્દની જમીન ફિત્નાની જમીન છે. ઈંગ્લેન્ડની જમીન ધોકા ફરેબ તથા બનાવટ પૈદા કરે છે. મદીના મુનવ્વરાની જમીન રશ્કે જન્નત (જન્નત પણ ઈચ્છુક છે કે કાશ! મુજમાં મદીના હોત) અને ફરિશ્તાઓએ ઘેરલે છે. સારાંશ કે જ્યાં કોઈ અલ્લાહના નેક બંદાના કદમ પડી જાય તે જમીનનો ટુકડો બરકતવંત થઈ જાય છે. હઝરત ઝકરિયા عليه السلام એ એટલે જ તે જગાએ દુઆ માંગી જ્યાં મરયમ બેઠાં હતાં. એ જ રીતે આપણે જે દાતા સાહબના મઝાર પર કે અજમેર શરીફની હાજરી દઈને ત્યાં દુઆ માંગીએ છીએ તે એટલા માટે જ કે આ જમીનના ટુકડાઓ અલ્લાહવાળાઓના કદમોની બરકતથી મુકદ્દસ થઈ ચૂક્યા છે જ્યાં અલ્લાહથી જે પણ દુઆ માંગવામાં આવશે અલ્લાહ કબૂલ ફર્માવશે, અને મદીના મુનવ્વરાની હાજરી નસીબ થઈ જાય તો પછી કહેવું જ શું! આ જમીન તો છે જ જન્નત અને ફરિશ્તાઓએ ઘેરેલ, ત્યાં જે માંગો પામો :–

मंगते का हाथ उठते ही दाता की देनथी
दूरी कबूलो अर्ज़ मे बस हाथ भरकी है


**શું તમે ઈમાન બચાવવા તથા મજબૂત કરવા ચાહો છો ?! તો આ કિતાબ મંગાવો !**

**કિતાબ** : તમ્હીદે ઈમાન બ આયતે કુર્આન
**લેખક** : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليه (પેજીસ : ૭૨)
**અનુવાદક** : મૌલાના હસન આદમ કોલવનવી

★ **પ્રકાશક** ★

**સુન્ની દા'વતે ઈસ્લામી દયાદરા શાખા**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

**નોંધ : ફક્ત પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો**

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ "બરકાતે ખ્વાજા" રોશની વિખેરી રહ્યું છે ! ★

માનનીય તંત્રી સાહબ બરકાતે ખ્વાજા, સલામ મસ્નૂન

સુન્નિયતના અજોડ ગુજરાતી માસિક **બરકાતે ખ્વાજા**નો જૂન–૨૦૦૫નો અંક નજરો સમક્ષ છે. ટાઈટલ પેજ ખરેખર દિલની મુરઝાયેલ કળીઓ ખિલાવી રહ્યું છે. માસિકના સર્વ લેખો મોતીઓની હારમાળા જેમ છે જેમાંનું દરેક મોતી પોતાના ફરતે રોશની વિખેરી રહ્યું છે. ખાસ કરીને આપનો તંત્રી લેખ "સચ્ચાઈની સચ્ચાઈ" સાચે જ સીધા સાદા મુસલમાનો માટે એક ભવ્ય જાણકારી પૂરી પાડે છે. જે ફિર્કાની બુનિયાદ જૂઠ પર રાખવામાં આવી હોય તેમાં વળી સચ્ચાઈ ક્યાંથી આવી ?! અલ્લાહ તઆલા સૌને સાચી સમજ આપે. આ ઉપરાંત બધા જ લેખો ઘણા સારા છે. "સઊદી રાજાઓની રંગરેલીઓ"વાળો લેખ પણ ખૂબ જ મહત્વનો છે.

**બરકાતે ખ્વાજા** માસિક દ્વારા ચાલતી **લેખ હરીફાઈ**નું પરિણામ વાંચ્યું છું તેમાં સામેલ થયેલા બધા જ તાલિબ ઈલ્મોને મારી ખૂબ મુબારકબાદ ! ઘણી ખુશીની વાત છે કે હવે કંઈક લખવા તરફ આપણા દારુલ ઉલૂમોના તલબાનું ધ્યાન કેન્દ્રિત થયું છે કે જે અતિ જરૂરી છે. કારણ કે અત્યારે તકરીરો કરતાં લખાણો તરફ લોકો વધારે આકર્ષાઈ રહ્યા છે, તો બધા જ બાતિલ ફિર્કાઓ ખાસ કરી જમાઅતે ઈસ્લામી તથા કાદયાની આ મેદાનમાં ખૂબ આગળ વધી રહ્યા છે માટે આપણી જિમ્મેદારી છે કે જે ઈલ્મ આપણે મેળવી રહ્યા છીએ તેના વડે આપણી માતૃભાષામાં લોકોની લખાણ વડે ઈસ્લાહ કરીએ. સૈયદ મુહમ્મદ અખ્તર એ. દહિઅપવાળા સાહબને ખૂબ મુબારકબાદ ! આપનું લખાણ ઘણુ જ સજેલું હોય છે, મૌલા તઆલા વધુ મજબૂતી આપે. ઉપરાંત બધા જ તાલિબે ઈલ્મ દોસ્તોને તથા કલમકારોને વિનંતિ અને અપીલ કરીશ કે **બરકાતે ખ્વાજા**ને પોતાના મૂલ્યવાન લખાણથી નવાઝતા રહેશો, દરેક પ્રકારની સહાય કરી મજબૂત બનાવશો. ટૂંકમાં એ કે **બરકાતે ખ્વાજા** માસિકનો અહીં મુબારકપુર ખાતે ઘણી જ બેસબ્રીથી ઈન્તેજાર રહે છે તો વેળાસર મોકલતા રહેશો. મૌલા તઆલા ખૂબ જ તરક્કી આપે. (આમીન)

***–લિ. મુહમ્મદ શાકિર પટેલ*** (મુઅતલ્લિમ જામિઆ અશરફિયા–મુબારકપુર)

## ★ કામ્યાબ સુન્ની ઈજતેમા ★

(હાડગુડ, જિ. આણંદ) : ખાતે તા. ૧૬–જૂન–૨૦૦૫ને જુમેરાતના રોજ ઈશાની નમાઝ બાદ "ગુલશને બગદાદ ચોક"માં ઘણી ઘી હાડગુડ ગામ વકફ ચેરીટેબલ ટ્રસ્ટ અને હમદર્દ મુસ્લિમ કમિટીના સહકારથી હાડગુડ ગામની સુન્ની મુસ્લિમ યુવક કમિટી દ્વારા ખલીફા શૈખુલ ઈસ્લામ પીરે તરીકત અલ્હાજ સૈયદ અબ્દુલ કાદરબાપુ (નાપાવાલા)ની સરપરસ્તીમાં સુન્ની ઈજતેમા યોજવામાં આવ્યો હતો. જેમાં નઅતે પાક **સુન્ની દા'વતે ઈસ્લામી**ના મશ્હૂર મુબલ્લિગો જનાબ અલ્હાજ હાફિઝ અબ્દુર્રહીમ–ભરૂચ તથા સુલ્તાનભાઈ–બરોડા, તેમજ જનાબ સૈયદ મુહમ્મદ શાકિર (મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ)એ ઉપસ્થિત રહી નઅતે રસૂલે પાકના તરાનાંઓ પેશ કરી મજમાને ઈશ્કે નબીની મસ્તીમાં મસ્ત કરી દીધો હતો. ખૂબ મોટી સંખ્યામાં હાડગુડ ગામના તેમજ આણંદ જિલ્લાના શમ્એ રિસાલતના પરવાનાઓ સૈલાબની જેમ ઉમટી પડયા હતા. ગુલશને બગદાદ ચોક આશિકાને રસૂલથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. માં બહેનો પણ મજમામાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. મજમામાં ઉપસ્થિત યુવાનો નારાઓની સાથે મજમાને ગરમી બક્ષતા હતા. જનાબ આલે રસૂલ ખલીફએ તાજુશ્શરીઅહ, હઝરત મૌલાના અલ્હાજ સૈયદ સલીમબાપુ (બેડીવાલા)એ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. આ સુન્ની ઈજતેમામાં સાદાતે કિરામ,

ઉલ્માએ એઝામ, હુફ્ફાઝ તથા સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોએ હાજરી આપી સુન્ની ઈજતેમાને ચાર ચાંદ લગાવી દીધા હતા.

*–સૈયદ અમજદ અલી એન (હાડગુડ)*

## ★ શાદી મુબારક ★

વડોદરાની ખાનકાહે એહલે સુન્નતના ગાદીપતિ સૈયદ હાજી પીર મોઈનુદ્દીનબાબાના સાહબઝાદા કારી, આલિમ સૈયદ અમીરુદ્દીનબાબાની નિકાહ ખ્વાની રાજકોટ ખાતે કરીમ મસ્જિદમાં રાખવામાં આવી હતી. આલે રસૂલ હઝરત નઝમીમિયાં મારહરવી સાહબે નિકાહ પઢાવ્યા હતા. જેમાં અસંખ્ય આલિમો, શાયરો, પીરઝાદાઓએ હાજરી આપી હતી.

તા. ૮–૬–૦૫ હાલોલ, જિ. પંચમહાલમાં જશ્ને મસર્રતે સૈયદ મનાવવામાં આવ્યો હતો. હાલોલમાં બપોરે ૩ વાગ્યે બસ સ્ટેન્ડ પાસેથી જુલૂસ કાઢવામાં આવ્યું હતું. જુલૂસની કયાદત ગુલે ગુલઝારે ગૌષિયત શમ્એ શબીસ્તાને ચિશ્તિયા હઝરત સૈયદ ફુરકાનીમિયાં (હાફેઝીપીયા)એ કરી હતી. જુલૂસ શહેરના શાહી રસ્તાઓથી ફર્યું હતું. પછી કુત્બે પંચમહાલ હઝરત બાદશાહ બાવાના મઝાર પર પહોંચ્યું હતું. પછી શાદીનું ખાણુ ખવડાવવામાં આવ્યું હતું.

*–હાજી ઈસ્માઈલ હાજી મૂસા–હાલોલ*

## ★ હઝરત સૈયદા રાસ્તી અમ્મા સાહેબાનો ઉર્સ શરીફ ★

સૈયદ હસનઅલી મુહમ્મદમિયાં હુસૈની સાહબ (ખાદિમ દરગાહ શરીફ) જણાવે છે, અહીંયા શહનશાહે ગુજરાત હુઝૂર સૈયદ અલી મીરાદાતાર સરકાર رضی اللہ عنہ નાં વાલેદા મોહતરમા હઝરત સૈયદા રાસ્તી અમ્મા સાહબા رضی اللہ عنہا નો ઉર્સ શરીફ રજબ ચાંદ ૧૬ અને અંગ્રેજી તા. ૨૧–૮–૦૫ના રોજ મનાવવામાં આવશે, તે દિવસે બપોરે મોટી ન્યાઝ થશે, સાંજે ૭.૦૦ કલાકે દરગાહ શરીફમાં જુલૂસની સાથે સંદલ લાવવામાં આવશે, ૮.૦૦ કલાકે લોબાન થશે, ઈશાની નમાઝ બાદ મીલાદ શરીફ, કુર્આન ખ્વાની તથા વાએઝના પ્રોગામ થશે, સવારે ૪.૦૦ કલાકે મઝાર શરીફનું ગુલાબજલ તથા અત્તરથી ગુસલ આપી સંદલ, ફૂલ, ચાદર ગિલાફ પેશ કરવામાં આવશે તથા સર્વ ઝાઈરીનો માટે દુઆએ ખૈર કરવામાં આવશે. માટે સર્વ અકીદતમંદોને ઉર્સ શરીફમાં શિર્કત માટેની દા'વત છે.

## ★ જશ્ને ઉર્સ શરીફ ★

જૂનાગઢ ખાતે હઝરત મૌલાના ગુલઝારબાપુ નૂરી રઝવી (સજ્જાદા ખાનકાહે : રઝવિય્યહ્ નૂરીયહ્)ની સદારતમાં હઝરત હાજી પીર બાવા رحمۃ اللہ علیہ નો ઉર્સ તા. ૧૧–૭–૦૫ ના રોજ મનાવાયો જેમાં હઝરત મૌલાના ઉબેદુલ્લાહ હૈદરી નક્શબંદી સાહબે ઈશા બાદ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

## ★ દારુલ ઉલૂમ અન્વારે ખ્વાજા–બેડી ખાતે સમૂહ શાદી વ જશ્ને દસ્તારબંદી ★

બેડી (જામનગર) : ખાતે પીરે તરીકત, આલિમે શરીઅત, શેરે સૌરાષ્ટ્ર હઝરત અલ્લામા મૌલાના સૈયદ સલીમબાપુ સાહબની સરપરસ્તીમાં "દારુલ ઉલૂમ અન્વારે ખ્વાજા"માં તા. ૩૦–૬–૦૫ના રોજ ૨–હાફિઝ તથા ૭–કારી થનારા તલબાની દસ્તારબંદી મોરબીવાળા હઝરત સૈયદ મદનીમિયાં કાદરી, તેમજ મૌલાના આરિફુલ્લાહ સાહબ (જામનગર), મૌલાના મોહસિન રઝા (ધ્રોલ) તથા અન્ય ઉલમાએ કિરામની હાજરીમાં આપવામાં આવી તેમજ ૨૫ દુલ્હા દુલ્હનના સમૂહ નિકાહ પણ પઢાવવામાં આવ્યા હતા.

## ★ મસ્જિદે ચિશ્તિયાની ઈફતેતાહ ★

**ભરૂચ** : વસીલા સોસાયટી ખાતે મસ્જિદે ચિશ્તિયાનું કામ પૂર્ણ થતાં હઝરત સૈયદ મુશ્તાક અલીબાવા કલ્લાવાળાના મુબારક હસ્તે તા. ૧૫–૭–૦૫ જુમ્આની નમાઝથી ઈફતેતાહ કરવામાં આવી. જેમાં સૂરતના મશહૂર મુકર્રિર વ આલિમે દીન મૌલાના ખૈરુલ હસન સાહબે ફઝાઈલે મસ્જિદમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. સર્વ મહેમાનો માટે ન્યાઝનો બંદોબસ્ત પણ હતો.

## વિ□વિખ્યાત અરબી યુનિવર્સિટી

### ★ જામિઆ અશરફિયા મુબારકપુરમાં જશ્ને દસ્તારબંદી ★

હિંદુસ્તાનના સુન્નીયો જેના પર નાઝાં છે તે હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ની નિખાલસ કોશિશોનું ફળ એટલે "જામિઆ અશરફિયા મુબારકપુર" (યુ.પી.) ખાતે હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ નો ઉર્સ શરીઅતના મુતાબિક ઘણી જ શાનો શૌકત સાથે ૩૦–જમા. અવ્વલ તથા ૧–જમા. આખર (તા. ૮ તથા ૯ જુલાઈ–૨૦૦૫)ના મનાવાયો. તા. ૯–૭–૦૫ના રોજ ઈશા બાદ જામિઆની અતિ વિશાળ મસ્જિદની અંદર અહલે સુન્નતના ટોચના ઉલમાના મુબારક હાથો વડે ૧૮૪–ફાઝિલ ઉમૂમી, ૩૮–ફઝીલતે ખુસૂસી, ૫૦–હાફિઝ, ૫–તેહકીક (મુફતી), ૮૬–કારી (હફસ ખુસૂસી તથા ઉમૂમી) **કુલ ૩૬૩ તલબાને દસ્તાર પહેરાવવામાં આવી.** ઈશાબાદ રાતના ચાર વાગ્યા સુધી ચાલેલા જશ્નમાં મૌલાના ઓબેદુલ્લાહખાં આઝમી, મૌલાના ઈદરીસ બસ્તાવી સાહબ તથા ઘણા ઉલમાના બયાનો થયાં હતાં. સરબરાહે આ'લા હઝરત અઝીઝે મિલ્લત, હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ (સદર), હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી), હઝરત મૌલાના મુફતી નસીમ સાહબ, મુફતી બદરે આલમ સાહબ, મૌલાના શમ્સુલ હુદા, મૌલાના અબ્દુલહક્ક સાહબ વગેરે સર્વ ઉસ્તાદો તેમજ બહારથી પુષ્કળ આલિમોએ હાજરી આપી હતી. નિઝામત હઝરત મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી (અડિટર : અશરફિયા મંથલી)એ શાનદાર રીતે નિભાવી હતી. વિશાળ મસ્જિદ ખીચોખીચ ભરાઈ ગઈ હતી અને નારાઓની ગુંજ વચ્ચે ફારિગ થનારનું સ્વાગત થતું હતું. જ્યાં ગુજરાતના પાંચ તલબા આલિમ ફાઝિલ થયા :–

(૧) મૌલાના સૈયદ ઉષ્માન અલી (ડાભા) (૨) મૌલાના સૈયદ એહસાન અલી (ખંભાત) (૩) મુહમ્મદ જુનૈદ (નડિયાદ) (૪) મૌલાના મુહમ્મદ શાકિર (દયાદરા) (૫) મૌલાના ઝૈનુલ આબિદીન (વાંકાનેર) અને એક હાફિઝ જનાબ મૌલાના હાફિઝ ઈમ્ત્યાઝ દહેગામી.

સૌને ખૂબખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેમને તેના પ્યારા હબીબ ﷺ ના સદકા દીનની ખિદમતની તૌફીક આપે, અને સુન્નિતયની પુષ્કળ ખિદમત કરે, સુન્નિયતના જાંબાઝ સિપાહી બનાવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ મોબાઈલ નંબર બદલાયો છે ! ★

"બરકાતે ખ્વાજા" (માસિક)ના તંત્રી પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવીનો મોબાઈલ નંબર બદલાયો છે જે નીચે મુજબ છે, જેની દરેકે નોંધ લેવા વિનંતિ.

**જૂનો નંબર : ૯૮૨૪૪૮૬૪૪૩** ✗

**નવો નંબર : ૯૪૨૭૪૬૪૪૧૧** ✓

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**મુંબઈ** : ખાતે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી સાહબના સસરાબાજી અલ્હાજ મુહમ્મદ ઈસ્માઈલનો ઈન્તેકાલ તા.૧૬–૬–૦૫ના રોજ થયો. મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે તથા કુટુંબીજનો સગાંઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન) આ દુઃખદ સમાચાર મળતાં **મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરી ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સેગવા** : મર્હૂમ હાજી અ.ગફૂર તલાટી હરારેવાળા ઈખરવીનાં અહલિયા હજીયાણી હુરીબેનનો ઈન્તેકાલ તા. ૧૨–૭–૦૫ના રોજ હરારે જતાં મુંબઈ એરપોર્ટ પર સાંજે સાત વાગે થયો અને તા. ૧૩–૭–૦૫ના રોજ ઝહોર બાદ સેગવા ખાતે તેમની નમાઝે જનાઝા હઝરત સૈયદ કમરૂદ્દીન બાવા કારંટવી સાહબે પઢાવી. મર્હૂમ પાકા સુન્ની તથા ગૌષપાકનાં આશિક હતાં. (મૌલા કરીમ તેના હબીબ ﷺ ના સદકામાં મગફેરત ફર્માવે. આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

-કાર્યાલય

## વિષય : ઈસ્લામમાં ઈખ્લાસનું મહત્વ અને આપણા બુઝુર્ગો

### લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો

**દા.ઉ. અન્વારે ગૌષિયા-બાંદરા (મુંબઈ)**

- મુહમ્મદ ઈરફાન યૂસુફ હલદરવી
- મુહમ્મદ ઈમરાન દાઊદ પટેલ-ઝંઘાર
- મુહમ્મદ તૌસિફ રઝા હસન હલદરવી-દયાદરા

**જામિઆ અશરફિયા મુબારકપુર-યુ.પી.**

- તન્વીર અહમદ રઝવી-પેટલાદ
- મુહમ્મદ ઈમરાન રઝા-દયાદરા
- મુહમ્મદ શાકિર શબ્બીર પટેલ-દયાદરા

**દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી-દયાદરા**

- હાફેઝ સુહેલ અબ્દુલ્લાહ મોટલી-દયાદરા
- સૈયદ મુહમ્મદ તૌફીક-અરગામા

**દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ-બાલાસીનોર**

- મલેક સઈદ અશરફ ભાલેજવાળા
- સૈયદ મુહમ્મદ અખ્તર દહીઅપવાળા-કપડવંજ

**દારુલ ઉલૂમ મિસ્કિનિયા-ધોરાજી**

- મુહમ્મદ મુનવ્વર રઝા-ધોરાજી

### ★★★★ સૂચના ★★★★

**લેખ લખનારા તલબા ધ્યાન રાખે કે....**

★ પઢાઈ સિવાય સમય કાઢીને વિવિધ ગુજરાતી-ઉર્દૂ રિસાલા તથા વર્તમાન પત્રોનો અભ્યાસ રોજની આદત બનાવે જેથી દિમાગ વિશાળ થશે. જાણકારી વધશે, લખવાનો ઢંગ મળશે વગેરે.

★ કુર્આનની આયતો લખે કે ન લખે પણ તર્જુમાની પાછળ સૂરતનું નામ તથા આયત નંબર જરૂર લખે.

★ હદીષ ટાંકયા બાદ કે શરૂમાં કિતાબનો હવાલો અને બહવાલા કઈ કિતાબમાંથી લખ્યું તે દર્શાવે.

★ વાક્યા બયાન કરે તેમાં પણ પેજ નં. સાથે જે તે કિતાબનો હવાલો લખે.

★ જ્યાં વાત બદલાય ત્યાં **પેરેગ્રાફ** પાડે.

★ ડાબી બાજુ હાશિયાની જગા છોડીને લખાણ લખો.

★ લખાણ સુવ્યવસ્થિત લાગે તેમ સ્પષ્ટ શકય તેટલા સુઅક્ષરોમાં લખે.

★ જોડણી માટે બુક સ્ટોલ પરથી ગુજરાતી ડિક્ષનરીઓ મેળવી લે જેથી સરળતા રહે.

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ પાંચ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | | |
|---|---|---|---|
| નંબર ૧ : | મુહમ્મદ મુનવ્વર રઝા (ધોરાજી) | રૂા. ૩૦૦/- | (પ્રથમ ઈનામ) |
| નંબર ૨ : | સૈયદ મુહમ્મદ અખ્તર દહીંઅપવાળા | રૂા. ૨૦૦/- | (બીજુ ઈનામ) |
| નંબર ૩ : | મુહમ્મદ ઈમરાન દાઊદ પટેલ ઝંઘારવી | રૂા. ૧૦૦/- | (ત્રીજુ ઈનામ) |
| નંબર ૪ : | મુહમ્મદ ઈમરાન રઝા દયાદરવી | રૂા. ૦૫૦/- | (ચોથુ ઈનામ) |
| નંબર ૫ : | સૈયદ મુહમ્મદ તૌફીક અરગામાવાવાળા | રૂા. ૦૫૦/- | (પાંચમુ ઈનામ) |

### ✪ હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?! ✪

**મુસ્લિમો પર પશ્ચિમી ગુનાહિત હવાની ખરાબ અસરો અને તેનો ઈલાજ**

તા. **૧૨-૯-૨૦૦૫** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

**✪ નોંધ ✪**

લેખ હરીફાઈમાં ભાગ લેનાર દરેકને એક કિતાબ તથા બરકાતે ખ્વાજા અંક ઓગષ્ટ-૦૫ નો ભેટમાં આપવામાં આવશે.